
કુમાર

અંક ૨૭

ઉગતી પ્રજાનું માસિક



તંત્રી રવિશંકર રાવળ

વર્ષ ૩ : અંક ૩ ફાગણ : ૧૯૮૨





સાન્ધ્ય છાયા	ચિત્રકાર : કનુ દેસાઇ	મુખચિત્ર
ફુલજીવન (ભાવના)	દેશળજી પરમાર	૮૯
મિજલસ		૯૦
વિરાટ પ્રાણ (કાવ્ય)	દેશળજી પરમાર	૯૨
હુએનસંગ	'ધૂમકેતુ'	૯૩
નરો વાનરો વા !		૧૦૦
બાદશાહ સૉલોમનનો ન્યાય (ચિત્રકાર ગસ્તવ દોરે)		૧૦૨
દેલમાળની દીપમાળ (ફોટો)		૧૦૩
તારે બારણે	'મોહિનીચંદ્ર'	૧૦૪
જીવનપરાગ	નવલરામ ત્રિવેદી	૧૦૪
કોનો દોષ ?	'મોહિનીચંદ્ર'	૧૦૫
શેરીનાં સ્મરણો	ગિજુભાઇ	૧૦૬
અથાણું		૧૧૨
ગુજરાતના વીરતીર્થ	હરિનારાયણ આચાર્ય	૧૧૩
જંગલમાં સગવડો (સ્કાઉટિંગ)	ગજાનન ભટ્ટ	૧૧૫
બગાળનાં ગામડાંમાં	કનુ દેસાઇ	૧૧૭
દુધમાંથી બનતી ચીજો	મોહનલાલ મા. ઝવેરી	૧૨૧
બાળ વિભાગ		૧૨૪
રોજ સવારના પહોરમાં		૧૨૫
ત્રણ નવી ઇનામી હરીફાઇઓ		૧૨૬
સ્વીકાર અને પરિચય		૧૨૭
લીલોમેવો		૧૨૭
માધુકરી		૧૨૮


જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને તે વિષે જાણ કરવી. તે મુદત પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.

લવાજમ વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિલિંગ મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં: પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન એન્ડસન્સ પાયધુની.


ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો.

લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ચિત્રકાર : કનુ દેસાઇ　　સાન્ધ્ય છાયા　　જુઓ અંદર એમનો લેખ





ફુલજીવન

' જીવન મુજ કો ફૂલનું હજો. '

અંતરમાં કોરેલ એ મંત્ર આચરવા જેટલો ઉત્સુક ને યત્નશીલ હું ક્યારે રહીશ ? અને જાતને ભોગે જગતને સુવાસ દેવા જેટલો નિર્મળ હેતુ હું કેવી રીતે કરીશ ?

ફુલજીવન એટલે ફુલનું જીવન : અને મારે એ જીવવું છે. ફુલની પેર હું યે શુભ્રરંગી, સુંદર, કોમળ, નમ્ર ને નિષ્પાપ હોઉં; ક્ષણજીવી હોઉં ભલે, પરંતુ કુદરતી અને ભવ્ય રહું.

પળેપળ પવનની લહર મારા ઉડતા વાળ સમારે; પ્રકાશનું કિરણ મારાં પોપચાંને પ્રફુલ્લ કરે; અંધારની પાંખનો ઓળો નયનતેજને ઝંખાવે; વનવનનો પડછંદ લાગણીના તાર ઝંકારે: પ્રહરેપ્રહર બદલતાં સૃષ્ટિનાં દૃશ્યો ચિત્તખાપમાં પ્રતિબિંબિત બને; સંસારના તુચ્છ લાગતા પ્રસંગો અંગોઅગ ઉલ્લાસ વધારે.

ઠંડીની ગુલાબી ચમક અને તાપની તામ્રવર્ણી ભભક વડે, રાત્રિઓનાં જાગરણ અને દિવસનાં સ્વપ્ન વડે, શાન્તમધુર ભાન અને ભાવવાહી મૂક વાચા વડે મારો વસંતપ્રાણ સદા ડોલાયમાન વહે.

અને પછી . . એ ફુલજીવન તારી પૂજામાં ચડાવું, પ્રભો !

પણ આજ તો આતુર હૃદયનો હું એટલું ભાખું :

' ફુલજીવનના પ્રાણ
અમારા ફુલજીવનના પ્રાણ:
એ જ પ્રણયનિર્વાણ
અમારા ફુલજીવનના પ્રાણ. '

દેશળજી પરમાર




શું થશે અને શું નહિ થાય એના ફફડાટમાં જ આપણા દેશનાં ઘણાં માણસો અવતાર ગાળે છે. ચિંતા કર્યે જ જાણે બધી બાજી સુધરી જવાની હોય એમ માની બધો વખત ઘુવડ જેવાં ડાચાં કરી બેસી રહે છે. આવાં માણસો ભેગાં મળી સભાઓ કે પરિષદો કરે તેનાં પરિણામ શું આવે ? સભાઓ અને પરિષદો એકએક માણસની બનેલી હોય છે, એટલે તેમાંથી એકાદ માણસને પણ નવો માર્ગ ન સુઝે તો આખો યે સંઘ ત્યાંનો ત્યાં રહેવાનો.

✻

આવી સભાઓ અને પરિષદોમાં જે કંઈ કરવા જેવું લાગે તે દરેક માણસે પોતે જ આચરવું અને પોતાને એ માર્ગ યોગ્ય લાગ્યો હોય તો સૌની આગળ મુકવો. પણ તેમ કરવાને બદલે સભામાં 'કંઇક' થશે એમ માની હજારો વૃદ્ધો ને જુવાનો સભાને શરણે જાય છે. પેલું 'કંઇક' શું એ કોઇ જાણતું નથી, કોઇપણ માણસ એ 'કંઈક' દેખાડતો નથી, ને પરિષદ 'કંઇક' કર્યા વિના ખલાસ થાય છે!

✻

આટલી હકીકત પછી ઉગતી પ્રજા સામું જોઇએ. ઉગતી પ્રજાને અત્યારે વૃદ્ધોમાં શ્રદ્ધા નથી, કારણકે વૃદ્ધો ભૂતકાળ તરફ જ ખેંચ્યા કરે છે. ઉગતી પ્રજાને તેમનાં ધર્મબંધારણમાં ચેન નથી કારણકે તેમાં મોટે ભાગે વિધિ





અને ઉપચારના આડંબર જ રહી ગએલા લાગે છે. વ્યવહારમાં ધર્મ અને ચારિત્ર્ય અભરાઇ પર રાખી ધાર્મિકમાં ખપતાં અનેક માણસો નવી પ્રજાને ઉપદેશ આપે તેની અસર કેમ થાય ? 'મોટા કહે તેમ કરવું; મોટા કરે તેમ ન કરવું' એ કહેવત હાલતાંચાલતાં આગળ મુકયા કરે તે નવી પ્રજાને રૂચતી નથી.

✻

અત્યારે માનસશાસ્ત્રના અભ્યાસીઓ ખાતરીથી કહી શકે છે કે માણસના ગુપ્તમાં ગુપ્ત વર્તનની અસર પ્રજામાં ફુટી નીકળે છે. માબાપો ખાનગી રીતે વ્યસનો કે દુરાચાર સેવતાં હોય અને પ્રજાને સંધ્યા, પાઠપૂજા, જપતપ ને ભક્તિનો બોધ કરી રહ્યાં હોય એવા હજારો દાખલા છે; અને એને પરિણામે તેમની પ્રજા દંભી અને આડંબરી થઇ ગઇ છે. કૉલેજો કે પાઠશાળાના વિદ્યાર્થીઓ બધાને જ ખાવાના શૉખ ગમે છે, છુટ તો સહજ લેવાય છે; પણ એ બધું નથી બનતું એમ બતાવવાનો દંભી પ્રયત્ન પણ પાછો સાથોસાથ બધે જ ચાલુ છે.

✻

માબાપો જાણે છે કે છોકરો ગ્રૅજ્યુએટ નહિ થાય તો સારી નોકરી નહિ મળે. એટલે તેને મુંબાઈ જવાની, નવી કેળવણી પામેલાં માણસોમાં ફરવાહરવાની, કૉલેજના હોસ્ટેલમાં રહેવાની મનાઇ કરી શકતાં નથી. ત્યાં જીવન કયા પ્રકારે ઘડાય છે એ સૌ જાણે છે, છતાં સૌનાં એ તરફ આંખમીચાંમણાં છે. નવી કેળવણી, નવા સંસ્કાર અને નવી દૃષ્ટિ એ બધાં એક સાથે જ રહે છે.

ગમે તેવો સંસ્કૃત જ્ઞાતા, પ્રાચીન રૂઢીઓનો ઉપાસક હાલના વિજ્ઞાન અને વિવિધ વિચારશ્રેણીઓનો અભ્યાસ કરે તો તે પણ ચાલુ ધર્મસંસ્થાઓ અને વ્યવહારો સામે ગ્લાનિ બતાવ્યા વિના ન જ રહે, અને જરૂર તે વિશાળ દૃષ્ટિબિંદુ અને ઉદાર વ્યવહારના સિદ્ધાંતો કબુલ રાખે. એવું વલણ સ્વાભાવિક રીતે જ આવે છે. નથી તેમાં જુનાંનો તિરસ્કાર કે નથી તેમાં સ્વજનનો દ્રોહ.

✻

જગતનો ઇતિહાસ આજ ભુસ્તરશાસ્ત્રીઓ શોધી રહ્યા છે. તેઓ પ્રમાણ સહિત સાબીત કરી આપે છે કે માણસ, જો યુગ અને વાતાવરણથી વિરૂદ્ધ જીવન ગાળવા જાય તો મૃત્યુ જ પામે છે. દરેક યુગ અને તેના વાતાવરણ પ્રમાણે માણસે જીવન અને વ્યવહારમાં ફેરફાર કર્યાં જ કર્યાં છે એ આખી યે વાત લાખો વર્ષ પહેલાં શરૂ થએલી અને હજુ ચાલુ છે. ઝાડપર ફરતા વનચર જેવી સ્થિતિમાંથી માણસ અત્યારે કઇ દશાએ પહોંચ્યો છે એ જેઓ સમજી કે જોઇ શકે છે તેમને મન ફેરફાર એ જગતનો સ્વાભાવિક ક્રમ છે.



પ્રાચીન આર્યો—ઋગદેવના આર્યોનું સ્વરૂપ, પુરાણનાં અનેક વૃત્તાંતોમાં દેખાતી દુનિયા, લોકકથામાં નજરે પડતા વિવિધ દેખાવો એ બધા ઉપર કલ્પનાથી ઉડી જુઓ કે સંસાર શું એમનો એમ છે? વ્યક્તિનાં બળો સમાજ અને સંસારને હલાવતાં જ રહ્યાં છે. જે સમાજમાં એવા વિક્ષોભ અને પરિવર્તનો નથી દેખાતાં તે સમાજ લીલ બાઝેલાં કુંડનાં પાણી જેવો જ ગણાય; ભલે પછી તે પુરાતની પવિત્રતા ભોગવતો હોય! નદીના ચાલુ પ્રવાહની જેમ સંસારમાં નિતનિત નવીન જળ રેલતું ન રહે તો એ પાણી ગંધાતાં બની જાય એમાં શી નવાઇ?

:: : :: પ્રારબ્ધ અને પુરુષાર્થ :: : ::

એ બંને શબ્દો એક જ અક્ષરથી શરૂ થતા હોવા છતાં બંનેનાં પરિણામ જુદાંજુદાં આવે છે.

'કંઈક' બની આવશે એવી આશામાં પ્રારબ્ધ રાહ જોયા કરે છે, જ્યારે પુરુષાર્થ વેધક દૃષ્ટિ અને પ્રબળ સંકલ્પ વડે બહાદુરીથી 'કંઇક પણ' ઉત્પન્ન કરે છે. પ્રારબ્ધ પથારીમાં પડ્યુંપડ્યું કોક વારસો આવી પડવાની રાહ જુએ છે; પુરુષાર્થ મોટે મળસ્કે ઉઠી કામ પર ચડે છે અને પરસેવાનાં ટીપાં વડે સામર્થ્ય અને આપકમાઇનો પાયો સીંચે છે. પ્રારબ્ધ કપાળે હાથ દઈ રોદણાં રડે છે, પુરુષાર્થ ઉલ્લાસથી કિલકાર કરે છે. પ્રારબ્ધનો આધાર તકદીર પર હોય છે, પુરુષાર્થનો તદબીર પર. પ્રારબ્ધ દારિદ્ર તરફ નીચે લપસતું જાય છે, જ્યારે પુરુષાર્થ ચારિત્ર્ય તરફ આગળ ધપે છે. —લૉરેન્સ ગેઇન

> **ખોટું કરો તો દિલ ખોલી કે'જો,**
> **હો ક્રોધમાં, સાવ અવાક રે'જો;**
> **જોરાવરો સૌ નબળાં સમાલો,**
> **વૃદ્ધો પ્રતિ નમ્ર હજો, જવાનો!**

પોષની પુનમ પહેલાં આ વરસના ગ્રાહક થઇ જનાર માટે ત્રણ ઇનામ ઠરાવી તેનાં ઇનામી કાર્ડ ગ્રાહકોના અંકો જોડે બીડેલાં, તેમાંથી નીચેના બે જણને ત્રણત્રણ રૂપિયાનાં ઇનામ મળ્યાં છે, તે તેમને મોકલાયાં છે: (૧) ગોકળદાસ રતનશી, મુંબાઇ; ગ્રા. નં. ૨૦. (૨) મુળશંકર હરજીભાઇ મહેતા જામનગર; ગ્રા. નં. ૨૩. છ રૂપિયાવાળું ઇનામી કાર્ડ હજી અમને પાછું મળ્યું નથી. જેને એ આવ્યું હોય તેણે તે અમને મોકલી ઇનામ મંગાવી લેવું.

'કુમાર'ના પરમપરિચિત અને તેજસ્વી આર્ષ-દૃષ્ટિવાળા બે જુવાન લેખકોના સંદેશ આ અંકમાં મળશે. એક શ્રી 'ધૂમકેતુ'નો આ મિજલસમાં, અને બીજો શ્રી દેશળજી પરમારનો આ અંકને પાન ૯૭મે.

આજનું ધ્યેય

જેનામાં હજી કલ્પનાનું બળ હોય, આશાનાં અમી ભર્યાં હોય અને ભરચક્ક નિષ્કલંક યૌવન તનમનાટ કરતું હોય, એવા ઉગતા જુવાનોને જો એક જ વાત સ્પષ્ટ સમજાઇ જાય કે ધ્યેય વિનાનું જીવન એ મૃત્યુ કરતાં પણ વધારે જડ અવસ્થા છે તો બસ. જ્યારે સ્વપ્નમાં ઘડવાની, આકાશ સામે મીટ માંડવાની, દુનિયા સાથે શરતમાં ઉતરવાની હોંશ હોય, ત્યારે જ સાથેસાથે એ સ્વપ્નાં સાચાં કરવાની તાલીમ મેળવી લેવી જોઇએ. પસંદ કરેલા એક ધ્યેયની પાછળ આખું જીવન હોમવાની જેનામાં ધીરજ અને તાકાત હશે તેને મોટામોટા રાજામહારાજાઓને પણ દુર્લભ એવો મનનો આનંદ મળશે. એ મુશ્કેલીઓ જોઇને હસશે, પરાજય દેખીને નાચશે, સર્વ વિનાશ જોઇને હરખનાં આંસુ પાડશે.

અને આજનો ગુજરાતી કયા ધ્યેય પર ઝુઝવાનો છે? આજ, જ્યારે એની સગી મા જેવી જમીન રોટલાનું બટકું આપવાની ના પાડે છે, જ્યારે એના પથ્થર પર કવિતા કરનારા મરી પરવાર્યા છે, જ્યારે એની માબહેનોની ઇજ્જત માટે ભાડાનાં હથિયાર ખખડે છે, જ્યારે એની ભાષા, કળા, સાહિત્ય, સાહસ, શૌર્ય બધું જ મરી ખુટ્યું છે ત્યારે એનું ધ્યેય બીજું શું હોઇ શકે?

હવે તો દરેક જુવાન ઘરની બહાર નીકળી પડે અને જીવનના ધ્યેય તરીકે એકેક કામ હાથમાં લઈ લે. નિદ્રા અને આરામ વૃદ્ધો માટે છે, રમત બાળકો માટે છે, ચિંતા વિનાનું જીવન બે-ગમ માટે છે; જુવાન માણસો માટે તો છે હિમાલય પર ધજા ફરકાવવાનું, ચીનની પેલી મેર સંસ્કૃતિ ફેલાવવાનું, ઇંગ્લંડ, ફ્રાન્સ, ઇટલી ને જર્મની—એ સૌના કાન પકડી પકડીને સીધા માર્ગ પર લાવવાનું અને દુનિયાભરમાં શાંતિના ખીલા ધરબવાનું. આવતી કાલનો પડકાર પડે તે પહેલાં આજનો જુવાન પોતાનાં શરીર, મન અને આત્મા કસી રાખે. એના રોમેરોમને વીંધી નાખે એટલી ગોળીઓ એને તાકી રહી છે; સ્મરણશક્તિને, કલ્પનાને, વિવેકને મારી નાખે એટલું વ્યર્થ પાંડિત્ય એની ચારે તરફ ખડકાઇ રહ્યું છે; અને ઝગઝગાટ કરતી રોશનીઓ વચ્ચે એના સંયમને ડગાવે એવો વિલાસ ફેલાઇ રહ્યો છે. આ બધાની વચ્ચે થઇને તેણે પોતાનો વાવટો હિમાદ્રિના શિખર પર રોપવો છે. એ નવયુગની રાહ સારી દુનિયા તરસી આંખે જોઈ રહી છે, અને એનું ખાતમુહૂર્ત આજના નવલોહીઆ જુવાનને હાથે છે.

'ધૂમકેતુ'

આવતો અંક: બીજા ચૈત્રની પુનમે બહાર પડશે. તેમાં ઍટલાન્ટાની શરત: એક અતીવ સુંદર સચિત્ર કથા; ઓયાગી: જાપાની લોકવાર્તા; શેરી બહાર: ગિજુભાઇની સ્મરણમાળાનો આગળ હપતો. જ્ઞાનયોગી દ્વિજેન્દ્રનાથનું જીવન; તંત્રી કેમ થવાય? સ્કાઉટિંગનો વધુ હપતો: અને બીજું ઘણું યે.



વિરાટ પ્રાણ

: માઢની ધુન :

જાગો જાગો પ્રાણ વિરાટ
અમારા જાગો પ્રાણ વિરાટ;
ઉઘડો અંતરવ્યોમ અફાટ
અમારા જાગો પ્રાણ વિરાટ.

કુમળા ઢગ માટીનામાંથી
ખીલજો માનવફુલ;
સહજસુંદર ને સાહસશુર
કૈં આત્માઓનાં ફુલ;
અમારા જાગો પ્રાણ વિરાટ.

અમ વદનોના વર્ચસ કેરો
પ્રગટો મધુર પરાગ;
અમ નયનોની વસંતઝડીઓ
વાધો જગસોહાગ;
અમારા જાગો પ્રાણ વિરાટ.

ઉર આતુરતા ગુંજે શાશ્વત
પ્રેમધુપાવલ મંત્ર;
સમગ્ર ચિત્તચૈતન્ય જગાવો
વિશ્વભારતી તંત્ર;
અમારા જાગો પ્રાણ વિરાટ.

ઉઘડો અંતરવ્યોમ અફાટ
અમારા જાગો પ્રાણ વિરાટ.

દેશળજી પરમાર

હ્યુએનસંગ

'હ્યુએનસંગ નામનો સાધુ ચીનની સરહદ ઓળંગી આગળ જવા માગે છે માટે તેને અટકાવવો.' આ જાતના હુકમો ચીનના બાદશાહ તરફથી ચીનની સરહદ પરના બધા અમલદારો તરફ છુટ્યા હતા, અને હ્યુએનસંગનો પત્તો મળે કે તરત તેને પેકીનમાં પાછો લઇ આવવાનું બાદશાહી ફરમાન હતું. પણ ધર્મવીરના ઉત્સાહને બાદશાહી ફરમાન શું રોકી શકે? ભગવાન બુદ્ધનાં પગલાંથી જે ભૂમિ પવિત્ર બની છે; એમનાં બોધ–કુસુમોની સુવાસથી જ્યાંની સંસ્કૃતિ મ્હેકી રહી છે અને એમનાં સ્મરણાવશેષ અને યશધૂપથી જ્યાંનાં મન્દિરો ને મહાલયો, આગારો અને વિહારો, જંગલો ને નગરો પૂનિત થયાં છે એ અદ્‌ભુત દેશનાં દર્શન કરી કૃતાર્થ થવાને, તથા ભગવાન બુદ્ધના ઉપદેશોનો ઉંડો અભ્યાસ કરી તેના બની શકે તેટલા ગ્રંથો તથા બૌદ્ધ ધર્મ સંબંધી માહીતીઓ મેળવી સ્વદેશના લોકોને તેનો લાભ આપવાની ધર્મવૃત્તિથી પ્રેરાઇને, ફાહિયાનની માફક જ, એ ગમે તે સંકટો વેઠવા કમર કસીને નીકળ્યો હતો.

હ્યુએનસંગ ચીન દેશમાં આવેલા ચિનલિયૂનો રહેવાસી હતો. તેનો પિતા ભારે વિદ્વાન ને સુશીલ માણસ હતો, તેમ જ તેનો પિતામહ પણ પ્રસિદ્ધ વિદ્વાન ને રાજ્યાધિકારી હતો. પોતાના ચાર ભાઇઓમાં હ્યુએનસંગ સૌથી નાનો હતો. નાનપણથી જ તે ચિંતનશીલ અને વિવેકી હતો. વિદ્યાભ્યાસ એ એની સૌથી માનીતી મોજ હતી. એ મોટો થતાં ચીનમાં એની કીર્તિ સુગંધી ફુલની સુવાસ જેમ પ્રસરી ગઇ ને તેને એક પૂજારી તરીકેની પ્રતિષ્ઠાભરી પદવી મળી. થોડા વખતમાં ચીનમાં જબરદસ્ત બળવો ફાટી નીકળ્યો ને ચારે તરફ અશાંતિ છવાઇ ગઇ. હ્યુએનસંગ આ વખતે પોતાના એક ભાઇ પાસે ચાલ્યો ગયો, કેમકે જે પ્રાંતમાં તેનો ભાઇ હતો ત્યાં તદ્દન શાંતિ હતી. ત્યાં જઇ હ્યુએનસંગ ધર્મશાસ્ત્રોનાં અધ્યયનમાં લીન થઇ ગયો.

આ ઉંડા અભ્યાસને અંતે તેનામાં સત્ય જાણવાની તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. પણ ચીનમાં જે કંઇ ધર્મગ્રંથો મળી આવ્યા તેથી તેની એ જિજ્ઞાસા તૃપ્ત ન થઇ. ગ્રંથોની અપૂર્ણતાને લીધે, ફાહિયાનની પેઠે તેને પણ, હિંદમાં જાતે જઇને અને જોઇને તથા ભગવાને જે ભાષામાં ઉપદેશ આપેલો તે શીખી લઇને તેમાં અધ્યયન કરવાની તથા ગ્રંથો ઉતારી લેવાની આતુરતા જાગી. તેને લાગ્યું કે જે પવિત્ર ભૂમિમાં ગૌતમ બુદ્ધ પોતે ફર્યાં છે તે ભૂમિમાં કાંઇ અજબ ચમક હોવી જોઇએ. અને પોતાની અગાઉ ફાહિયાન કેવાં-કેવાં કષ્ટ વેઠી એ ભૂમિમાં પહોંચીને સ્વદેશને માટે ધર્મસંદેશ લઇ આવ્યો હતો તે જાણીને પણ એને આ લાંબી મુસાફરીની લગની લાગી. ગમે તે જોખમે તે હિંદમાં આવવા તૈયાર થયો, અને બરાબર ઈ. સ. ૬૨૯માં, જ્યારે હિંદમાં સમ્રાટ્ હર્ષવર્ધન રાજ્ય કરતો હતો ત્યારે, પોતાની છવ્વીસ વર્ષની ભર યુવાવસ્થામાં હ્યુએનસંગ ચીનમાંથી ચાલી નીકળ્યો.

તે વખતે ચીનમાંથી પરદેશગમન કરવાની મનાઇ હતી, અને તેથી જ ઉપર કહ્યું તેમ હ્યુએનસંગને પકડવા માટે બાદશાહી ફરમાનો છુટ્યાં હતાં. પરંતુ તીવ્ર ધર્મવૃત્તિથી પ્રેરાએલા એ વીર સાધુએ, એ કશાની પરવા કર્યાં વિના છાને વેશે રાત્રિએ મુસાફરીઓ કરવા માંડી.

તેનો રસ્તો વિકટ જંગલોથી ભરપુર હતો. વચ્ચે વચ્ચે ઘણા ગાઉ સુધી નિર્જન વેરાન પ્રદેશ આવતા

હતા. આવા અજાણ્યા પ્રદેશમાં ભોમિયા વિના મુસાફરી થાય તેમ હતું નહિ, તેથી હુએનસંગે સાથે એક ભોમિયો લીધો હતો.

એક વખત એક જગ્યાએ જંગલમાં બંને સુતા હતા. એવામાં થોડીવાર થઇ, ત્યાં પેલો ભોમિયો બેઠો થયો ને હાથમાં છરી લઇ હુએનસંગની પથારી તરફ ચાલ્યો. હુએનસંગ જાગતો આડે પડખે પડ્યો હતો તે બેઠો થયો ને બોધિસત્ત્વની પ્રાર્થના કરવા બેસી ગયો. પેલો ભોમિયો પણ આ તાલ જોઇને પોતાની પથારીમાં જઇ પાછો સુઇ ગયો.

બીજે દિવસે રસ્તામાં ભોમિયાએ હુએનસંગને હવે પછીનો રસ્તો કેવો વિકટ છે તે સમજાવ્યું ને પાછા ફરવા વિનંતિ કરી. પોતે જે કામ માથે લીધું હતું તેમાંથી તે છટકી જવા માગતો હતો; પણ હુએનસંગે તો ગમે તેમ થાય તોપણ પાછા ફરવાની સાફ ના પાડી.

ભોમિયો થોડે સુધી તો સાથે ચાલ્યો, પણ પછી એકાએક અટકી પડ્યો. તેણે હુએનસંગને કહ્યું, 'આ તમારો શિષ્ય હવે એક ડગલું પણ આગળ ચાલવાનો નથી. મારે કુટુંબકબીલો ને બાળબચ્ચાં છે, અને હવે પછીનો રસ્તો તો અત્યંત ભયંકર છે.'

અંતે હુએનસંગે દયા ખાઈ તેને પાછા જવાની રજા આપી ને પોતે તેને મુસાફરી માટે વેચાતો લઇ આપેલો ઘોડો પણ તેને લઇ જવા દીધો. ભોમિયાએ પાછા ફરતાં કહ્યું, 'તમને હવે પછીના ભયંકર રસ્તામાં માણસ તો શું, પણ કાળો કાગડો સરખો યે નહિ મળે. વળી તમારી પાછળ બાદશાહી સીપાઇઓ હજી શોધ કરતા ફરે છે, માટે કૃપા કરીને આગળ જવાનો વિચાર માંડી વાળો.' પણ હુએનસંગે દૃઢ રહીને જવાબ વાળ્યો, 'કદાચ મારા રાઇરાઇ જેટલા ટુકડા થાય તોપણ હું પાછો ફરવાનો નથી તે નથી જ. આ જગ્યાએ જ હું પ્રતિજ્ઞા કરૂં છું કે આ કાર્યમાં મારો દેહ પડશે તોપણ હું હતાશ થવાનો નથી.'

તે પછી આ વીર સાધુ તદ્દન એકલો આગળ ચાલ્યો. એની સમક્ષ, દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી નિર્જન વેરાન પ્રદેશ પડ્યો હતો. માણસોનાં ને પશુઓનાં હાડપિંજર ને રખડતાં હાડકાં પરથી તે પોતાનો રસ્તો ખોળતો ખોળતો આગળ વધતો જતો હતો.

એક જગ્યાએ હુએનસંગ રસ્તામાં પાણી ભરી લેવા રોકાયો. જ્યાં પાણી ભરવા જાય છે, ત્યાં સરર કરતું એક તીર એની પાસેથી પસાર થઇ થોડે દૂર જઇ પડ્યું ! તે તીર તરફ દૃષ્ટિ ફેંકે છે ત્યાં તો બીજું આવ્યું; ને પછી ત્રીજું ! હુએનસંગે મોટેથી બુમ પાડી કહ્યું કે હું સાધુ છું ને રાજધાનીમાંથી આવું છું.' આ સાંભળીને સીપાઇઓ દોડી આવ્યા અને તેને પકડીને સરહદ પરના શહેનશાહી ચોકીદારોના મુખ્ય અમલદાર પાસે લઇ ગયા. પાસે બળતી તાપણી-નો દેવતા જરા સચેત કરવાનો હુકમ આપી તે અમલદારે હુએનસંગને નીરખીને જોયો ને પછી પુછ્યું, 'તમે કોણ છો ?'

હુએનસંગે પોતાનું નામ આપ્યું. તે અમલદારે કહ્યું કે હુએનસંગ તો પાછો ફરી ગયાના સમાચાર છે. હુએનસંગ તેને પોતાના ઘોડા પાસે તેડી ગયો ને પોતાના સામાન પર 'હુએનસંગ' એ નામ દેખાડ્યું. આ વીર સાધુની આવી સત્યનિષ્ઠાથી તે અમલદારનું હૃદય દ્રવી ગયું. તે અમલદાર હુએનસંગના પ્રાંતનો જ નીકળ્યો. તેણે બહુબહુરીતે હુએનસંગને આ વિકટ મુસાફરી છોડી દેવા સમજાવ્યો, પણ હુએનસંગે કહ્યું કે આ યાત્રા તો મારૂં જીવન છે. એ છોડી હું કદિ પાછો નહિ ફરૂં. પછી તેણે તે અમલદારને ધાર્મિક બોધ આપ્યો ને કહ્યું કે દેશમાં સર્વત્ર ધર્મની અંધાધુંધી ચાલી રહી છે એ તને ગમે છે ? જો આ અંધાધુંધી દૂર કરી ખરો બૌદ્ધ ધર્મ ફેલાવવો હોય તો ખુદ ભગવાન બુદ્ધની જન્મભૂમિમાં જઇ સત્યની શોધ કરવી જોઇએ. હું તે કરવા જાઉં છું તેમાં તું મદદ કર. પણ જો તારો વિચાર મને રોકવાનો જ હોય તો ખાતરીથી માનજે કે હુએનસંગ આ જગ્યાએથી એક ડગલું પણ પાછો નથી ચસવાનો, કે નથી હાથમાં લીધેલું કાર્ય પડતું મુકવાનો. હુએનસંગની આ દૃઢતાની તે અમલદાર પર ભારે અસર થઇ. તેણે હુએનસંગને કહ્યું, 'તમે થાકી ગયા હશો માટે આજ રાતની રાત અહીં કાઢો. સવારમાં હું પોતે તમને રસ્તો બતાવવા આવીશ.'

હુએનસંગે તે રાત ત્યાં ગાળી. સવારે અમલદારે તેને થોડું ખાવાનું આપ્યું, તેનું પાણીનું વાસણ ભરાવી આપ્યું અને પોતે લગભગ ત્રણ ગાઉ સુધી સાથે

વળાવવા ગયો. ત્યાંથી ભીની આંખે બંને છુટા પડયા.

હ્યુએનસંગ એકલો આગળ વધ્યો. તે એકલો ચાલ્યો જાય છે, ને રસ્તો ચારે તરફથી ખાવા દોડે તેવો વિકટ થતો જાય છે. જ્યારે-જ્યારે પોતે અત્યંત ભયમાં હોય છે ત્યારેત્યારે તે બોધિસત્ત્વનું સ્મરણ કરી પ્રજ્ઞાપારમિત-હૃદય-સૂત્રનો પાઠ કરે છે. આમ લગભગ સો-એક 'લી' (ત્રણ લી મળીને એક માઇલ થાય) ગયા પછી તે રસ્તો ભુલ્યો ને પાણીનાં સ્થળોથી બહુ આડે માર્ગે નીકળી ગયો.



તરશ ખુબ લાગી હતી. પોતાની પાસેની બનકમાથી તે પાણી પીવા જાય છે તેટલામાં તે હાથમાંથી સરી ગઇ, ને લગભગ ૧૦૦૦ લી સુધી ચાલે તેટલું પાણી ઢોળાઇ ગયું ! કયે રસ્તે પાણી આવે છે ને પોતાને કયે રસ્તે જવું છે. તેની હ્યુએનસંગને કાંઇ પણ ખબર ન પડી. ચારે દિશાઓ ખુલ્લી હતી ને દૂર સુધી એકસરખો રેતીનો મહાસાગર દેખાતો હતો. પણ તે કશાથી ડગ્યા વિના હ્યુએનસંગ આગળ ને આગળ ચાલ્યો. પાંચ દિવસ ને ચાર રાત સુધી, ગળું ભીનું રાખવા માટે પણ પાણીનું ટીપું સરખું તેને મળ્યું નહિ; તો ખાવાનું તો મળે જ ક્યાંથી ? શરીરમાં આગળ વધવાની હામ ન હતી. ડગલું ભરવા માટે પણ જ્યારે તે તદ્દન અશક્ત થઇ ગયો ત્યારે પાછા ન હઠવાની પોતાની પ્રતિજ્ઞા સંભારી તે રેતીના ઢગલા પર સુતો ને મોટેથી અતિ કરુણ સ્વરે બોધિસત્ત્વની પ્રાર્થના શરૂ કરી :

'હે કૃપામય દેવ ! હ્યુએનસંગ આ મુસાફરી પૈસા માટે કે મોટો બનવા માટે કરતો નથી. હ્યુએનસંગને કીર્તિની પરવા નથી ને મૃત્યુનો ડર નથી. સત્ય ધર્મ શું છે તે જાણવાના તીવ્ર અભિલાષથી આ મુસાફરીની જહેમત હું ઉઠાવી રહ્યો છું. જો બધાં પ્રાણીઓનાં દુઃખનો પડઘો તારા અંતરમાં પડે છે, તો મારું આ દુઃખ પણ દેવના અંતરમાં વસો ને દેવની અમીમય આંખ આ એકલ મુસાફર પર ઢળો !'

થોડીવારમાં ઠંડા પવનની એક લહેર આવી ને અત્યંત શ્રમને લીધે હ્યુએનસંગ ઉંઘમાં પડયો. નિદ્રામાં તેને એક મધુર સ્વપ્ન આવ્યું. દયામય દેવે તેને સ્વપ્નમાં કહ્યું, 'હ્યુએનસંગ! કેમ સુતો છે? બનતા પ્રયત્ને આગળ વધ, બેટા!'

હ્યુએનસંગ જાગૃત થઇને આગળ વધ્યો. રસ્તામાં એક જગ્યાએ તેનો ઘોડો આડે માર્ગે ગયો. કેમે કરતાં તે પાછો વળ્યો જ નહિ. એની હઠથી થાકીને હ્યુએનસંગે તેને મરજી મુજબ જવા દીધો, ને જ્યાં માત્ર દસ લી આગળ ન ગયો ત્યાં તો લીલાં ઘાસથી છવાઇ ગએલાં ખેતર તેની દૃષ્ટિએ પડયાં! હ્યુએનસંગની આંખમાં આભારનાં આંસુ આવ્યાં.

આવી આવી અસંખ્ય મુસીબતો વેઠતો, તેની સામે ઝુઝતો અને પાર કરતો હ્યુએનસંગ દૃઢતાથી આગળ વધ્યે જતો હતો. ફાહિયાનની માફક રણ ઓળંગવાને બદલે તેણે ફંટાતો રસ્તો લીધો હતો. છતાં તેના માર્ગમાં વિઘ્નો ઓછાં નહોતાં. "અંતે અનેક જોખમો ખેડીને તે ઓતરાદે માર્ગે ઇસ્સીક કુલ સરોવર, તશ્કંદ, સમરકંદ, બલ્ખ અને કાબુલ વટાવી ઈ. સ. ૬૩૦માં ગાંધારમાં આવી પહોંચ્યો. પોતાના ગામથી અહીં સુધીની ત્રણ હજાર માઇલની મુસાફરી તેણે લગભગ એક વર્ષમાં કરી. ચોમાસું અહીં જ ગાળી પછી તે કાશ્મીર ગયો. ત્યાં કનિષ્કના સમયના બાંધેલા સંખ્યાબંધ મઠોમાં તે ફર્યો. ત્યાં ધર્મગ્રંથો તથા તે ઉપરનાં ભાષ્યોની ઘણી નકલો તેને મળી. એ ઉતારી લેવામાં તેણે ત્યાં બે વર્ષ ગાળ્યાં.

ઈ. સ. ૬૩૩ની શરૂઆતમાં તે પૂર્વ તરફ તથાગતના સંસર્ગથી પવિત્ર થએલી ભૂમિ નીહાળવા ચાલ્યો. જ્યાં જતો ત્યાં આ ધર્મશાસ્ત્રવિશારદ સાધુને સારો સત્કાર મળતો. એમ ફરતોફરતો તે સમ્રાટ હર્ષની રાજધાની કનોજમાં આવ્યો. શ્રીહર્ષ સાથે તેનો પરિચય આગળ ઉપર થવાનો હતો. આ વખતે તો થોડા જ મહીના કનોજમાં રહી તે આગળ ચાલ્યો.

કનોજથી બનારસ ગંગા નદીમાં વહાણમાં બેસીને જતાં બંને કિનારે આસોપાલવના ઝાડવાળા એક વનમાંથી તેને પસાર થવાનું હતું. એ મુસાફરીમાં એક દિવસ અચાનક ઝાડીમાંથી ચાંચિયાઓએ આવીને તેનું આખું વહાણ લુટી લીધું અને હ્યુએનસંગ તથા તેના સાથીઓને પકડયા. હ્યુએનસંગનો સુંદર ચહેરો અને સુગઠિત શરીર જોઇને પેલા ચાંચિયાઓએ ધાર્યું કે દુર્ગા માતાને ભોગ ધરાવવા માટે આ યોગ્ય પુરુષ છે. લુટારાઓ હ્યુએનસંગને હોમની વેદી આગળ પકડીને લઇ ગયા. પોતાને મારી નાખે તે પહેલાં પ્રાર્થના કરી લેવા માટે હ્યુએનસંગે વખત માગ્યો. પછી તેણે ભવિષ્યમાં થનારા મૈત્રેય બુદ્ધની પ્રાર્થના કરી કે પોતાનો જન્મ તુષિત સ્વર્ગમાં થાય અને પોતાને યોગશાસ્ત્ર શીખવાની હોંશ હતી તે ભગવાન મૈત્રેયને મુખે જ શીખવાનું મળે. તેણે આ લુટારાઓના ઉદ્ધાર માટે પણ પ્રાર્થના કરી. તે પ્રાર્થના કરતો હતો એટલામાં તો ધુળનો ભારે વરસાદ થયો! આ અકસ્માત ચમત્કારથી પેલા લુટારા એટલા બી ગયા કે હ્યુએનસંગને કોઈ દેવ ધારી તેને પગે પડી તેની સ્તુતિ કરવા લાગ્યા. પ્રાર્થના પુરી કરી હ્યુએનસંગ આંખ ઉઘાડી બોલ્યો, 'ચાલો હું તૈયાર છું.' પણ એટલામાં તો આ દેખાવ જોઈ તેને પણ નવાઇ લાગી. પછી તેણે પેલા લુટારાઓને ઉપદેશ કર્યો અને તેમનો ધંધો છોડાવ્યો."

કાશીમાં થોડો સમય ગાળી હ્યુએનસંગ ત્યાંથી નીકળી કૌસાંબી, કપિલવસ્તુ, વૈશાલી, ચમ્પા, રાજગૃહી, તામ્રલિપ્તિ વગેરે પ્રસિદ્ધ સ્થળોમાં ખુબ ફર્યો, ત્યાંના વિહારોમાં રહી અભ્યાસ કર્યો અને અમૂલ્ય પુસ્તકોના ઉતારા કર્યા.

આ બધા સમય દરમ્યાન તેણે હિંદુસ્તાનની સ્થિતિનું પણ બારીક અવલોકન અને અભ્યાસ કર્યાં. પોતાનાં લખાણોમાં તેણે એ સમયની (સાતમા સૈકાની) દેશની સ્થિતિનું બહુ ચિત્તાકર્ષક અને સરસ ચિત્ર આપ્યું છે. 'લોકો સાદા, સ્વચ્છ અને પ્રામાણિક હતા. રાજ્યવ્યવહારમાં સરળતા તથા લોકોમાં નમ્રતા અને મીઠાશ જોવામાં આવતી. ગુન્હા ઓછા બનતા. કોઇને દેહાંતદંડ તો થતો જ નહિ.'

"એકંદરે ફાહિયાને હિંદુસ્તાનનું જે ચિત્ર આપ્યું છે તેને લગતું જ ઘણુંખરું હ્યુએનસંગનું વર્ણન છે. પણ ફાહિયાન તો બૌદ્ધ ધર્મને લગતી બાબત સિવાય બીજા તરફ ધ્યાન જ આપતો નહિ, ત્યારે હ્યુએનસંગે મળે તેટલી માહીતી મેળવવા પ્રયત્ન કરેલો છે. તે જણાવે છે કે, જોકે મહારાજા હર્ષવર્ધન બૌદ્ધોને

આશ્રય આપતો, છતાં બૌદ્ધોના હાથમાં રાજસત્તા અથવા ધર્મસત્તાનો ઇજારો હતો એમ ન જ કહેવાય. શ્રી હર્ષનો મુખ્ય માંડલિક કામરૂપ (આસામ)નો રાજા બ્રાહ્મણ હતો. ગાંધારમાં થોડા બૌદ્ધ રાજાઓ રહ્યા હતા, પણ હિંદુસ્તાનમાં તો બૌદ્ધ ધર્મને લગતાં ને એક વખતે જાહોજલાલી ભોગવતાં શહેરો અત્યારે ઉજ્જડ થઈ ગયાં હતાં. અશોકનું પાટલીપુત્ર લગભગ ખંડેર દશામાં હતું, ગયામાં ઝાઝી વસ્તી ન હતી, શ્રી હર્ષના ભાઇનું ખુન કરનાર દુષ્ટ રાજા શશાંકે મહાન બોધિવૃક્ષ ઉખેડી નાખ્યું હતું, અને પાટલીપુત્રના રાજાએ તે ફરી રોપી તેના સંરક્ષણ માટે તેની આસપાસ દીવાલ બંધાવી હતી.

> મિત્રો,
>
> કંસના કારાગ્રહમાં પીડિત વસુદેવ–દેવકીના કુમાર **શ્રી** કૃષ્ણે દેશસ્વાતંત્ર્યની આણ વર્તાવી અને આખું જીવન નવો આર્યાવર્ત ઘડવામાં હોમ્યું. એટલા સારૂ તેણે પોતાનું કૌમાર કળા, જ્ઞાન, પ્રાણ અને પ્રભુત્વની સોળ પાંખડીએ ખીલવ્યું. તમે પણ એવા વર્તમાન હિંદના એકએક 'કૃષ્ણચંદ્ર' બનો એવી તમ અંતરની ઉંડી મહત્ત્વાકાંક્ષા હજો.
>
> **દેશળજી પરમાર**

દેશમાં સુંદર બંદોબસ્ત હોવાનું હ્યુએનસંગ લખે છે, છતાં હૂણ લોકોના હુમલાની તે બંદોબસ્ત ઉપર કાંઈક અસર થએલી તો જણાય છે. હ્યુએનસંગને હિંદુસ્તાનમાં લુટારાનો ત્રાસ વેઠવો પડેલો છે. જેમાંનો એક પ્રસંગ આપણે ઉપર જાણી ગયા.

હ્યુએનસંગે જે જે વિહારોનાં વર્ણન કર્યાં છે તે મુખ્યત્વે બૌદ્ધ છે. પણ તે સમયનાં તે સાચાં વિદ્યાપીઠો હતાં. તેમાં દાખલ કરવામાં ધર્મવિધર્મનો બાધ ગણવામાં આવતો નહિ. બ્રાહ્મણો અને જૈનો પણ બૌદ્ધ દર્શનોના વિદ્યાભ્યાસ માટે ત્યાં આવી શકતા. વળી બ્રાહ્મણ અને જૈન દર્શનોનું જ્ઞાન પણ ત્યાં આપવામાં આવતું. કેટલાક વિહારો ખાસ અમુક વિદ્યા માટે પ્રસિદ્ધ હતા. તક્ષશિલા વૈદકને માટે અને ઉજ્જયિની જ્યોતિષને માટે પ્રસિદ્ધ હતાં. બનારસ સનાતની બ્રાહ્મણવિદ્યાનું જબરૂં મથક હતું અને નાલંદા મહાયાન બૌદ્ધ સંપ્રદાયનો મોટો કિલ્લો હતો.

હ્યુએનસંગ પૂર્વની મુસાફરી પુરી કરી નાલંદા ગયો અને ત્યાંના આચાર્ય શીલભદ્ર પાસે કેટલાંક વર્ષ યોગશાસ્ત્રનો અભ્યાસ કરવા રહ્યો. તેમાં રહેતા સાધુઓનો દરજ્જો જેટલા ગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો હોય તે ઉપરથી ગણાતો.

નાલંદાના વિદ્યાપીઠમાં દેશદેશાંતરથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા. ત્યાંના વિહારમાં બધા મળીને દસ હજાર સાધુઓ રહેતા. આ વિહાર વિષે હ્યુએનસંગ કહે છે કે અસલ તો ત્યાં એક આંબાવાડિયું હતું. તેના ધનવાન માલીક પાસેથી પાંચસો બૌદ્ધ વેપારીઓએ તે ખરીદી લઇ ભગવાન બુદ્ધને અર્પણ કર્યું હતું. તથાગત પોતે ત્યાં ત્રણ મહીના ઉપદેશ કરતા રહ્યા હતા. ત્યાર પછી પાંચ પેઢી સુધી રાજાઓએ તેનાં મકાનોમાં તથા જમીનમાં વૃદ્ધિ કરી હતી અને સાતમા સૈકામાં આખા હિંદુસ્તાનમાં તે મોટામાં મોટો અને સમૃદ્ધમાં સમૃદ્ધ વિહાર હતો.

પ્રાતઃસંધ્યાના ધુમ્મસમાં મળી જતાં તેનાં ઉંચા શિખરોનું, તથા સૂર્યાસ્તની શોભા જ્યાંથી નીહાળી શકાય અને જ્યાંથી નિર્મળ ચંદ્રિકાના સૌંદર્યમાં ધ્યાનમગ્ન થઈ જવાય એવાં છજાંઓનું વર્ણન કરતાં હ્યુએનસંગને ઉમળકા ઉભરાતા હોય એવું જણાય છે. સંખ્યાબંધ સ્તંભોવાળા ભવ્ય ખંડોમાં કોતરકામ અને ચિત્રકામ બહુ ઉંચા પ્રકારનું હતું. વિહારના બગીચાના આંબાવાડિયામાં શીળી છાયા મળતી. કનકવૃક્ષોનાં તાજાં લાલ ફુલોનાં તોરણ તથા પાણીના ફુવારા અને સર્પાકારે વહેતાં ઝરણાં તથા તેની અંદરનાં કમળ એવું તો તેણે ક્યાંયે જોયું ન હતું. હિંદુસ્તાનમાં વિહારો તો હજારો હતા. પણ નાલંદાની ભવ્યતા, શોભા અને શિલ્પચાતુરીથી તો આડો આંક વળી જાય.

આ વિહારમાં બધા મળીને એક સો ઓરડા વ્યાખ્યાન માટે હતા. વિહારના નિર્વાહ માટે ચોખા, દૂધ અને ઘી આસપાસનાં ગામડાં તરફથી પૂરાં પડતાં.

નાલંદાથી હ્યુએનસંગ દક્ષિણ તરફ પ્રવાસ કરવા ગયો. દક્ષિણમાં તે અમરાવતી સુધી ગએલો જણાય છે. ત્યાંથી વાયવ્ય તરફ નાશિક—જ્યાં મહારાષ્ટ્રી રાજા બીજા પુલકેશીએ રાજધાની કરી હતી ત્યાં–તે ગયો. નાશિકથી ભરૂચ અને ત્યાંથી કાઠિયાવાડમાં થઇ તે સિંધ ગયો અને ત્યાંથી ફરી નાલંદાના વિહારમાં પહોંચ્યો. હવે હ્યુએનસંગને જાણવાનું તથા શીખવાનું બધું મળી ગયું હતું એટલે તેનું મન સ્વદેશ તરફ વળ્યું. એટલામાં કામરૂપના રાજા કુમારગુપ્ત તરફથી પોતાના રાજ્યમાં આવવાનું તેને નિમંત્રણ મળ્યું. કુમાર જોકે બ્રાહ્મણ હતો પરંતુ ઉદાર બ્રાહ્મણની રીત પ્રમાણે તે તમામ વિદ્વાનોનું સન્માન કરતો. પહેલાં તો હ્યુએનસંગને મોકલવાનો નાલંદાના સાધુઓનો ઇરાદો ન હતો, પણ કુમાર તરફથી ખુબ આગ્રહપૂર્વક કાગળો આવવા માંડ્યા એટલે શીલભદ્રે પોતે જ તેને જવાની સંમતિ આપી. હ્યુએનસંગનો કામરૂપના દરબારમાં ભારે સત્કાર થયો.

કુમારને ત્યાં હ્યુએનસંગ એક મહીનો રહ્યો હશે ત્યાં તો શ્રી હર્ષને થયું કે મેં આટઆટલાં આમંત્રણ આપ્યાં હતાં, છતાં હ્યુએનસંગ મારે ત્યાં ન આવ્યો ને કુમારને ત્યાં ન રહ્યો ? તેણે કુમારને સંદેશો કહાવ્યો. કુમારે કહ્યું કે મારૂં માથું માગો, પણ હ્યુએનસંગને તો હું રજા નહિ આપું. હર્ષે ઝટ જવાબ મોકલ્યો કે 'વારૂ, ત્યારે તમારૂં માથું મોકલો.' કુમાર નમ્યો. પોતાના અતિથિને લઇ હાથી ઉપર બેસી તે જાતે કનોજ આવ્યો. કનોજમાં હ્યુએનસંગનો બાદશાહી દાદથી સત્કાર થયો અને શ્રી હર્ષના દરબારમાં હ્યુએનસંગે કેટલોક સમય ગાળ્યો.

હ્યુએનસંગ હર્ષના ચરિત્રનું તથા રાજા તરીકેના તેના કાર્યનું સુંદર વર્ણન કરે છે. તે લખે છે કે 'શ્રી હર્ષ રાજકાર્યમાં અવિશ્રાન્ત શ્રમ લેતો. ચોમાસાના ચાર મહીના બાદ કરી બાકીનું આખું વર્ષ રાજ્યનો બંદોબસ્ત બરોબર ચાલે છે કે કેમ તે જોવા જાતે ફરતો. અશોકની માફક તેણે પણ હિંસાનો પ્રતિબંધ કર્યો હતો. હજારો વિહારો સ્તૂપો ને ધર્મશાળાઓ તથા બીજાં લોકોપયોગી મકાનો તેણે બંધાવ્યાં હતાં. સર્વ સંપ્રદાયના સાધુઓને દાન આપવામાં તેનો હાથ છુટો હતો. દરબારી રસોડે દરરોજ એક હજાર બૌદ્ધ સાધુઓ અને પાંચસો બ્રાહ્મણો જમતા. શ્રી હર્ષની બહેન રાજ્યશ્રી ધર્મની ચર્ચામાં બહુ ઉત્સાહપૂર્વક ભાગ લેતી અને હ્યુએનસંગને પોતાના દરબારમાં આગ્રહપૂર્વક રાખવાનું એક કારણ એ પણ હતું કે રાજ્યશ્રીના દિવસો તેના સત્સંગના આનંદમાં જાય.

હ્યુએનસંગના આવ્યા પછી શ્રી હર્ષે શાસ્ત્રાર્થ કરવા માટે એક મોટી પરિષદ બોલાવી. આ પરિષદમાં રાજાએ પોતે તથા તેના દરબારના તમામ સામંતોએ ભાગ લીધો હતો. અઢારે માંડલિક રાજાઓ પણ આવ્યા હતા. બે હજાર બ્રાહ્મણ તથા જૈન પંડિતોએ તેમાં ભાગ લીધો હતો અને હીનયાન તથા મહાયાન સંપ્રદાયના થઇ ચાર હજાર બૌદ્ધ સાધુઓ આવ્યા હતા. એકલા નાલંદાના વિહારમાંથી જ એક હજાર સાધુઓ તો આવ્યા હતા કેટલાક ધર્માધ્યક્ષો તો હાથી ઉપર અથવા પાલખીઓમાં બેસીને આવતા. સભામાં બુદ્ધ ભગવાનની એક મોટી સુવર્ણપ્રતિમા પધરાવવામાં આવી હતી. રાજાએ તેની પૂજા કરી. પછી હ્યુએનસંગે પોતાના સિદ્ધાન્તોનું છટાદાર ભાષામાં પ્રતિપાદન કર્યું, અને અંતે તે વખતની પરિષદોની રીત પ્રમાણે કહ્યું કે મારા કહેવામાંથી કોઇ એક પણ તર્કદોષ કાઢી આપે અથવા એક પણ સિદ્ધાન્તનું ખંડન કરે તો હું તેને મારૂં માથું આપવા તૈયાર છું. કોઇએ આ બીડું ઝડપવા હિંમત ધરી નહિ. આમ આ પરિષદની શરૂઆત બહુ ઉત્સાહપૂર્વક થઇ પણ એટલામાં પરિષદના શમિયાનામાં અકસ્માત આગ લાગવાથી એ સમારંભનો એકાએક અંત આવ્યો.

શ્રી હર્ષ દર પાંચ વર્ષે રાજભંડારમાં વધેલાં નાણાં દાનમાં આપી દેવાનો પ્રયાગમાં મેળો ભરતો. તેવા એક મેળામાં હ્યુએનસંગ હાજર હતો. આનું પણ તેણે વર્ણન કર્યું છે. મેળાના પહેલા ત્રણ દિવસ ત્રિમૂર્તિની પૂજામાં ગયા. ચોથે દિવસે રાજાએ ખજાનાનું દાન કરી નાખ્યું. બ્રાહ્મણો, શ્રમણો, જૈન યતિઓ તથા બીજા સર્વ સંપ્રદાયના સાધુઓને ભોજન અને ભારે દક્ષિણાઓ દિવસો સુધી મળ્યાં. ખજાનો ખલાસ થયો એટલે હર્ષે પોતાના અંગ ઉપરના દાગીના ઉતારી આપ્યા. પછી રાજ્યશ્રી પાસેથી ફાટાંતુટાં કપડાં માગી

લઈ તે ધારણ કર્યા.

મહોત્સવ પુરો થયો એટલે અઢારે માંડલિક રાજાઓએ, દરબારી પોશાક અને જવાહીર જેમને દાનમાં મળ્યાં હતાં તેમની પાસેથી તે ખરીદી લઇ, ફરી શ્રી હર્ષને ભેટણી તરીકે ભેટ આપ્યાં. પણ થોડા દિવસમાં તો શ્રી હર્ષે ફરી તે પણ દાનમાં આપી દીધાં.

હવે હ્યુએનસંગે જવાની રજા માગી. શ્રી હર્ષ તથા મહામંડલેશ્વર કુમારગુપ્તે હિંદુસ્તાનમાં રહેવા તેને બહુ વીનવ્યો. પણ તેને તો સ્વદેશમાં ધર્મનો પ્રચાર કરવો હતો અને પોતે જે મેળવ્યું હતું તેનો લાભ પોતાના દેશવાસીઓને આપવો હતો. તેમાંથી તેને વિમુખ કરી શકાય એમ ન હતું. હર્ષે તેને બહુ કીમતી ભેટો આપવા માંડી, પણ પ્રવાસમાં ઉપયોગી થઇ પડે એવી કેટલીક વસ્તુઓ સિવાય બીજું કશું તેણે લીધું નહિ. મહારાજા હર્ષે તેને તેનાં પુસ્તકો લઈ જવા એક હાથી આપ્યો, તથા ખર્ચખુટણ માટે દસ હજાર રૂપિયા અને ત્રણ હજાર સોનામહોરો આપી. સરહદ સુધી પોતાના સવારો તેને વળાવવા મોકલ્યા. આ વખતે હ્યુએનસંગ યારકંદ અને ખોતાન વાળે રસ્તે પાછો વળ્યો. રસ્તામાં તેને કેટલીક મુશ્કેલીઓ નડી, કેટલાક ગ્રંથો ખોવાયા, છતાં તેની પાસે જે રહ્યું હતું તેનું મૂલ્ય આંકી શકાય તેમ ન હતું. ભગવાન બુદ્ધના અવશેષોથી ભરેલી પેટીઓ, સોના, રૂપા, ચંદન તથા સંગેમરમરની દોઢસોએક મૂર્તિઓ અને ૬૫૭ હસ્તલિખિત ગ્રંથોની નકલો એટલું લઈ તે ચીન પહોંચ્યો.

ચીનના બાદશાહનો કાયદો તોડનાર આટલા ખજાના સાથે, આટલી કીર્તિ રળીને ચીનમાં આવે તેને બાદશાહ કેમ રોકી શકે? સરહદથી તે ઠેઠ રાજધાનીના શહેર સુધી હ્યુએનસંગનો પ્રવાસ એ એક મોટા બાદશાહી સરઘસના જેવો થઈ રહ્યો. સોળ વર્ષ સુધી તેણે પ્રવાસ કર્યો હતો, કેટલી યે વિદ્યાઓ ભણી આવ્યો હતો, કેટલી યે વિટંબનાઓ વેઠી હતી અને ભગવાનના જન્મસ્થાન તથા બોધિવૃક્ષનાં તે દર્શન કરી આવ્યો હતો, એટલે સ્વદેશમાં તેના આદરસત્કાર અને માનઅકરામની હદ ન રહી.

એને આવેલો જાણીને ચીનના બાદશાહે તેને બહુ માનપૂર્વક પોતાની પાસે બોલાવ્યો ને હિંદ વિષે વાતચીત કરી. રાજાએ તેને મોટી પદવી આપવા કહ્યું. પણ હ્યુએનસંગે આ પ્રવાસ કંઇ માનઅકરામ માટે નહોતો કર્યો. તેણે કહ્યું કે હું તો જીવનભર દેશની જ સેવા કરવાનો છું. એમ કહીને તે બાદશાહની રજા માગી પોતાના હાંગ–કૂના મઠમાં ચાલ્યો ગયો. તે મઠમાં તેણે એક પાંચ માળનો ૧૮૦ ફુટ ઉંચો મીનારો બંધાવ્યો ને તેના સૌથી ઉંચા માળ પર બુદ્ધદેવની મૂર્તિ તથા હિંદુસ્તાનનાં પુસ્તકો પધરાવ્યાં.


અહીં પોતાની પાસે જે કોઇ શીખવાની ઇચ્છાથી આવતું તેને પોતાનું શીખી આવેલું તે શીખવતો ને બાકીના નવરાશના વખતમાં પોતાની સાથે લાવેલા ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કરતો. તે સારૂં ચીતરી પણ જાણતો. પોતાનાં પુસ્તકોમાં તે ઠેરઠેર ચિત્રો દોરતો તથા સાથે લાવેલાં ચિત્રોની નકલો કરતો.

તેને ચીન પાછો ફર્યાને દસ વર્ષ થઇ ગયાં ત્યાર પછી મહાબોધિ મંદિરના કેટલાક હિંદી સાધુઓ તેને મળવા ચીન સુધી પ્રવાસની મુશ્કેલીઓ વેઠી ગયા હતા.

હ્યુએનસંગ ઇ. સ. ૬૪૫માં ચીન પાછો ફર્યો અને ત્યાર પછી તે ૧૯ વર્ષ જીવ્યો. તે દરમિયાન તેણે ૭૪ ગ્રંથોના અનુવાદ કર્યા ને કેટલાં યે સૂત્રો તથા ચિત્રોની નકલો કરી. પાંસઠ વર્ષની ઉમરે જ્યારે તેને પોતાનો અંતકાળ નજીક આવતો લાગ્યો ત્યારે તેણે પોતાનાં અનુવાદ કરેલાં પુસ્તકો મંગાવી વંચાવ્યાં અને પોતે સાંભળતો બેઠો. આ પારાયણ પુરી થયા પછી તેણે ધીમેથી પોતાની આંખો મીચી, અને તુષિત સ્વર્ગમાં પુનર્જન્મ પામવાની પ્રાર્થના કરતોકરતો તથા ભગવાન મૈત્રેયના ગુણ ગાતોગાતો એ મહાત્મા શાન્તિથી આ દુનિયાને છોડી ગયો. તે દિવસ ઇ. સ. ૬૬૪ના ઑક્ટોબરની ૨૩મી તારીખ હતી."

પાંચ વર્ષ પછી ચીનના સમ્રાટના હુકમથી, એના શરીરને તેના માટે બાંધેલી સમાધિમાંથી કાઢી ફાનચૂન નામે અત્યંત રમણીય જગ્યામાં નવી સમાધિ બનાવી તેમાં પધરાવવામાં આવ્યું. ને જીવતાં એનો આત્મા જેવો સુંદર હતો તેવું સુંદર સ્મારક ત્યાં ઉભું કર્યું. આજે તેર સૈકા પછી પણ જેની કીર્તિ અખંડ રહી છે એવો એ ધર્મવીર હ્યુએનસંગ ત્યાં નીરાંતે સુતો હશે.

[સંપાદિત] 'ધૂમકેતુ'



દક્ષિણ હિંદુસ્તાનમાં મલબાર કિનારા પર આવેલી પર્વતોની હારમાંનાં કેટલાંક ગિરિશિખરો રમ્ય વનશ્રી અને ઠંડી હવાને માટે બહુ પ્રખ્યાત છે. હાલ આ પ્રાંતમાં ખેતીવાડીને નિમિત્તે ઘણી વસ્તી થઈ છે, પરંતુ ૫૦–૬૦ વરસ પહેલાં આ પ્રદેશ લગભગ અજ્ઞાત હતો. માત્ર મુદેવર નામના કેટલાક પહાડી લોકો ત્યાં રહેતા. તે સિવાય એક નરમાંસભક્ષક મનુષ્યજાતિ પણ ત્યાં રહેતી. તેને આ મુદેવર લોકો પિલૈ કહેતા. આ પિલૈ લોકો જંગલના ઘાડા ભાગમાં હજી પણ રહે છે એમ કહેવાય છે.

મુદેવર લોકો બહુ ભલા હોય છે. આપણે એમને ત્યાં જઇએ તો આપણી ખુબ સેવા કરે છે. એ પહાડી લોકો પોતાનું ગુજરાન શીકાર ઉપર ચલાવતા; અને હજી પણ ત્યાં હાથી, ગવા (જંગલી બળદ), વાઘ, ચિત્રવિચિત્ર પક્ષીઓ વગેરેનો શીકાર ખુબ મળે છે. ફાંસલા અને પાંજરામાં પકડાએલા શીકાર તથા મધ એમાંથી જ તેઓ આજીવિકા મેળવતા. ત્યાંની જમીન તો બહુ ફળદ્રુપ; પણ ખેડવાની અને વાવવાની મહેનત કોણ કરે ? કોઈવાર વળી મરજી થાય તો કંઇક જંગલી અનાજ વગેરે જમીન ઉપર વેરી દેતા અને તેમાંથી જે પેદા થતું તે પણ ખાતા. ખેડવાની તો વાત જ નહિ. તેઓ ટોળી કરી રહેતા એટલે કોઇ પણ પિલૈ માણસ તેમને ત્રાસ આપી શકતો નહિ.

શ્રીરંગમ એ આ પહાડી લોકોની અનેક ટોળીમાંની એકનો નાયક હતો. તે વિશ્વાસુ અને આદરાતિથ્ય સારીરીતે કરવાવાળો હતો. શીકારમાં તો તે એક્કો હતો અને કોઇ પણ શીકારીની સાથે શીકારે જવા તે એકપગે તૈયાર રહેતો. પણ તે પહેલાં તે શીકારી પહાડ ચડવામાં તથા નીશાન તાકવામાં કુશળ છે કે નહિ તેની પરીક્ષા કરતો, અને પછી જ તેની સાથે જતો. કોઈવાર પહાડ ચડ્યા પછી અથવા કોઇ કઠણ ચડાવ ચડ્યા પછી વિશ્રાંતિ માટે મદ્યપાત્ર બહાર કાઢવામાં આવે, અથવા બીડી પીવાની તૈયારી કરવામાં આવે તો શ્રીરંગમ તેમાં ભાગ લેવામાં પણ પાછો હઠતો નહિ. માત્ર તે બીડી પીતો નહિ; તેના કકડા કરી ચાવી ખાઇ જતો ! આવે પ્રસંગે સાથેના માણસનું ભાગ્ય બળવાન

હોય તો શ્રીરંગમની વાણી ઉઘડે અને એના સ્વાનુભવની જંગલી પશુઓની મનોરંજક અને સાહસભરી અનેક વાતો સાંભળવા મળે. અહીં તો, ત્રાવણકોરના જંગલમાં પિલે લોકોએ પોતાને કેવો પકડ્યો હતો તે વિષેની જે વાત શ્રીરંગમે કહી હતી તેનો જ અનુવાદ આપ્યો છે.

"હવે તો હું પાકું પાન છું, મારે માથે પળિયાં આવ્યાં છે અને શીકાર પકડવામાં મારી નજર પણ જોઇએ તેટલી અચુક રહી નથી; પણ પહેલાં તો શીકારના કામમાં મારા જેટલી સચોટ નજર બીજા કોઈની ન હતી. છતાં હજી અમારા ગામનો મુખી તો હું જ છું. એ મુખીપણું મને કેમ મળ્યું તેની હકીકત હું તમને કહું.

બહુ વરસ વીત્યાં એ વાતને. મારી ઉમર આશરે ૧૬-૧૭ ચોમાસાં હશે. તે વખતે હું જરાજરા ભાવડામાં ખપવા લાગ્યો હતો, કારણ હું મારા બાપના ખભા સુધી પહોંચી જતો હતો. આટલો મોટો થયા પછી જ મારા બાપાએ મને શીકારે જવા દીધો.

એક દિવસ મારો બાપ શીકારે નીકળ્યો. મને પણ તેણે પોતાની સાથે લીધો હતો. મારા બાપાએ અને બીજા એક માણસે અમારા ગામની ડાબી બાજુ આવેલા પહાડની પેલી મેરની ખીણમાં ઉતરી શીકાર કરવાનો મનસુબો કર્યો હતો. ત્યાં જઈ એકાદ નાનું ઝુંપડું બાંધી પછી શીકારે જવાનો તેમનો બેત હતો; અને તેઓ શીકારે ગયા હોય તે દરમિયાન મારે અને મારા જેટલી જ ઉમરના બીજા એક મારા દોસ્તદારે ઝુંપડીમાં રહી રસોઇ તૈયાર કરવી અને જંગલમાંથી મધ ભેગું કરવું એમ ઠરાવ્યું હતું.

સવારના પહોરમાં અમે ઉઠ્યા ને બપોર પહેલાં તો ડુંગરાને માથે આવી પહોંચ્યા. સાંજનો વખત અમે ત્યાં જ રહ્યા. આસપાસ શીકાર ખુબ મળે તેમ હતું, એટલે સાંજના વાળુ માટે એકાદ હરણ મારતાં અમને બહુ વાર ન લાગી. તે રાત અમે એક ગુફામાં ગાળી અને બીજે દિવસે સવારે ખીણમાં ઉતરવા માટે ઉપડ્યા. આ ટેકરીઓને હાલમાં 'એલચીની ટેકરીઓ' કહે છે. અમારે જવું હતું તે સ્થળે પહોંચ્યા પછી મારા બાપે અને તેના સાથીએ ઝુંપડી બાંધવા માટે એક મોટો ખડક પસંદ કર્યો અને તરત જ વાંસ, ઝાડની ડાળીઓ વગેરે લાવી અમે ઝુંપડી તૈયાર પણ કરી. અહીં હાથી બહુ હોય છે, એટલે હાથીની સુંઢ પણ ન પહોંચી શકે એવો ખડક અમે પસંદ કર્યો હતો. ચારે તરફથી આ ખડક ઉપર ચડવું બહુ જ અઘરૂં હતું, એટલે અમે અહીં લગભગ ઘર જેટલા જ નચિંતપણે રહેતા હતા. કોઇ પણ જનાવર અમને સાધારણરીતે કનડી શકે તેમ ન હતું. ઘણા દિવસ અમે અહીં મોજમાં રહ્યા. જંગલમાં ચરતા હાથીઓનાં ટોળેટોળાં અમે અહીં બેઠાબેઠા જોઇ શકતા હતા. આ ટોળાંઓની વચ્ચેથી મારો બાપ, હાથીઓને ખબર ન પડે તેમ, જરા પણ અવાજ કર્યા વગર પસાર થતો. મારા બાપ સાથે હું પણ કોઇવાર જતો. ઉત્તમ મધ કયા ઝાડ પર હોય છે તે શોધતાં મારા બાપે મને બતાવ્યું હતું. મધમાખીઓને અને પોતાને ઉપદ્રવ પહોંચાડ્યા વિના મધપુડા લઇ આવવાનું પણ એણે જ મને શીખવ્યું હતું.

એક દિવસ એ બંને—મારો બાપ અને તેનો સાથી—જંગલમાં શીકારે ગયા અને અમે આસપાસના પ્રદેશના થોડાઘણા જાણીતા થયા હતા તેથી મધ લેવા જવાનો વિચાર કર્યો.

અમે લહેરમાં ઉપડ્યા. થોડી જ વારમાં અમને બે મધપુડા મળ્યા; પણ એ તો અમે ત્યાં જ ચટ કરી ગયા. ઘેર લઇ જવા માટે કંઈ જ ન રહ્યું; એટલે અમે બીજા બે મધપુડા શોધવા લાગ્યા. આશરે બેએક કલાક શોધ કરી પણ કંઇ પત્તો ન લાગ્યો. છેવટે એક ઉંચા ઝાડની ટોચે અમને મધપુડા જેવું કંઇક દેખાયું. અને સાચે જ તે એક ભારે મધપુડો હતો. મારો ભાઇબંધ તે ઝાડ ઉપર ચડ્યો અને હું એના તરફ જોતો નીચે જ ઉભો રહ્યો.

એટલામાં અચાનક કોઇએ મારો દંડ પાછળથી આવીને પકડ્યો હોય એમ મને લાગ્યું. મેં પાછા વળીને જોયું તો બે મોટા વાંદરાએ—કારણ માણસ કરતાં વાંદરાઓને જ તેઓ વધારે મળતા આવતા હતા—મને પકડ્યો હતો. તે બંને મને ઝાડથી દૂર ખેંચી લઇ જવા લાગ્યા. તેમના જબરદસ્ત અને કઠણ પંજામાંથી છટકવું મારે માટે અશક્ય હતું. હું બીકથી થથરી ઉઠ્યો અને જોરથી રાડ પાડવા લાગ્યો. મારા અવાજ તરફ મારા સાથીનું ધ્યાન ગયું અને તેણે

નીચે મારી તરફ જોઈ વ્યાકુળતાથી કહ્યું, 'અરે ! આ તો પેલા પિલૈ લોકો ! એ તને ખાઈ જવા માટે લઈ જાય છે ! ઓ ભગવાન !'


તે ભયંકર પ્રાણીઓ તો મને ઝપાટાબંધ જંગલમાં ખેંચી જતા હતા. મારા મિત્રના છેલ્લા શબ્દો મારે કાને પડચા અને મારા બાપાએ આ ભયંકર, ઠીંગણાં, વાળવાળા માણસો વિષે કહેલી બધી વાતો મને યાદ આવી ! આ લોકો ઝાડ પર ઉંચે ઘર બાંધી રહે છે; તેઓ શરીરપર બીલકુલ ઓઢતા પહેરતા કંઇ નથી; કેટલીક નીશાનીઓ દ્વારા તેઓ એકબીજા જોડે વાતો કરે છે; જો મારા જેવો કોઇ મુદેવર (પહાડી) એ લોકોના હાથમાં આવી જાય તો તેઓ તેને મારીને ખાઈ જાય છે; અને કોઈ પિલૈ જો અમારા હાથમાં આવે તો અમે પણ તેને મારી નાખ્યા વિના છોડતા નથી. આ બધી વાતો મને એક પછી એક સાંભરી આવી.

મારી ધીરજ ખુટી પડી; છતાં પણ મારો બાપ અને તેનો સાથી આવી મને છોડાવશે એમ ઉંડીઉંડી આશા તો હતી જ. પણ જેમજેમ પેલા ભયંકર કાળ મને વધારે ને વધારે ગાઢા જંગલમાં ખેંચી જવા લાગ્યા તેમતેમ મારાં હાજાં ગગડી જવા લાગ્યાં, અને હવે ઘડી બે ઘડીમાં કાળનું તેડું આવશે એમ લાગવા માંડયુ.

બે કલાક સુધી આમ મારી ખેંચતાણ ચાલી. છેવટે એક સીધા અને અતિશય ઉંચા એવા ઝાડોના વનમાં તેઓ આવીને અટકયા. પછી તેમાંનો એક માણસ વળ દીધેલાં નેતર લઈ આવ્યો અને તે વડે મારા હાથ પાછળ બાંધી એક ઝાડ સાથે મને જકડી લીધો અને એ જ ઝાડ ઉપર એમણે ચડવાની શરૂઆત કરી. મેં ઉપર જોયું તો મારા માથા ઉપર ખુબ ઉંચે પક્ષીઓના માળા જેવાં મોટાં ઘર મને દેખાયાં. આજુબાજુનાં ઝાડો ઉપર પણ આ પ્રમાણે ઘણાં ઘર હતાં. પિલૈ લોકોનું આ એક મોટું ગામ જ હશે એમ મેં ધારી લીધું, કારણકે થોડા જ વખતમાં તે બધાં ઘરોમાંથી કેટલાંક ખુબ વાળવાળાં જંગલી મોઢાં મારી સામે બુભુક્ષિત દષ્ટિપાત કરતાં ડોકાવા લાગ્યાં. એ લોકો મારા મુલાયમ માંસના ભોજનનો વિચાર કરી રહ્યા હશે. મારા મનમાં આ વિચાર ચાલતા હતા એટલામાં મને પકડનારા પેલા બે પ્રાણીઓ પાછા ઝાડ ઉપરથી નીચે ઉતર્યા. તેમણે પક્ષીઓના જેવો કંઇક અવાજ કર્યો અને થોડી જ વારમાં બધા માળામાંથી કાળાંભમ્મર પ્રાણીઓ ઝપાટાબંધ નીચે ઉતરવા લાગ્યાં. જોતજોતામાં મારી આસપાસ એ જંગલીઓનું એક મોટું ટોળું ભેગું થયું. તે બધાંના શરીર પર વાળ હતા અને તે ભીષણ દેખાતા હતા. બધાં ઠીંગણાં, પણ લગભગ માણસ જેવાં અને પગે ચાલનારાં હતાં. તેમણે પોતાના માથા પરના વાળ માટીથી બઝાડી દીધા હતા. મને એક સુંદર પકવાન્ન ધારીને તેઓ મારી તરફ જોતાં હતાં. આ બધી સેના જોઇને મારો અરધો જીવ તો ચાલ્યો જ ગયો. હું દિઙ્મૂઢ ઉભો રહ્યો હતો. શ્વાસ પણ બરોબર ચાલતો ન હતો. ત્યાં મોટેથી શબ્દ તો કયાંથી જ નીકળે ! ગઇ તે ક્ષણ છેલ્લી એમ જ મને લાગતું હતું.

આ બધું ચાલતું હતું એટલામાં ચારપાંચ પિલૈ લોકોની બીજી એક ટોળી એક મારેલો રાની બકરો લઇ આવી. એ જોતાં જ મારી આગળ ઉભું રહેલું પેલા લોકોનું ટોળું તે બકરા તરફ દોડયું, અને તેને ફાડીફાડીને ખાવાનો આરંભ કર્યો. માત્ર જેઓ તે બકરો લઇ આવ્યા હતા તેઓ મારી પાસે આવ્યા અને મારી તરફ તાકીતાકીને જોવા લાગ્યા. મને જોઇને તેઓ હરખાઇ જતા હોય એમ મને લાગ્યું. એમાંથી એક જણે ઝાડની એક ડાળી લઇ તે મારા શરીર ઉપર જુદેજુદે ઠેકાણે ઘોંચવાનું શરૂ કર્યું, અને બીજો એક જણ એક હથિયાર પોતાના માથાની ચારે તરફ ફેરવવા લાગ્યો. એ હથિયાર એટલે એક લાકડીના દાંડાને ચામડાની વળ દીધેલી દોરી બાંધી તેને છેડે એક મોટો પથરો બાંધેલો, તે હતું. મારો કપાળમોક્ષ કરવા માટે તે હથિયાર છે એ હું તરત કળી ગયો. મેં આંખો મીંચી દીધી અને ઝાડને જેટલું ચોંટી રહેવાય તેટલું ચોંટી મરણની વાટ જોતો હું ઉભો.

એટલામાં નજીકમાંથી કુતરાના ભસવાનો અવાજ આવ્યો. એ અવાજ આ લોકોના કાને પડતાંવેંત તેઓ ઝપાટાબંધ ઝાડ પર ચડવા લાગ્યા. થોડી વારમાં બે કુતરા પાસેના જંગલમાંથી ધસી આવી ઝાડ પાસે ભસવા લાગ્યા. હું તેમની નજરે પડયો કે તરત જ તેઓ ભસવાનું બંધ કરી મારી પાસે આવી મારી આસપાસ ફરવા લાગ્યા. એ કુતરા અમારા ગામડાના કુતરાની જેમ ઉભા કાન અને સીધા નાક વાળા ન



[ચિત્રકાર: ગસ્તવ દોરે]

બાદશાહ સૉલોમનનો ન્યાય

બે સ્ત્રીઓ એક બાળક માટે વઢવાડ કરતી બાદશાહ પાસે ફરિયાદે ગઇ. એક કહે બાળક મારૂં ને બીજી કહે મારૂં. ડાહ્યા બાદશાહે વિચાર કરી જલ્લાદને બોલાવી ફરમાવ્યું કે 'આ બાળકના બે સરખા ટુકડા કરી એકેક દરેક સ્ત્રીને સોંપી દે.' જે ધુતારી સ્ત્રી હતી તે તો એ સાંભળી દૂર ઉભી મુશ્કેરાટ કરવા લાગી; પણ બાળકની ખરી માતા આ ન્યાય સાંભળી તેને કહેવા લાગી કે ખુદાને ખાતર મારા બાળકને ન મારતા. જો આવો જ ન્યાય હોય તો બાળક મારે નથી જોઇતું; એને જ આપી દો. હું દૂરથી જોઇને મારૂં હૈયું ઠારીશ. ચતુર બાદશાહે તરત જલ્લાદને કહ્યું, 'એ જ ખરી માતા છે. એને બાળક હવાલે કર.' એ પ્રસંગનું વિખ્યાત ફ્રેન્ચ ચિત્રકાર ગસ્તવ દોરેએ કરેલું આ ચિત્ર છે. આ બાદશાહ તે હિબ્રુ સામ્રાજ્યને જાહોજલાલીએ પહોંચાડનાર ઈઝરાએલોનો શાહાનશાહ સૉલોમન. ઇતિહાસ અને કથાઓમાં તે ડાહ્યા અને ન્યાયી બાદશાહ સુલેમાન તરીકે વિખ્યાત થયો છે. ઈ. સ. પૂર્વે એક હજાર વર્ષ પર તે થઈ ગયો. બાદશાહ ડેવિડના ચાર પુત્રોમાં સૌથી નાનો એ સૉલોમન, પિતાની ઇચ્છાથી તેના મરણ પછી ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર ૧૨–૧૪ વરસની હતી. પણ તેણે અજબ કુનેહ, બહાદુરી અને ડહાપણથી પોતાના હરીફોની સામે ટક્કર ઝીલી રાજ્યનું રક્ષણ કર્યું, પોષ્યું ને વિકસાવ્યું, તે એટલે સુધી કે તેના સમયમાં હિબ્રુ સામ્રાજ્યનો સૂર્ય સોળે કળાએ પ્રકાશ્યો. તેના રાજ્યનો પ્રદેશ ટાઇગ્રિસ નદીના કિનારાથી ઈજીપ્તની સરહદ સુધી ફેલાએલો હતો, રૈયત સુખી અને આબાદ હતી અને રાજ્યની વાર્ષિક આવક શુમારે સવા છ કરોડ રૂપિયાની થતી. સુંદર બાંધકામનો તે બહુ શોખીન હતો અને તેનું બંધાવેલું જેરૂસલેમનું સુંદર દેવળ બહુ પ્રખ્યાત થયું છે. પણ આ બધાં કરતાં યે તેના ડહાપણ અને ન્યાયને માટે તેની કીર્તિ દેશવિદેશમાં બહુ ફેલાએલી. શેબાની ચતુર, સુંદર અને ગર્વિષ્ઠ રાણી તેના એ ડહાપણ પર મુગ્ધ થઇ તેને વરી હતી. ઇતિહાસનાં પાનાંઓ હજી પણ તેની એ અમર કીર્તિવડે ઓપી રહ્યાં છે



ગુજરાતના વીરતીર્થ

નામના આ અંકમાં આપેલા લેખમાં દેલમાળના જે મંદિરનું વર્ણન છે તે મંદિરની આગળના અગ્રમંડપ (અથવા ચોરી)નો આ ફોટોગ્રાફ ગુજરાતના સ્થાપત્યમાં અપવાદરૂપ છે. મંદિર અને કીર્તિસ્તંભની વચ્ચેના મંડપ ઉપર આ રીતની દીપમાળ ચણવી એ પ્રથા ગુજરાતના સ્થાપત્યમાં દેખાતી નથી. દક્ષિણ હિંદમાં આવી દીપમાળો છૂટી ચણેલી ઘણે ઠેકાણે જણાય છે. ઉત્સવો વખતે આ દીપમાળના ગોખલાઓમાં દીવાઓ પ્રગટતા હશે ત્યારે મંદિર કેટલું ભવ્ય-શોભાયમાન લાગતું હશે !

હતા. તેમનાં માથાં પહોળાં અને કાન નમેલા હતા. તેઓ ખુબ જોરવાળા અને હૃષ્ટપુષ્ટ દેખાતા હતા. તેમને જોઇને મને ડર લાગ્યો, થોડું આશ્ચર્ય પણ થયું, અને હવે પેલાં માણસોને બદલે કુતરાઓ જ મને સ્વાહા કરી જશે એમ લાગ્યું. તે વખતે મારી શી અવસ્થા થઇ એ શું કહું? હોલામાંથી નીકળીને ચુલામાં પડવા જેવું મને તો થયું.

આ આશ્ચર્યકારક બનાવથી હું એકલો ડઘાઈ ગયો કે ત્યાં બીજી એક વાત બની તે મારા ધ્યાનમાં ન આવી. કર્કશ સીટી વગાડી અને કંઇક વિચિત્ર શબ્દ ઉચ્ચારી મારા આ નવા શત્રુઓને કોઇ બોલાવતું હોય એમ મને લાગ્યું; અને જોઉં છું તો, મેં સ્વપ્નમાં પણ નહિ જોએલાં એવાં બે માનવપ્રાણી મારી દૃષ્ટિએ પડયાં. એમના ડીલ ઉપર તરેહતરેહનાં કપડાં હતાં, માથે ઉંધી ટોપલી હતી અને તેમના હાથ મોઢું વગેરે ધોળાં હતાં. એકની આંખ બહુ તીક્ષ્ણ અને આસમાની રંગની હતી. તેમના વાળનો રંગ દેવતાની જવાળા જેવો હતો. મને તો લાગ્યું કે હું ખરેખર મરી ગયો છું અને આ ભૂતો મારી આસપાસ નાચે છે! નહિતો ગોરાં મોંવાળા લોકો અહીં ક્યાંથી આવે? બહુવાર સુધી તો તેઓએ મારી સામે પણ ન જોયું. અંદરઅંદર કંઇક વિચિત્ર શબ્દો ઉચ્ચાર્યા અને તેમાંનો એક તો ઉપરના માળાઓ તરફ જોઇ ખડખડાટ હસ્યો. તે પરથી લાગ્યું કે આ પણ માણસો જ હોવા જોઇએ. તરત જ તેમાંના એક જણે પોતાની બંદુક (એ બંદુક હતી એમ હું હવે કહું છું) કાળજીપૂર્વક નીચે મુકી અને મારી પાસે આવી મને છુટો કર્યો. તે વખતે મને કેટલો આનંદ થયો હશે એની કલ્પના તમે જ કરી લેજો. કૃતજ્ઞતાથી હું તેમને પગે પડયો. બહુ જ પ્રેમથી તેમણે મારી પીઠ થાબડી. એનો હાથ ખુબ લીસો અને હુંફાળો હતો. તે બંને જણા ખુબ લહેરી હોય એમ મને લાગ્યું. ઉપરના માળાઓ તરફ જોવામાં તેમણે કેટલોક વખત ગાળ્યો, પરંતુ તેમાં કોઇ પણ હોય એવું ચિહ્ન સરખું યે ન દેખાયું. ડરથી પિલૈ લોકો પોતાના માળામાં સંતાઇ બેઠા હશે.

સૂર્યાસ્તને સમયે તે ગોરાઓએ જે માર્ગે પોતે આવ્યા હતા તે માર્ગે જવા માંડયું. હું પણ તેમની સાથે જ ઉપડયો. અંધારૂં થતાં પહેલાં અમે તેમની છાવણી આગળ પહોંચી ગયા. છાવણી એક ગુફામાં હતી અને એક મદ્રાસી તે ગુફામાં રસોઇ કરતો હતો. આ પણ મારે માટે તો નવો જ હતો. પણ હું બોલ્યો તેમાંનો ઘણોખરો ભાગ તે સમજ્યો અને તે બોલ્યો તે પણ મને ઘણુંખરૂં સમજાયું. પછી તે સૌ જમવા બેઠા. મને પણ તેમણે થોડો ભાત આપ્યો. જમીને અમે બધા તાપણી કરીને બેઠા અને તેમણે મને બધી હકીકત પુછી. મેં મારો બધો વૃત્તાંત તેમને જણાવ્યો અને તેમને કહ્યું, 'અમારા હાથમાં જો એકાદ પિલૈ આવે તો અમે તેને મારીને દાટી દઇએ છીએ. તો તમે એમ કેમ ન કર્યું?' પણ જવાબમાં તેમણે ફક્ત થોડું હાસ્ય કર્યું.

પછી મને જણાયું કે અમારા ડુંગરની પેલી બાજુ જે ગોરી જાત રાજ્ય કરે છે તેમાંના જ આ બે ફીકાં મોંવાળા માણસો છે. તેઓ દક્ષિણ પ્રાંતમાંથી શીકારને માટે અહીં આવેલા અને આ ડુંગર ઉપર થઇને ઉત્તર તરફ જવાનો તેમનો ઇરાદો હતો. પણ તેમના હમાલ કયાંક બીજે ચાલ્યા ગયા હતા. આ વાતને બે જ દિવસ થએલા. હવે સામાન લઇને કેવી રીતે અને કયે રસ્તે જવું એ જ વિચારમાં તેઓ હતા.

અંતે મારી દરખાસ્તથી તેમને મારા બાપની છાવણી તરફ લઈ જવા એમ નક્કી થયું અને તે પ્રમાણે બીજે દિવસે અમે નીકળ્યા. મારો બાપ અને તેનો સાથી અમારી છાવણીથી બે માઇલ ઉપર જ અમને મળ્યા. હું જીવતો છું અને મારી સાથે કપડાંથી લપેટાએલા બીજા બે ગોરા માણસો છે એ જોઇ તેને બહુ જ આનંદ થયો, પણ સાથેસાથે પેલા કુતરા જોઇ તેને પણ આશ્ચર્ય થયા વિના રહ્યું નહિ.

પછી અમે ચારે મુદેરરો પેલા ગોરા માણસોની છાવણીએ ગયા અને તેમનો સામાન અમારે ગામે લાવવામાં તેમને મદદ કરી. ત્યાંથી પછી નજીકને રસ્તે મારા બાપે તેમને પર્વતની નીચે મુકવા જવું એમ નક્કી થયું. અમારે ગામ જતાં રસ્તામાં પેલા બે જણામાંથી એક ગોરાએ પોતાની લોઢાની નળી (બંદુક)માંથી આગની જવાળા કાઢી અને એક સાબર માર્યું. એ જોઇ અમે તો તાજુબ જ થઇ ગયા! બંદુકનો ઉપયોગ મેં પહેલીવાર જોયો તે આ જ પ્રસંગે.

અમે ગામમાં પહોંચ્યા અને ગામ બહાર જ રહ્યા, કારણકે અમારી સાથેના પેલા બે ગોરાઓને જોઇ ગામમા ખુબ ધાંધલ થઇ ગઇ. ગામના બધા લોકો એમને જોઇને જંગલમાં નાસી ગયા, અને તે રાત્રે તો કેટલું યે કહ્યું તોપણ કોઇ ગામમાં આવ્યું નહિ. માત્ર મારા કાકા—જે તે વખતે અમારા ગામના મુખી હતા—અમારી પાસે આવ્યા. પહેલાં તો તેણે પેલા ગોરા લોકો સામે, તેના કુતરા સામે અને મારી સામે તાકીતાકીને જોયું. પછી તે ગોરાઓ વિષેનું ગાયન બોલવા લાગ્યા. એ ગાયનમાં શ્વેતમુખી લોકો ઘણાં વરસ પહેલાં અહીં આવેલા અને અમારા પૂર્વજોએ તેમનો બહુ આદરસત્કાર કરેલો તે સંબંધી વર્ણન હતું, અને તેઓ ફરીવાર આવશે ત્યારે તેઓ અહીં જ વસશે અને તેમને જે મુદેવર પહેલો મળશે તે જ અમારા ગામનો મુખી થશે એવું ભવિષ્યકથન પણ હતું! મારા કાકાએ મને કહ્યું, 'તું જ એમને પહેલો લેઇ આવ્યો છે એટલે હવે તું જ અમારા ગામનો નાયક છે. પણ તને કહી રાખું છું કે આ ગોરા માણસો સાથેનો આપણો સંબંધ સ્નેહનો હોવો જોઇએ, અને તેમને ક્રોધ ન ચડે એવાં જ કામો આપણે હાથે થવાં જોઇએ. આપણે આજ સુધી ચાલતા આવ્યા તેમ જ હવે પણ ચાલીશું. જંગલમાં ગમે ત્યાં ફરવું અને મરજી પડે તે શીકાર કરવો એમાં આપણને પ્રતિબંધ નહિ ચાલે. બસ આટલું તું ધ્યાનમાં રાખજે. આજથી હવે તું અમારો મુખી છે.

આ મારી મુખી થયાની વાત છે." [મધપુડો]

['વાઈડ વર્લ્ડ' નામના વિલાયતના માસિકમાં, મદ્રાસના દેવીકોલમ ગામથી બૅરોનેસ રૉસેનબર્ગ નામની બાઇએ એક ખરા બનેલા બનાવ પરથી લખેલી 'નરવ્યાઘ્રોની વાર્તા' ઉપરથી.]

તારે બારણે

હજારો વાર વાર્યા છતાં જેમ ઘોડો કબજે નથી રહેતો, તેમ મારો પણ મન રૂપી ઘોડો હાથ નથી રહેતો.

હું મારી નબળાઇથી જ દુઃખી થાઉં એમાં તારો કે કોઇનો શો દોષ? એ મન જ તારણહાર કે ડુબાવનાર છે.

મારા પ્રભુ! કોઇ જાદુગર જાદુભરી મિટ્ટી હાથમાં લઈ કોઈ પર નાખી પોતાની પાછળ ખેંચી જાય છે તેમ તું પણ સોળ પાંખડી કમળદળ શા તારા કરમાં દૈવી મિટ્ટી લઈ મારા મનરૂપી ઘોડા પર નાખ, અને એ ઘોડા ઉપર ચડયોચડયો તારે જ બારણે આવી ઉભો રહીશ. **મોહિનીચંદ્ર**

જીવનપરાગ

૧૬

પેશ્વાઇના સમયમાં થઈ ગએલા મહાન પુરુષોમાં પુનાના મુખ્ય ન્યાયાધીશ રામશાસ્ત્રીનું જીવન બહુ જાણવાલાયક છે. તે આદર્શ બ્રાહ્મણ હતા. પોતાના દરરોજના ખર્ચ જેટલું રાખી બાકીનાનું તે દાન કરી આપતા. એક વખત તેમનાં પત્ની માધવરાવ પેશ્વાનાં રાણીને મળવા ગયાં. પુનાના મુખ્ય ન્યાયાધીશનાં પત્નીને તદ્દન સાદા વેશમાં અને કોઇપણ જાતનાં ઘરેણાં વિનાનાં જોઇ માધવરાવનાં રાણીએ આગ્રહ કરી તેમને સુંદર વસ્ત્રાલંકારો પહેરાવી પાલખીમાં બેસાડી વિદાય કર્યાં. તેમને દૂરથી આવતાં જોઇ રામશાસ્ત્રીએ ઘર વાસી દીધું. 'તમારાં પત્ની આવ્યાં છે' એમ નોકરોએ કહેતાં તેમણે જવાબ આપ્યો, 'ખોટી વાત; મારા જેવા ગરીબ બ્રાહ્મણનાં પત્ની આ શેઠાણી હોય નહિ. મારાં પત્ની તો બીચારાં સાદાં બ્રાહ્મણી છે.' ચતુર બાઇ પાલખી પાછી લેવડાવી તુરત પેશ્વાને મહેલે ગયાં અને પોતાનો અસલ સાદો વેશ પહેરી પગે ચાલતાં પાછાં આવ્યાં, એટલે જાણે કાંઇ જ બન્યું ન હોય તેમ શાસ્ત્રીજીએ તેમને હમેશની માફક સપ્રેમ આવકાર આપ્યો.

૧૭

શાહુ મહારાજને સાદાઇ બહુ ગમતી. મરાઠા સરદારો મોગલોની દેખાદેખીથી ઠાઠમાઠના શોખીન થતા જતા હતા તે એમને પસંદ ન હતું. મોગલ દરબારમાં રહેતો એક મરાઠા સરદાર ભભકાબંધ પોષાક અને ઘરેણાંનો ખાસ શોખીન હતો. એક વખત મોગલ બાદશાહ તરફથી રાજ્યના કામે તે શાહુ મહારાજ પાસે આવ્યો, ત્યારે શાહુ મહારાજે પોતાના સર્વ સરદારોને તદ્દન સાદા પોષાકે હાજર રહેવાનું કહ્યું. મહેમાનને સામૈયું કરવા માટે તેમણે પોતાના પ્રિય કુતરા ધોંડિયાને રત્નજડિત આભૂષણો પહેરાવીને પાલખીમાં મોકલ્યો. સૌ આવ્યા પછી શાહુ મહારાજે કચેરીમાં ઉભા થઇ કહ્યું, 'આજે આપણા દરબારમાં બે જ જણ શણગારાએલા છે. એક આપણા માનવંતા મહેમાન અને બીજો આપણો પ્રિય ધોંડુ;

અને તેથી તેમને લેવા માટે તેમના જેવા જ ભભકા સાથે ઘોડુને મોકલ્યો તે યોગ્ય જ થયું છે.'

૧૮

લખનૌનો નવાબ આસફ઼ ઉદ્દૌલા પ્રખ્યાત દાનેશ્વરી હતો. એક વખત તેણે એક ફ઼કીરને બાંગ પોકારતો સાંભળ્યો: 'જીસકો ન દે ખુદા તાલા, ઉસકો દે આસફ઼ ઉદ્દૌલા.' નવાબે ફ઼કીરને બોલાવી હીરામોતી ભરેલું તડબુચ આપ્યું. ફ઼કીર તો તડબુચ જોઈ નિરાશ થઇ ગયો અને તે તરત જ વેચી દીધું. થોડા દહાડા પછી પાછો ફરીથી ફ઼કીર બાંગ પોકારતો નીકળ્યો, ત્યારે નવાબે બોલાવી પુછ્યું, 'સાંઇમૌલા, તડબુચ કેવું નીકળ્યું હતું?' ફ઼કીરે જવાબ આપ્યો, 'એ તો મેં બે પૈસે વેચી નાખ્યું હતું!' નવાબે તેને એ તડબુચમાં શું ભરેલું હતું તે સમજાવીને કહ્યું, 'હવે આ પ્રમાણે જુઠી બાંગ પોકારશો નહિ. મેં તો તમને ઘણું આપવા ધાર્યું પણ ખુદાએ તમારા હાથમાં આવવા દીધું નહિ. માટે હવેથી બાંગ મારજો કે 'જીસકો ન દે ખુદા તાલા, ઉસકો ન દે સકે આસફ઼ ઉદ્દૌલા.'

૧૯

બંગાળી વિદ્વાન વિશ્વનાથ શાસ્ત્રી આદર્શ બ્રાહ્મણ હતા. એક સમયે તેમને કેટલાક પંડિતો સાથે વાદવિવાદ થયો. સામો પક્ષ હાર ઉપર આવ્યો એટલે તેમનામાંથી એક પંડિતે શાસ્ત્રીજીના મોં પર છીકણીની દાબડી ફેંકી. મોં પરથી છીકણી સાફ કરી શાસ્ત્રીજીએ શાંતિથી કહ્યું, 'આ તો પ્રસંગ બહારની વાત થઇ, માટે તે જવા દઇ હવે આપણે મુળ વાત પર આવીએ.' શાસ્ત્રીજીનો સંયમ જોઇ સામા પક્ષે વધારે વાદ ન કરતાં તરત જ પોતાની હાર સ્વીકારી.

૨૦

બંગાળી શેઠ રામદુલાલ સરકારને એવી ટેવ હતી કે દરરોજ ઉઘાડા શરીરે ગંગાસ્નાન કરવા માટે જવું. આ પ્રમાણે શિયાળાની એક સવારે તે નાહીને ઉઘાડા શરીરે આવતા હતા તેવામાં તેમને એક આડતિયો મળ્યો. તેણે કહ્યું, 'શેઠ સાહેબ, શા માટે આટલો બધો લોભ રાખો છો? એકાદ શાલ લઈ ઓઢીને જતા હો તો કયાં તોટો આવે એવું છે?' શેઠે આનો કાંઇ જવાબ આપ્યો નહિ, પણ બીજે દહાડે એક સો બ્રાહ્મણને તેમણે ભારે કીમતની શાલનું દાન કર્યું. આ સર્વ બ્રાહ્મણો જયારે પેલા આડતિયાના ઘર પાસે થઇને નીકળ્યા અને તેણે સર્વ વાત જાણી ત્યારે તેને ખાતરી થઇ કે રામદુલાલ શેઠ લોભની ખાતર નહિ પણ સાદાઇની ખાતર જ શાલ કે એવું કૈં ઓઢતા ન હતા.

૨૧

પંજાબકેસરી રણજીતસિંહના સરદાર હરિસિંહ નલવાએ અફઘાનિસ્તાનમાં અનેક ચડાઇઓ લઇ જઇ તોફાની અને લુટારૂ અફઘાનોને હિંદુજાતિની વીરતાનો પરિચય આપ્યો હતો. તેની ધાક અફઘાનિસ્તાનમાં એટલી બધી પેસી ગઈ હતી કે હજી પણ અફઘાન રમણીઓ 'હરિસિંહ આવ્યો' કહી રડતાં બાળકોને છાનાં રાખે છે.

હરિસિંહના સૈનિકોને એક ચડાઇ દરમ્યાન ખોરાકની ઘણી મુશ્કેલી પડી. અફઘાન સૈનિકો શીખ લશ્કરને આવતું જોઈ રાંધેલો ખોરાક મુકી નાસી ગયા. તે ખોરાકનો મોટો ભાગ ગોમાંસનો બનેલો હતો અને શીખ સૈનિકોએ તે સ્વીકારવા કરતાં ભુખ્યા મરી જવું વધારે પસંદ કર્યું. એટલે હરિસિંહે સુવ્વરનું હાડકું લઈ 'વાહ ગુરુજીકા ખાલસા, વાહ ગુરુજીકી ફતેહ' બોલી તેમાં હલાવ્યું અને હવે તે ખોરાક લેવામાં કાંઇ જ હરકત નથી એમ કહી જાતે જ તેની શરૂઆત કરી. ત્યાર પછી કદિ પણ શીખ લશ્કરને અફઘાનિસ્તાનમાં ખોરાકની મુશ્કેલી નડી નહિ.

[સંપાદિત] **નવલરામ ત્રિવેદી**

કોનો દોષ?

બ્રહ્મબારણે અનિલની લહરીએ તારી સવારી આવીને ચાલી જાય તો યે હું મારાં દ્વાર ન ખોલું:

સરિતાની કાચનિર્મળ ધારે તારો અખૂટ સંજીવનીભર્યો અમીપ્રસાદ વહી જતો હોય તો યે હું મારા હાથ ન લંબાવું:

ફુલફુલની પ્રત્યેક પાંખડીથી નીતરતી તારી રસસૌરભ મારા અંતરમાં વહી રહી હોય, અને ગગનમંડપમાં જડેલા તારાગણની પ્રત્યેક કણથી તારી નેત્રપલ્લવી મારી કર્મસમીક્ષા કરી રહી હોય તો યે હું ઉંચું ન જોઉં:

સાગરના ઘોર ગર્જનને પડઘેપડઘે તારો સુરસ સંગીતધ્વનિ વાતો સુણાતો હોય તો યે હું મારા કાનના પડદા ન ખોલું:

ને તું પોતે યે તારા રત્નઝગિત સ્વચ્છ ભુરા આકાશમહેલમાંથી પર્વતપર પથરાતાં તારાં અનંતકોટિ સુવર્ણકિરણો રૂપી દૂતો દ્વારા તારા સંદેશ પાઠવી, ચપળતાનાં મર્મવેધી બાણો છોડયાં કરતો હોય તો યે હું મારી નિદ્રા ન ત્યાગું:

અને, ઓ નાથ! ચોર્યા જ કરે . . . . . .

તો, કોનો દોષ?

મોહિનીચંદ્ર



શેરીનાં સ્મરણો

બાળકેશ્વર મહાદેવ અમારું



પ્રિય સ્થાન હતું. એનો ઓટલો વાળવો, આસપાસ સાફસુફ કરવું અને એને કળશો ચડાવી ટીલાં કરવાં વગેરે અમને બહુ ગમતું. ઉનાળામાં શંકરના પથરા પર હાથ ફેરવતાં ફેરવતાં ઠંડા પાણીની ધાર અમને કંઇકંઈ મઝા આપતી. પરીક્ષા આવે ત્યારે બાળકેશ્વરની માનતા કરતા. કોઈ ખોવાઇ જાય તો બાળકેશ્વરના બે દીવા કરતા. રાતમાં બીક લાગે તો બાળકેશ્વર બાપાનું નામ લેવાતું. એનું નામ બાળકેશ્વર એટલે અમારા જ ઇશ્વર એમ માનતા.

હોળીદીવાળી,. નવરાત્રના દિવસો, તહેવારો વગેરે અમારા ઉત્સવો હતા. હોળીમાં પાણીનો અને હળદર તથા ખારાના પાણીના બનાવેલ રંગની શીશીઓ છાંટતા. રંગ ખુટે એટલે ધુળ અને ધુળ પછી છાણ અને પછી ગારાનો વારો આવતો.

મોટાઓ મોટી હોળી કરતા અને નાનાઓ નાની હોળી કરતા. ગામડામાં ઘેરૈયા આવે, સાથે ગાડું ફેરવે, ફાગ બોલે ને શિરજોરી કરી છાણાં ઉઘરાવે; ન આપે તેના ઘર ઉપર પથરા પડે ને પાંચપચીસ છાણાંને બદલે આખું મોઢવું ચોરાય. જેઓ લોભી હતા, રાજીખુશીથી છાણાં ન આપતા તેઓનાં છાણાં ચોરવામાં વધારે રસ આવતો. સાંજે શ્રદ્ધાથી હોળી પ્રગટાવી તેના ફરતા ફેરા ફરતા અને તેમાં ધાણીદાળિયા અને ખજુર નાખતા. મોડી રાતે જદુ બાપાની મંડળીમાં ધુસી જઇ ફાગ પણ લલકારતા. ભુંડું બોલવાના અને ભુંડું સમજવાના પહેલા પાઠો ભણાવનાર જદુ બાપો અમારો ભુંડો દેવ ગણાય.

હુતાશણીમાં વળાના ઠાકોર તેનાં માણસો સાથે રમવા નીકળતા અને ગામને હુતાશણી રમવાના શોખમાં હેરાન કરતા એમ અમે સાંભળેલું. તેથી

હુતાશણીના વખતમાં અમે તેનાથી બહુ બીતા.

નવરાતરની રાતો અમારા આનંદમાં ઓર વધારો કરતી. અમે ગરબી બનાવતા. ગરબીનું ખોખું કદિ મીસ્ત્રી કે કારીગર આગળ કરાવતા નહિ, પણ વાંસની ખપાટોમાંથી જાતે તૈયાર કરતા. ખોખું તૈયાર કરાવવામાં, તેની ચારે બાજુ કોતરણીવાળા કાગળો ચોડવામાં, પિત્તળપાનાંની ઝાલર બનાવવામાં દિવસોના દિવસો કાઢી નાખતા. દિવસ અને રાત ગરબી માતાથી જ ભરાએલા રહેતા. આ દિવસોમાં ખપાટ છોલવાનો, લાહી બનાવવાનો, કાગળ ચોડવાનો, બાંધવાનો, એવા નવાનવા હુન્નર શીખતા અને આનંદ લેતા. રંગબેરંગી કાગળોમાં અવનવીન કોતરણી અમને બહુ ગમતી. કોતરણીનું કામ અમને એક મોચી કરી આપતો.

માતા બનાવવા માટે અમે ફાળો કરતા. માતા પાસે હમેશાં વા બાળવા માટે પાવળુંપાવળું તેલ બધી દુકાને માગતા. અમારો મિત્ર વીશવો આ કામ કરતો. કોઇ રાજકુમાર અથવા બીજા કોઇ પૈસાદાર દર્શને નીકળે અને બેચાર આના મુકી જાય તો તે માતાના નૈવેદ્યમાં વાપરવા માટે રાખતા.

સાંજે વીશવો તેલ માગી લાવે. હું ને મારા મિત્રો ચોક વાળી નાખીએ ને ઘેરઘેરથી ઘડોઘડો પાણી લાવી ચોકને છંટકોરી સમારીએ. પછી વાળુ કરીને આઠનવ વાગે એટલે 'ભેર ભેર બહુચર માતકી જય' એમ કહીને અમારી નાનકડી ગરબી પધરાવીએ અને કોઇ આરતી ઉતરાવનારની રાહ જોઇએ. એક પૈસામાં અમારી આરતી ઉતરે. અમારી ગરબી પણ નાની અને ફી પણ નાની. વીશવાનો બાપ માતાનો ભક્ત હતો એટલે વીશવાને આનંદનો ગરબો આખો યે આવડે. તે અમારી ગરબી પાસે ગાય અને અમે ઝીલીએ.


દસ વાગે અમારી માતાને પધરાવી દઇએ અને અમારી શેરીની મોટી ગરબીએ જઇએ. ત્યાં આરતી-પૂજા થઇ રહ્યાં હોય, કણબીઓએ 'શરદ પુનમની રાતડી ને કાંઇ સાંદો સડયો અંકાશરે' એ રાસડો હાલતો કર્યો હોય. અમારી ગરબીના અમે મોટા આ મોટી ગરબીમાં નાનકડા થઇ બેસી રહીએ. એ કણબી-ના રાસડામાં ભળીએ તો પણ ચગદાઇને હેઠા પડીએ. ઝુક બોલતી હોય ત્યાં મગનભાઈ ને બલુભાઇ જેવાનું શું ચાલે? એવા રાસડાની હલક અને ઝુક હવે તો ફરીવાર જોવા મળે ત્યારે ખરી.

કણબા જાય પછી ડોસો મહેતો ઉભો થાય અને રાસડા લેવા માંડે. એનો કંઠ મીઠો હતો. 'સોનાને પારણે બોલે છે મોર' 'માજી તું તો પાવાની પટરાણી' એ લીટીઓ હજી કાલે જ સંભળાણી હોય એમ મારા કાનને તાજી છે. નહોતો હું ગાતો, કે નહોતું આવડતું ફરતાં; છતાં એ રાસડા અને ગાનની અસર મારા પર નહોતી થતી એમ નહિ. આજે લોકગીતનો પુનરોદ્ધાર કરવાની વૃત્તિ એ અસરની સાક્ષી પુરે છે.

ગરબા ગવાતા હોય એ વખતે શેરીની સ્ત્રીઓ કાશીરામ ભટ્ટને ઘરે ખાટલીઓ નાખીને બેસતી અને જોતી. કોઇકોઈવાર રાંદલનાં ગીતો ગાતી. અમે જ્યાં ત્યાં ધક્કામુક્કી કરતા અને દોડાદોડ કરતા જોવામાં આવતા. મોટાઓ અમને 'એલા આઘો રે' 'કોરે ખશ' એમ કહી અવગણતા હતા. હું જરા રીસાળ હતો. મારા નાકનું ટેરવું વારેવારે ચડી જતું!

નવરાત્રિના છેલ્લા દિવસોમાં નોબત શરણાઇ સાથે દાંડિયા રાસ લેવાતા. ભારે જામતી. મોટી ઉમરનાઓનો આનંદ ગરબા હતા: જુવાનિયાનો આનંદ દાંડિયા રાસ હતા: અને અમારા જેવા નાનાનો આનંદ એ બધું જોવામાં હતો.

સ્વભાવે હું એકમાર્ગી અને શાંત હતો. અવલોકન કરવાની ટેવ મારામાં ઉંડી હતી. ગરબીમાતાની દરેકે-દરેક મૂર્તિ નીહાળીનીહાળીને જોતો. અમારી ગરબી મીણાકારી હતી. એવી ગરબી કાઠિયાવાડના કોઇ કુશળ કારીગરે માત્ર ત્રણ જ બનાવેલી. એક છે ચોગઠમાં, એક છે લંડારિયામાં ને એક છે વળામાં. ચોસઠ જોગણીઓનાં સુંદર ચિત્રો કાચ પર ચીતરેલાં હતાં. કારીગરીમાં હું સમજતો નહિ, પણ તે જોવું તો બહુ ગમતું. મીણાવાળા બ્રહ્મા અને સરસ્વતીની છબીઓ હું કલાકોના કલાક સુધી જોયા કરતો. એકીટશે જોતાં જોતાં મને લાગી જતું કે જાણે એના હાથ વીણા પર ચાલે છે. એવી જાતના પ્રયોગો હું બહુ કરતો. આંખ સ્થિર થતાં મને ચિત્રની દેવીઓ હાલતીચાલતી ભાસતી! એવો અનુભવ થતાં મને ખુબ આનંદ થતો. આ વાત હું પહેલવહેલી અહીં કરૂં છું. એ દીપમાળ, લોકસમૂહ, ગરબા-રાસડાની ઝુક, કોઇ ન જાણે તેમ, કોઈ ન સમજે તેમ, મારા હૃદયમાં હું ખુબખુબ ભરી લેતો.



સાધારણરીતે ગરબીમાતાનો ચોક આડે દિવસે નાનો લાગતો. પરંતુ જ્યારે તેના પર ચંદરવો બંધાતો ત્યારે તે અમને બહુ મોટો લાગતો, એ વાતની છાપ મારા મગજ પર સજ્જડ પડી છે. ચંદરવાની નીચે થતા છાંયામાં ટાઢી થઇ ગએલી ધુળમાં મને એટલું બધું રમવું ગમતું કે એ ટંડી ઝીણી ધુળનો સ્પર્શ હજી પણ ભુલાયો નથી. ચંદરવા નીચે દિવસે અમે સાંઠાનાં મલોખાંના ખાટલા, સાંઢડીઓ, બંદુક વગેરે કરતાં. આ એક સુંદર હાથકારીગરીનું કામ હતું. મલોખાંનાં રમકડાં બનાવવામાં અમને ખુબ મઝા અને મહેનત પડતી.

દીવાળી આવે ત્યારે ફટાકડા ફોડવાની મઝા. હું જરા બીકણ હતો. બાપા ફટાકડા ખુબ લાવે, પણ બંદા જરા ફોડતાં ડરે! ખડકી બહાર પાટ નાખી મોટો પથારો કરી હું બેસું. પછી શેરીના બીજા છોકરાઓ, પોતાને ફટાકડા મળતા ન હોવાથી, મારા ફટાકડા ફોડવા આવે ને મને ફટાકડા ફોડી દે! એમને ફટાકડા ફોડવાનો આનંદ પડતો અને મને મારા ફટાકડા ફુટે છે તે જોવાનો આનંદ મળતો! ફટાકડાના અવાજ સાંભળવામાં, બપોરિયાંના જાતજાતના રંગો જોવામાં, છછુંદરિયા ફટાકડાનો છુરછુરાટ સાંભળવામાં જાત-જાતની મઝા પડતી. હું એક પેટી ભરીને ફટાકડા રાખતો. કેટલીક વાર મોટા બંદુકિયા સળગાવી તેના પર ઉંધો મોરિયો મુકતા. બંદુકિયો ફુટતો તેની સાથે જ મોરિયો ઉડતો અને કટકા થતા. લવીંગિયા ફટાકિયાની તડાફડી ગમ્મત આપતી. કોઇકના પર ફટાકિયો પડતો તો તે કુદતો અને હસાહસ થતી, તેનો તો ઓર આનંદ.

દેવદીવાળીએ શેરીમાં મંડપો પુરાતા. ખીસામાં લાલલીલાં બાકસોમાં લાલલીલા રંગો રાખી મંડપમાં જતા, જઇને મંડપને જાતજાતના રંગોથી રંગી દેતા, તે બધું વિસરાય તેમ નથી. આ મંડપો જોવાનું બહુ ગમતું. તાંબાપીતળનાં વાસણોની ચકચકિત માંડ અને જમીન પર ચોખાથી પુરેલી રંગોળી જોતાં એટલોબધો આનંદ કેમ થતો. તે હવે સમજાય છે.

આખો મંડપ કલાકૃતિનો નમુનો બનતો. રંગની ગોઠવણી અને પસંદગીની તેમાં ખુબી હતી. આજે એ ખુબી સ્પષ્ટ સમજાય છે, પણ આજે એવા મંડપો

પુરાતા નથી ! આ દિવસોમાં ઘેરઘેર ગલનાં ફુલ બહુ થતાં. એક શરમાળીના ઘરના ગલ ઉપરથી થાળ ભરીને ગલ ઉતરતાં, અમે હાર કરતા અને દેવને ચડાવતા.

શેરીનાં કેટલાંક સ્થાનો અમારાં ખાસ પ્રિય સ્થાનો હતાં. એક ઘરના એક ખુણાને 'અંધારિયો ખુણો' એવું નામ આપ્યું હતું. ત્યાં અમે એકઠાં થતાં અને કંઇકંઇ વાતો કરતાં. એ ખુણે બેસીને બીટી નામના એક મિત્રે અમને આખું રામાયણ અને મહાભારત કહી બતાવ્યું હતું. કાશીરામ ભટ્ટની ખાંભી પણ તેવું જ પ્રિય સ્થળ હતું. જીવા ભટ્ટની ડેલી અને બાળકેશ્વરનો ઓટલો એ પણ કાંઇ ઓછાં પ્રિય ન હતાં. આ દરેક સ્થાન પરત્વે અમારા જીવનની એક-એક સ્થાનબદ્ધ કથા લખી શકાય.

ઋતુઓનાં સ્મરણો પણ હજી તાજાં છે. શિયાળો આવે એટલે ચમલી, ત્રાંસલી, ટીપુડી (કુતરીઓ) વીંઆય. એ વીંઆય ત્યારે અમે પાસે બેસી, ભુખને લીધે કુતરી ગલુડિયું ખાઈ ન જાય તેની સંભાળ રાખીએ. અમારામાંના કેટલાક દોડીને એક ઠીબકું લઇ

'ભાઈ ભાઈ કુતરી વીંઆણી
ધાન દે કે ધોકો'

એમ કહીને કુતરી માટે ત્રણ દિવસ ચાલે તેટલા રોટલા માગી લાવે. અમારા ઘરનો એવો રીવાજ હતો કે જ્યારે કુતરી વીંઆય ત્યારે તેને માટે તેલનો શીરો કરી દેવામાં આવે. કુતરી વીંઆતી જાય અને અમે ગલુડિયાં ગણતા જઇએ. કયું સુંદર, કયું નહિ, કયું પાળવા જેવું વગેરે પણ સાથેસાથ નક્કી કરતા. કુતરીઓના વીંઆવાના દિવસો અમારે મોટા ઉત્સવના દિવસો હતા. એનાં ગલુડિયાં અમારી સામે આમતેમ ડોકાં હલાવીને રમતાંકુદતાં ત્યારે અમને કંઇકંઇ થઈ જતું.

ગલુડિયાંને છાશ અને પાણી પાવાનું કામ અમે બહુ પ્રેમથી કરતા. હું તો ગલુડિયાંને બચી પણ ભરતો! ઉનાળો આવે એટલે અમે કુતરાઓ માટે ઠીબડીમાં પાણી રેડતા અને પરબ બાંધતા. કાળિયો લપલપ પાણી પીતો તે એવો ને એવો નજરે તરે છે. તડકામાં કુતરાં બહુ હાંફતાં. પાણીઆરા નીચે કે નહાવાની જગ્યાએ બીચારાં ભરાઇને બેસે, ત્યાં વળી કોઇ તેને મારે એટલે આઉંઆઉં કરતાં ભાગે!

ચોમાસું આવે એટલે માબાપને પુછ્યું, ન પુછ્યું ને લુગડાં કાઢી શેરીમાં દોડીએ. પહેલા વરસાદ વખતે આવતી માટીની સુગંધ અમને એટલી બધી મીઠી લાગતી કે હું તો માટીને જરાજરા ખાતો. જેનાતેના ઘરના ધોરિયા નીચે ખુબ નહાતા. શેરીમાં ભરાએલ ખાડામાં કાગળનાં વહાણ બનાવી તરતાં મુકતા. ચોમાસાની એક વાત હમેશાં યાદ આવે છે. જુદાજુદા ઘરની ખાળોમાંથી ધડધડ પાણી નીકળતું તે દરેક ખાળને એકએક નામ આપતા. જમના ગાંડીની ખાળને જમના નદી નામ આપેલું. ગંગુની ખાળને ગંગા નદી. એવાં નામો આપતા, એ નદીઓ આડા પુલ બાંધતા, નદીઓનાં પાણી રોકી મોટાં સરોવરો અને સમુદ્રો બનાવતા, પાણીના જોરથી અમારો સેતુ તુટી જતો તો વળી ફરી અમારી રામસેના પાજ બાંધતી. એક-વાર ધોધમાર વરસાદ વરસતો હતો. અમે બધા જમના નદી ફરતો બંધ બાંધતા હતા. બંધ બાંધવામાં એવા મચેલા હતા કે અમે બધું ભાન ભુલી ગયા. એટલામાં ત્યાં એક સાંતીડું આવ્યું ને મારા કપાળમાં વાગ્યું, અને હું તરત જ જાગૃત થયો.

માબાપો અમને કલાકોના કલાકો કેમ પલળવા દેતા હશે તે સમજાતું નથી. આજે મારા બચુને પા કલાક પણ વરસાદમાં નહાવા દેતો નથી. તે દિવસે અમારે 'મોટી બેન'* માંથી વરસાદનો પાઠ વાંચી પતાવવાનું ન હતું.

જેમ અમારાં કેટલાંક પ્રિય સ્થળો હતાં તેમ કેટલાં યે અપ્રિય સ્થળો પણ હતાં. રામબાઈ ડોશીનો પીપળો ભૂતનું સ્થાન ગણાતું. એ જગ્યાએ જઇએ તો અમે બીએ જ. ગીગાના વાડામાં ખુનો થએલાં એટલે ત્યાં રાત્રે હગવા જતાં ડર લાગે. બાકી જ્યાં અંધારૂં હોય, ખુણોખાંચરો હોય ત્યાં બધે ભૂતપ્રેત તો ખરાં જ! પણ અમે હીંમતબાજ પણ હતા. બધા ભેગા થઇને નીકળીએ. મુછો આવી ન હતી છતાં મુછો ચડાવતા ચડાવતા, ખોંખારા મારતા અને હેં હેં હેં કરતા, 'આવી જાઓ, ભૂતથી ડરતા નથી' એમ હીંમત બતાવતા. અમારી ખરી હીંમત કેવી હતી તે અમે સૌ મનમાં સમજતા.

* 'ચાલણગાડી' પછીનું પુસ્તક. લખનાર : ગિજુભાઇ અને જુગતરામ.



કહ્યું, 'હા હું હાર્યો.' તેણે ફરી કહ્યું, 'તું હાર્યો.' મેં ફરી જવાબ વાળ્યો, 'હા હું હાર્યો.' તેણે ત્રીજી વખત કહ્યું, 'તું હાર્યો.' મેં તેને ચેતાવ્યો અને કહ્યું કે જો હવે હાર્યો કહીશ તો ગેડી મારીશ. તે બોલ્યો, 'ત્યારે તું હાર્યો!' મેં ફેરવીને એવી તો

ભણતાં તેથી વધારે અમે રમતાં. છોડીઓ અને છોકરાઓ કંઇકંઇ રમત રમતાં. 'અચકો મચકો કારેલી'માં અમે ભેગા ખરા. મોળાકત અને જાગરણની રાત્રે પણ અમે ભેગા જ. અમારી શેરીની છોડીઓને બીજી શેરીની છોડીઓ સામે કુટવા જવું હોય તો બહાદુર નરો પેઠે હાથમાં લાકડી લઇને જતા. બીજાઓ છોડીઓ સાથે રમ્યા હશે તેના કરતાં હું વધારે રમેલો. છોડીઓ રાસડા કે ગરબા લેતી ત્યારે હું બરાબર કાન દઇને સાંભળતો. મને એનો પહેલેથી કંઈક રસ ખરો.

શેરીમાં મર્દાની રમતો ખુબ રમાતી. 'ધમણ ગોટીલો' બહુ રમાતો. મોઈદાંડિયો અને ગેડીદડો પણ ખરા. ચોમાસે ગરિયાની રમત ચાલતી. માટલી ડાવ, ઝાલકો દા તો રોજ ચાલે. કેટલીક રમતો મને ખુબ ગમતી; પણ ધમણ ગોટીલામાં હું માર ખાઈ શકતો નહિ. બળ કરતાં કળની રમતો મને વધુ ગમતી. મગના અને કુરણાની સરખામાણીમાં હું રમતોમાં બહુ હુશિયાર અને ચાલાક હતો એમ હું લખાવી શકત, કારણકે એની સામેનો પુરાવો કોણ લાવનાર છે? પણ એમ લખી જવામાં મર્દાનગી ન આવે તેમ હું સમજું છું. મારી સાંભરણ પ્રમાણે મને ગેડીદડો ખુબ ગમતો. આગળ કહ્યું તેમ હું જરા મીજાજી હતો. જરા ટીખળી સ્વભાવનો પણ ખરો. મને ગેડીદડાનો એક પ્રસંગ યાદ આવે છે. રમતાં રમતાં હું હાર્યો. સામાવાળાએ કહ્યું, 'તું હાર્યો.' મેં ગેડી લગાવી કે પાસે ઉભેલા એક બીજા જણને લોહી નીકળ્યું અને પેલો ખીજવતો હતો તેને પણ વાગ્યું!

શેરીમાં મારામારીના પ્રસંગો પણ આવતા. કોઈવાર બે પક્ષો બંધાતા. કાં તો શેરીશેરી વચ્ચે, કાં તો મોટા નાના વચ્ચે. આજે લડીએ તો કાલે ભેગા. લડાઈ કરીએ તો સાચેસાચી. અમારામાં જાતજાતના લડવૈયા હતા. તેમની લડવાની કળાઓ નવીનવી હતી. હકલો બાંયમાં સોટી સંતાડે. કોઇને ખબર ન પડે ને દુશ્મનો બેઠા હોય ત્યાં આવે. બેપાંચ સોટી ધડધડ લગાવી જોતજોતામાં ઘર ભેગો થઈ જાય' વીશવો ગાળો દઈ જાણે. ગરગોટ માર ખાઇને અધમુઓ થઈ જાય, પણ 'મીણ' ન ભણે. મગનો ચાલતો જાય ને ભટકાતો જાય; ધબ્બો મારતો જાય ને કજીયો ઉભો કરતો જાય. કુરણો તેના તકરારી બાપની બીક બતાવ્યા કરે. બાધલો બીચારો ડરપોક. લડાઇની વાત આવે ત્યાં ભાગી જાય. અમારા પોપટભાઈ (જે અમેરિકા જઇ આવ્યા છે) લડાઈ સળગાવવામાં કુશળ. ધડ કરતી ગાળ દે ને સોટી લગાવે. લખુભાઇ દાઢી થોભી, વગર બોલ્યે તમાચો મારી પછી વાત કરે. હું ઘણો વિચિત્ર હતો. કદિ એકદમ ઉશ્કેરાતો નહિ તેમજ નડતો પણ નહિ. હારવાની અણી વખતે કુદી પડતો, અને પછી દુશ્મનને સખત મારતો. દરેક ઠોંસા વખતે એકેક ભુંડી ગાળ દેતો જ. મારા કોંકલા શરીરથી હું બીજાને કેટલો મારતો હોઈશ તેનો વિચાર આજે કરી શકતો નથી. સામો માણસ હારી જતો એમ મને યાદ છે.



હું બળવંત કરતાં જોરદાર હતો. લડાઇમાં હું ઇતિહાસકારનું કામ કરતો. લડાઇ થયા પછી તેની લડાઈની હકીકત હું લખતો. કોણે કેટલા ઠોંસા ને કેટલી ગાળો દીધી, ને કોણે કેટલા ઠોંસા ને કેટલી ગાળો ખાધી તેની યાદી હું રાખતો. લડાઇનાં સ્થળો, તહનામાની શરતો વગેરે હું લખી રાખતો. એવી એકાદ બે લડાઇઓનાં નામો યાદ આવે છે : 'બીડિયાની લડાઈ' 'પીપળાની લડાઈ' વગેરે. એક છોકરો બીડી પીતો તેની વાત ઉઘાડી કરી તે પરથી લડાઇનું નામ બીડિયાની લડાઇ એમ રાખવામાં આવેલું! હથિયારોમાં અમે પથ્થરો, સોટીઓ અને બચકાં ભરવા માટે મોઢાં વાપરતા! ઇસાને વાંકો વાળી હું ઠોંસા મારતો હતો તે વખતે મારા સાથળમાં એ સજ્જડ બચકું ભરી ગએલો. મેં એ દર્દ બહાદુરીથી સહન કરેલું!

ઉમરાળામાં અમારામાંના બેત્રણ જણાએ નાટક જોએલાં : સંગીત લીલાવતી અને હલામણ જેઠવો. શેરીમાં અમે વગર પડદે નાટક કરવાની શરૂઆત કરી. લીમડાનાં બેચાર તીરખાં જમીનમાં રોપીને જંગલ બનાવ્યું અને પછી હલામણ બનેલા પોપટભાઇએ ગાયું :

'વિદેશવાટ જાઉં છું આ વાર ધુમલી.'

ધીમેધીમે અમારા નાટકનો રસ ખુબ વધી ગયો. અંતે અમે એક સુંદર સફળ નાટક કરી શકેલા. જાગરણની રાત હતી. ગરગોટના ફળિયામાં વાંસડા ખોડીને ત્રણ પડદા કર્યાં હતા. ખેલ નામે 'સંગીન લીલાવતી' જાહેર કર્યો હતો. શેરીનાં છોકરાછોકરીઓ, સ્ત્રીપુરુષો વગર આમંત્રણે હાજર થયાં હતાં. અમારા માસ્તર પણ આવ્યા હતા. પડદો ઉપડચો. નાટક ચાલ્યું. નીશાળમાં દિવસ આખો પાઠને બદલે નાટકના પાઠો ગોખીગોખીને તૈયાર કર્યાં હતા. બધું મોઢે હતું. ભીમલો વિદુષક થઈ આવ્યો. એના બાપની પાસે બેઠેલા કોઇકે કહ્યું, જો તારો છોકરો વિદુષક બન્યો છે; કેવો રૂપાળો લાગે છે! ભીમલાનો બાપ જરા ચીડાયો. એટલામાં હરિયો ફત્તુ રાજા થઇને અને હું પ્રધાન થઇને બિરાજ્યા. ' ડોસા મહેતાનો કુર્ણો નેકી પુકારી બાજુમાં ઉભો રહ્યો. ડોસા મહેતાની આંખ બળવા લાગી. મેં કહ્યું, 'પટ્ટાવાલા, શેઠ કું બોલાવ!' કુર્ણે નીચા નમીને કહ્યું, 'જી સાબ, બોલાતા હું.' પોતાના છોકરાને નોકર બનેલો જોઇ ૫૫ વરસના ડોસાનું માથું ફર્યું. તે ઉભો થયો અને 'મારો સાળો નાનકડીનો' એમ કહેતાક ને વાંસડો ખેંચ્યો, એટલે અમારી રંગભૂમિ પડી ગઇ! અમે બધા ચીતરેલ મોઢે અને અફળફફળ વાઘરાને વેશે થઇ ગયા! કોઇ ફાનસ લઇને ભાગ્યું, કોઇ ખુરશી લઇને ભાગ્યું. કોઇ શાહીની કરેલ મુછો એમ ને એમ રાખી ગોદડું ઓઢીને સુઇ ગયો, તો કોઈનું ટીલું સવાર સુધી એવું ને એવું રહ્યું! ડોસા મહેતાએ ફરીવાર શેરીમાં નાટક થવા ન દીધું. પણ અમે એનો છંદ ન છોડચો. બીજી શેરીમાં જઇએ. એક જણના ઘરમાં છાનામાના કેટલા યે દિવસ સુધી એમ નાટક કરેલું.


અમારી એક બીજી પણ ગમ્મત હતી. ઉનાળાની રાત્રે અમે બધા શેરીમાં સુતા. અમારામાંના એકબે જણાએ રંગો એકઠા કરેલા. જેઓ ઉંઘણશી હોય અને વહેલા ઉંઘી જાય તેમનાં મોં અમે દાતણ કે પીછી વડે ચીતરતા! સવારે ઉઠી ઉંઘણશી મિત્ર તેની માને મોઢું દેખાડતો ત્યારે ભારે ગમ્મત થતી! કોઈના મોં પર મેશની મુછો કરતા તો કોઇને કપાળે ટીલાં કરતા. ઉંઘણશીઓને બીજી પણ કેટલીક રીતે હેરાન કરતા.

આમ શેરીનાં સ્મરણોનો પાર નથી. લખતાં થાકી જવાય. એની પાછળ રહેલો આનંદ તો કાગળ પર ઉતારી શકાય જ નહિ. જેણે આવા આનંદોનો અનુભવ કર્યો હશે તે જ આની મઝા લઈ શકશે.

શેરીમાંથી ઘણું નઠારું પણ શીખ્યા હોઈશું તેનું નુકશાન સહન કરવું પડ્યું હશે. પણ શેરીનો આનંદ જેટલો વિશુદ્ધ અને નિર્મળ હશે તેટલો એ ચિરસ્મરણીય રહેશે.

ગિજુભાઈ

પાણી પીવાનો પડિયો : કાગળનો જ બનાવી લો



ચુસણિયા સિવાયના ગમે તે જાતના ચોખ્ખા કાગળનો સમચોરસ કટકો લઇ તેને કર્ણરેખા પર ખુણાભર વચ્ચોવચથી વાળો અને પછી પહેલા ચિત્રમાં બતાવ્યા મુજબ બાકીના બે ખુણા સામસામી બાજુએ વાળી દો. પછી બીજા ચિત્ર પ્રમાણે એક છેડાને પાછળ વાળીને અગાઉ વાળેલા છેડા નીચે ભરવી દો, અને એવી જ રીતે બીજા છેડાને પણ બીજી બાજુએ વાળી ભેરવો, એટલે ત્રીજા ચિત્રમાં બતાવ્યા મુજબનો પાણી પીવાનો પડિયો બની જશે.

એક માતા પોતાના બાળકને બીલાડીના બચ્ચાને સતાવવા માટે ઠપકો દેતી હતી. તેણે કહ્યું, ' જો બાબુ, તું એ બચ્ચાને મારીશ તો હું તને મારીશ; તું એનો પગ ખેંચીશ તો હું તારો પગ ખેંચીશ; તું એનો કાન ખેંચીશ તો હું તારો કાન ખેંચીશ.

બાળક—(જરા વિચાર કરીને) ત્યારે તો હું એનું પુંછડું જ ખેંચીશ !

માસ્તર—(ખીજાઇને)આવું તે ક્યા ગધેડાએ તને શીખવ્યું ?
છોકરો—(નરમાશથી) સાહેબ, આપે જ શીખવેલું ને ?




નરહરે પથારીમાં બેઠા થઇ દીવાસળી સળગાવી; અને તરત પાછી ઠારી નાખીને સુઇ ગયો.
બાજુ—અલ્યા, એ શું કર્યું ?
નરહર—એ તો હું જોતો'તો કે મેં દીવો ઠારી નાખ્યો છે કે નહિ!

ગજુ—અલ્યા, શું શોધે છે ?
તનુ—મેં ખોયું તે.
ગજુ—તેં શું ખોયું ?
તનુ—હું શોધું છું તે તો.

મા—બેટા, મારામારીમાં નાહક દાંત ગુમાવી આવ્યો ને ?
બેટો—ના મા, ખોયો નથી; આ રહ્યો મારા ખીસામાં !

માએ દીકરાને આવા ઘાટનો પ્યાલો આપી તેલ લઇ આવવા મોકલ્યો. ડાહ્યો દીકરો નીચેની પડઘીની બાજુમાં તેલ



લઇ આવી બોલ્યો, ' જો મા હું કેવો ડાહ્યો ? આ તરફ પણ ભરી લાવ્યો અને પ્યાલામાં પણ ભરી લાવ્યો.' એમ કહીને પડઘીની બાજુ ઉંધી વાળી પ્યાલો બતાવવા ગયો, એટલે પડઘીમાં હતું તે પણ ઉંધું વળી ગયું !

એક ચીનો પોતાના દોસ્ત સાથે રસ્તે જતો હતો, એવામાં એક કુતરો તેની પછવાડે ભસતોભસતો આવ્યો. આથી તે ઘણો ગભરાવા લાગ્યો. તેનો દોસ્ત આ જોઇ બોલ્યો, ' તને પેલી કહેવતની ખબર નથી કે ભસ્યા કુતરા કરડે નહિ ? '

ચીનો—તે કહેવતની મને તો ખબર છે, પણ આ કુતરાને ખબર નથી ને ?

પુ. દા.

શિક્ષક—વેસ્ટ ઇન્ડીઝમાં શું ઉત્પન્ન થાય છે ?
વિદ્યાર્થી—મને ખબર નથી સાહેબ.
શિક્ષક—તમે ખાંડ વાપરો છો એ ક્યાંથી આવે છે ?
શિષ્ય—એ તો અમે રોજ અમારા પડોશીને ત્યાંથી લાવીએ છીએ.

વકીલ(સાક્ષીને)—તમે આરોપીને કેટલાં વર્ષથી ઓળખો છો?
સાક્ષી—લગભગ વીસેક વર્ષથી.
વકીલ—જાહેર શાંતિને ખલેલ પહોંચે એવું કામ કરનાર તરીકે તમે એને જાણો છો ખરા ?
સાક્ષી—હા સાહેબ, એનો ધંધો વાજાં વગાડવાનો છે.



ગુજરાતના વીરતીર્થે

લેખક
હરિનારાયણ આચાર્ય

'હજુ પરસેવા તો સુકાયા નથી. વીરશ્રીથી શોભતાં ઘેરાં વિશાળ નયનોમાં તો હજુ બલભદ્રનો મદ તો ઝર્યો જ જાય છે. ત્યાં કોણ એવો મરણધર્મી જાગ્યો કે જેણે આહ્વાન આપ્યું? કંસને પટકતાં દંડ ઠોકેલા તેનો અવાજ હજુ નભોમંડળના ઘુમ્મટમાં રણકાર કરતો બંધ તો પડવા દેવો હતો. અરેરે! બ્રાહ્મણ કુમાર અને તે યે સુન્દરતાની જીવતી મૂર્તિ. કોઇને ય નહિ અને કૃષ્ણચંદ્રને આવી વાત શી રીતે સુઝી. કોઇ વારતું ય નથી ને.'

મથુરાથી દ્વારિકા ભણી પ્રસ્થાન કરતો યાદવસંઘ પુણ્યપુરાણ ગુજરાતના વક્ષઃસ્થલ પર રાતવાસો કરતો હતો. સુકા રણના વાયરા ગરુડ-ધ્વજને ફરકાવતા હતા. રાત્રીનો અંધકાર ચારે દિશામાં ધીમેધીમે વેરાતો હતો. પણ યાદવ શિબિરોમાં અત્યારે શાંતિ ન હતી. ઘરડેરા જુવાનોને લલકારતા અને જુવાનોની નસો અત્યારે ફાટતી લાગતી. બલભદ્રની સામા થવાની તાકાત કોણ કરે છે એનો ઉહાપોહ ચાલતાં ઉપર જેવા શબ્દો અનુભવી યાદવો કાઢતા હતા. સ્મિત કરતા અને સાથીઓ ભણી આંખ મચકારતા વીરચરિત કૃષ્ણચંદ્ર શાંત બેઠા હતા. મદિરાથી મદોન્મત્ત બલરામના ક્રોધ અને ગર્વનો પાર ન હતો, અને એમની બીકથી વાતચીત કરવાની હીંમત પણ નહોતી ચાલતી.

ધીમેધીમે યાદવમંડળ વેરાયું, શિબિર ખાલી થયું અને નિશાચરોને અવકાશ આપતી રજની વેગભર વહેવા લાગી.

સૂર્યનારાયણને આવતાં સ્વાગત આપવાની તૈયારી જેવી રંગમંડપની અત્યારની શોભા હતી. ગઈ રાતનાં ભય, કુતૂહલ, શંકા અને ગર્વખંડનની વિવિધ લાગણીઓ જેમનાં મોં ઉપર લખાઈ છે એવાં યાદવ સ્ત્રીપુરુષો રંગમંડપમાં મળેલાં હતાં. સ્થાનિક યુવાનો અને વૃદ્ધો શંકા અને ભયથી યાદવોની સામેની પરશાળમાં બેઠા હતા. સમય થતાં, નીલામ્બરમાં શોભતા અને લાલ કમળ જેવાં લોચનવાળા વૃષસ્કંધ બલરામ કૃષ્ણના બાહુનું અવલંબન કરી આવ્યા. પાછળ ગર્વ અને સૌન્દર્યની પ્રતિમા જેવી, મંદ કાંપતા વેગે ચાલતી રેવતી હતી. રંગમાં આવતાં જ બલરામે લંગોટ બાંધી દંડ ઠોક્યા. પ્રલયની ગર્જના જેવા ભયંકર અને શૌર્યને ઉભરાવનાર એના અવાજથી ત્રિભુવન ગાજી ઉઠ્યું. પણ એની સામે જ, વાસવના વજ્રપાત પેઠે, ભીષ્મ પ્રતિધ્વનિથી ચીત્કાર કરતો ૧૬ વર્ષનો સોમેશ્વર રંગમાં ઉતર્યો. હજુ તો મોં ઉપર મુછ પણ ફુટી ન હતી. વિશાળ વક્ષઃસ્થળ, હાથીના ગંડસ્થળ જેવો પૃષ્ઠ ભાગ અને ઘુંટણ પર્યંત પહોંચતા શુણ્ડાકાર દંડવાળો જુવાન. એની પીઠે કૃષ્ણના ચારે હાથ હતા. જાતે બલ અને ગર્વભર્યો હોવા છતાં પણ આર્યોના મલ્લરાજ ગદાચાર્ય બલભદ્રને જોઈ એણે પ્રેમ અને કુતૂહલથી, વીરોને યોગ્ય એવું નમન કર્યું. બલરામે હાથ નાખ્યો અને બંને વીરો વીજળીના ચમકારા પેઠે રંગમાં પડ્યા.

ॐ

બલરામના ગર્વને ઉતારવા, કૃષ્ણે આપેલા મલ્લવિદ્યાના બળે સોમેશ્વરે બલરામને હરાવ્યા અને યાદવોની વીરશ્રીનું મોં કાળું થયું. જે સ્થળે આ બલરામ–સોમેશ્વરનું મલ્લયુદ્ધ થયું એ સ્થાન અત્યારે દેલમાળ નામથી ઓળખાય છે. ઉત્તર ગુજરાતમાં પાટણથી દક્ષિણે બાર ગાઉ, અને મોઢેરાથી પશ્ચિમે છ ગાઉ ઉપર, અત્યારે માત્ર બસો ઘરની વસતીનું આ ગામ પ્રાચીન વીરતીર્થ છે. એની સ્થાપના એ સોમેશ્વરથી થએલી. સોમેશ્વર જાતે મોઢ બ્રાહ્મણ; પણ કૃષ્ણ



બ્રહ્માની આરસની મૂર્તિ



વીરતીર્થ દેલમાળ આગળ




લાખાજીની ઉંચાઇ પહોળાઈ બતાવતા સ્થંભ

પાસેથી મુષ્ટીયુદ્ધની મલ્લવિદ્યા શીખ્યા પછી એ જ્યેષ્ટ-મલ્લ કહેવાયો અને એના વંશજો જ્યેષ્ટીમલ્લ કહેવાયા. અત્યારે એ ગામમાં મોટી વસ્તી જેઠીમલ્લાંની જ છે, અને ગુજરાતના ગૌરવના વધારનાર એમના વંશજો જ છે. અકબરના વખતમાં લીમડાના આખા ઝાડને ઉખેડી નાખનાર, હાથીને વજ્રમુષ્ટીથી મારી નાખનાર લાખાજી જેઠીનો પાળિયો હજુ પણ જોનારને પ્રાચીન વીરતાનું સ્મરણ અપાવે છે. રમજુ એટલે હાથીની અંબાડીમાં બેસનાર, ખંડેરાવ મહારાજનો પટ્ટ શિષ્ય, ૪૦૦ રતલ જેટલી વિશાળ કાયનો સ્વામી અને મલ્લવિદ્યાચાર્ય—એને હરાવનાર ભગીરથ નામનો વીર ગુજરાતી અહીંનો જ વતની જેઠીમલ્લ હતો; અને આજના સયાજીરાવ ગાયકવાડને સાત વર્ષ કુસ્તી શીખવનાર વડોદરાના સરકારી અખાડાનો મૅનેજર ભાગીરથ જેઠી તો હાલ પણ જીવતોજાગતો છે.

ગાયકવાડ રેલવેની મહેસાણાથી જતી બ્રૅન્ચ લાઇ-નમાં કંબોઇ સ્ટેશન છે. ત્યાંથી બે ગાઉ દક્ષિણમાં દેલમાળ (દેવલમાળ કે દેવમલ્લ ઉપરથી) ગામ છે. તેના મધ્યમાં ૯૨×૫૮ ફુટના ચોગાનમાં લીંબજા માતાનું મંદિર છે. લીમડાના ઝાડમાં કૃષ્ણે સોમેશ્વરને દેવીરૂપે દર્શન દીધેલાં તેથી તેનું નામ લીંબજા. એ જેઠીમલ્લોની કુલદેવતા છે. એમાં બ્રહ્માણીની ચારેક ફુટ ઉંચી મૂર્તિ છે. દેવળની સામે સુંદર કોતરણી વાળી ચોરી કે માંડવી છે અને બહાર કીર્તિસ્થંભ તથા તોરણ છે. મુખ્ય મંદિરની આસપાસના ચોગાન-ના ચાર ખુણામાં ચાર દેરીઓ છે. એકમાં આરસની બ્રહ્માની સુંદર મૂર્તિ છે. પૂર્વ તરફના ભાગમાં જૈનોના પાર્શ્વનાથનું મંદિર છે એની નીચે સં. ૧૨૮૫નો જુનો લેખ છે. મુખ્ય મંદિરની બાજુએ પશ્ચિમના ભાગમાં લાખાજી જેઠીની ઉંચાઇ ને વામની પહોળાઇ દેખાડના ૯×૪।। ફુટના પથ્થરના સ્થંભ છે. આ મંદિરથી બહાર આવતાં થોડેક છેટે એક પ્રાચીન અખાડો—રંગભૂમિ છે જેની માટી સુંવાળી લાલ રંગની છે. ભાંગેલાં કોરેલાં; મગદળ, ઝુલતો મલખમ, પથ્થરની નાળ ને ખરબચડાં સંતોલાં પ્રાચીન જાહોજલાલીના સાક્ષી પુરતાં હજુ ત્યાં પડ્યાં છે. ગામ બહાર દક્ષિણમાં થોડાક પાળિયા અને હનુમાનની વિશાળકાય મૂર્તિનું મંદિર છે. જે સ્થાનેથી લાખાજીએ લીમડો ઉખેડ્યો કહેવાય છે તે સ્થાન પાળિયાથી પૂર્વે છે અને ત્યાં જમીનમાં પાકા ચણ-તરની નાની વેદી કરી છે. અત્યારના જેઠી ખેતી કરે છે ને મલ્લકળાનો નાશ થયો છે. એમની જ જાતના પણ દક્ષિણમાં ગએલા જેઠીઓના વંશજો કૃષ્ણાપ્પા, વ્યંકપ્પા વગેરે હાલના પ્રસિદ્ધ વજ્રમુઠિયા પહેલવાનો વડોદરા સરકારના અખાડામાં છે.

દિનપરદિન ગુજરાતનું ગૌરવ ઉભરાતું જાય છે અને યૌવન ફુટી નીકળે છે ત્યાં કયા ગુજરાતીનું હૈયું આ વીરતાના સ્મરણથી નહિ ફુલે? ગુજરાત એ વીરોની માતા છે અને એની કુખે વીરો જ પાકશે.

જંગલમાં સગવડો
[સ્કાઉટિંગ]





કુમારસેના (સ્કાઉટિંગ)ના આદ્ય સ્થાપક સર રૉબર્ટ બેડન પૉવેલ એક સ્થળે લખે છે કે ‘ તમે તમારો જંગલનિવાસ-કૅમ્પિંગ-ફતેહમંદ કરવા ઇચ્છતા હો તો બે ચીજો બહુ જ નાની રાખો : એક તમારો તંબુ અને બીજું તમારૂં રસોડું—ચુલો.’ રસોડું અને ચુલો નાનામાં નાનાં કેટલાં રાખી શકાય તે આપણે ગયા માસના ‘જંગલમાં રસોઇ’ નામના લેખમાં જોઇ ગયા. હવે તંબુ સંબંધી વિચારીએ.

થોડા સમય પહેલાં એક સ્કાઉટમાસ્તરે પોતાની ટુકડી સાથે ગીરનાર જવાનો વિચાર કર્યો, ને તેને અંગે એને તંબુ જોઇએ. તે લઇ જવા માટે એક ટ્રૅકકાર્ટ (ઓછા વજનની નાની રેંકડી)ની અત્રેની એસોસીએશન પાસે માગણી કરી હતી. પછી તો તેઓએ ટ્રૅકકાર્ટ સાથે ગમે તે કારણથી મુસાફરી કરી જ નહિ, નહિતર મને તો શક હતો કે આ સંઘ દ્વારકા કેમ પહોંચશે ? મોટા બોજા સાથે માણસ કદાચ પહોંચે, પણ તેમાં મુસાફરીનો આનંદ તો ન જ મળે. ઘણીવાર જમ્યા પછીની બપોરની મુસાફરી વખતે ખાલી બગલથેલો ને લાકડી પણ બોજારૂપ થઈ પડે છે, તો પર્વતના ચઢાવ પર ટ્રૅકકાર્ટ ખેંચીને લાંબી મુસાફરી કરવી તો અવશ્ય મુશ્કેલ જ થઇ પડે. મહીનામહીના સુધી ચાલુ રહેવાના કૅમ્પમાં મોટા તંબુની અવશ્ય જરૂર છે; પણ બે રાત જંગલ-નિવાસ માટે નીકળેલ અથવા એક સ્થળથી બીજે સ્થળે મુસાફરી કરતા સ્કાઉટને આ બોજો શા માટે જોઇએ ? હિંદુસ્તાનની આબોહવા એવી છે કે આપણે ત્યાં અચાનક વરસાદ કે બરફનાં તોફાન થઇ આવતાં નથી. સ્થળેસ્થળે સુંદર નદીઓ અને સુંદર આંબા-વાડિયાં એવી તો રીતે આવી રહ્યાં છે કે આપણને ઘર જેટલો વિસામો અને આરામ મળે. અમે એક વખત ઉઘાડી જગ્યામાં ઘણા તંબુ નાખેલા, પણ બપોરના ભાગમાં તો એ તંબુઓ તપીને એવા તો ગરમ થતા કે દરેકેદરેક સ્કાઉટ પોતાની શેતરંજી લઈ દૂર આવેલા ઝાડોના સુંદર છાંયા નીચે બપોર પસાર કરતો. માત્ર રાત્રે ઝાડ નીચે સુવું તે આરોગ્યના નિયમની વિરૂદ્ધ હોઇ તે વખતે, અથવા કોઈ ખુબ ઠંડી કે વરસાદની ઋતુ માટે મુસાફરીમાં તંબુની જરૂર છે. બાકી નિયમિત ઋતુમાં તો માત્ર સર-સામાન માટે જ તે ઉપયોગી ચીજ છે. આવા કામને માટે તો સ્કાઉટ જાતજાતના તંબુ બનાવી શકે છે, જેની રીતો નીચે આપી છે.

ઉપર નં. ૧ના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સ્કાઉટ પોતા પુરતો તંબુ ધોતિયાનો કે ચાદરનો બનાવી શકે છે. ધોતિયાનો એક છેડો દોરી વતી ઝાડની ડાળે બાંધવો અને બાકીના ત્રણ છેડા જમીનમાં દાટી તેના પર મોટા પથ્થરો મુકવા. આમ કરવાથી રાવટી જેવો એક નાનો તંબુ તૈયાર થશે. વરસાદના તોફાનમાં વીજળી ખુલી જગ્યા કરતાં ઝાડ ઉપર વિશેષ પડે છે. તેથી એવા તોફાનમાં ચાદર કે ધોતિયાનો તંબુ આપણો બચાવ કરી શકે નહિ. તે પ્રસંગ માટે બીજી બે જાતના તંબુઓ ઝાડની ડાળો ને પાંદડાંના બને છે. ચિત્ર નં. ૨માં બતાવ્યા પ્રમાણે એક કાપેલ ઝાડનો સોટો ઝાડની સાથે અડાડીને મુકવો અને તેના પર લાંબું ખડ, ગુંદી, ગુંદો અને પીપળનાં ડાળાં નાખવાં. આમ કરવાથી એક શંકુ આકારનો નાનો તંબુ તૈયાર થાય છે. ચિત્ર નં. ૩માં બતાવ્યા પ્રમાણે ઉપર ફાળવાં વાળી ડાળો જમીનમાં ખોડવી અને તેની ઉપર એક લાંબો સોટો મુકવો. પછી જમીનને અડાડી તે સોટા ઉપર બીજી ઘણી ડાળો મુકવી અને તેના પર ઘાસ, પાંદડાં અને ડાળીઓનું છાપરૂં કરી દેવું.

ચિત્ર નં. ૪માં બતાવ્યા પ્રમાણે લાકડીઓનું





સ્ટૅન્ડ બનાવી તેની અંદર એક સ્ટ્રેચર બાંધી દેવો. સ્ટૅન્ડ ઉપર મીણિયું કપડું નાખવામાં આવે તો તંબુની અંદર બીલકુલ પાણી પડે જ નહિ. રાત્રે કપડું ઉપાડી લેતાં મચ્છરદાની નંખાય તેવો એક પલંગ બની રહે. સર રૉબર્ટ બેડન પૉવેલ લખે છે કે તેણે તેની જીંદગીનો મોટો ભાગ આવા તંબુમાં ગાળ્યો છે. વરસાદમાં પણ તેની પથારી ભીંજાઇ નથી.

કૅમ્પિંગમાં નવા સ્કાઉટ અને જુના સ્કાઉટની પરીક્ષા એકદમ થઇ જાય છે. બંનેના તંબુઓ, રસોડાં ને બીછાનાં જોતાં કોઈ પણ માણસ કહી શકે કે આ અનુભવી સ્કાઉટનો કૅમ્પ છે અને આ બીનઅનુભવી સ્કાઉટનો કૅમ્પ છે. અનુભવી સ્કાઉટના કૅમ્પમાં હાથ-કસબથી, ચપ્પુ ને કુહાડીના ઉપયોગથી બનાવેલી અનેક સગવડ આપનારી સામગ્રીઓ દૃષ્ટિગોચર થાય છે. જમીનમાં ચાર બેલાકડાં ખોડી તેના ઉપર બે લાકડીનો બનાવેલ સ્ટ્રેચર મુકી તે એક પલંગ બનાવી લે છે. આ પ્રમાણે જમીનથી અદ્ધર સુવાનું હોઇ તેને સાપ-વીંછીની બીલકુલ ધાસ્તી રહેતી નથી. જો એકલા જ કૅમ્પિંગ માટે નીકળ્યા હોઇએ તો ઝાડ ઉપર ચાદરની એક મજબુત ઝોળી બાંધી સુઇ રહેવું હું તો યોગ્ય માનું છું. શીકારીઓ પણ રાત્રે જંગલમાં આવી જ ઝોળીઓ (હૅમક) પર સુઈ રહે છે.

જો જમીન પર સુવું હોય તો શેતરંજી નીચે ખડ પાથરીને અથવા કમર આગળ જમીનમાં સુવાની જગ્યાએ સહેજ ખાડો કરીને સુવાથી બહુ જ અનુકુળ પડે છે. ઓઢવામાં એક જાડા કામળા કે ધુંસા કરતા પાતળા બે સારા, કારણકે બે ઓઢવાની વચ્ચે હવા રહી શકે છે, અને હવાનું પડ શરીરની ગરમી જાળવવામાં બહુ જ ખપનું છે. એક વખત પુના રૅલીમાં બહુ જ ટાઢ પડી. દૂરના સ્કાઉટો ઓઢવાનું પુરતું લઈ નહિ ગએલા, એટલે ઓઢવાને માટે તેમને પુષ્કળ ન્યુસપેપરો આપવામાં આવ્યાં ! શરીર પર કાગળ લપેટી ઉપર કપડાં પહેરો તો શરીરમાં બહુ જ ગરમી રહે અને ટાઢ ન વાય.

આપણે આગળ કહી ગયા તેમ સ્કાઉટો પોતાના હાથકસબથી ઘર જેટલી સગવડો જંગલમાં ઉભી કરે છે. ઝાડના થડમાં બે પાનાં વાળું ચપ્પુ ખોસી તેનું મીણબત્તી-સ્ટૅન્ડ બનાવે છે; બેલાખિયાં ઝાડના થડ સાથે બાંધી લુગડાં ટાંગવા માટે ખીલીઓ ગોઠવે છે; ત્રણ લાકડીનો ઘોડો કરી આરામખુરશી બનાવે છે તેમજ લાકડીઓનો પલંગ અને ઝાડના કાપેલ થડનો બાંકડો બનાવી ઘણી સગવડવાળી 'કૅમ્પલાઇફ' ગાળે છે. નદીનું પાણી ઢોર અને માણસોના ચાલવાથી ડોળાઇ ગયું હોય તો ચોખ્ખું પાણી મેળવવા સ્કાઉટે પાણીના વહેણની નજીક એક વીરડો ગાળવો. તેમાં રેતીની અંદર ગળાઇને સ્વચ્છ પાણી આવશે, તે રાંધવાના તેમજ પીવાના ઉપયોગમાં વાપરવું. ઘણી વાર આપણે ઉંચે પથ્થરમાંથી હીરા જેવું ચકચકતું પાણી નીચે પડતું જોઇએ છીએ; પણ એ પડતા પાણીની ધાર ન હોતાં પથ્થરને ઘસાઇને જ પડતું હોઈ નીચેના ખાડામાંથી જ આપણે લેવું પડે છે. પરંતુ બુદ્ધિશાળી સ્કાઉટ તો ગમે તે ઉપાયે પણ પડતું પાણી મેળવવા પ્રયત્ન કરે. ખડકને અડાડીને એક પતરૂં, પુંઠું અથવા વડ કે પીપળાનું જાડું પાન આડું ધરવું એટલે પાણી ખડકની બાજુમાંથી તે પતરા અથવા પાન મારફત ધાર થઇને પડશે; અને તે આપણે વાસણમાં સહેલાઇથી ઝીલી શકીએ. આવી-આવી અનેક યુક્તિઓથી સ્કાઉટ જંગલમાં પણ અનેક સગવડો ઉભી કરી શકે છે. **ગજાનન ભટ્ટ**

તે સુંદર
સવાર હતી



બંગાળનાં ગામડાંમાં

લેખક : કનુ દેસાઈ
ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ અને કનુ દેસાઈ

બંગાળમાં પગ મુકતાં પેલાં માટીનાં નાનાં ઘરો તથા ઘાસનાં બનાવેલાં છાપરાં, પાસે ઉગેલાં કેળનાં, ખજુરીનાં તથા તાડનાં વૃક્ષો, તેમાંથી નીકળતો શ્યામ ધુમાડો અને અસ્ત થતો લાલઘૂમ સૂર્ય,–આ બધું જોતાં તેવી જગ્યાએ જતાં મારૂં મન કચવાયું હતું; પરંતુ દિવસો પસાર થયા, અને અત્યારે તો તે જ ઘાસના છાપરાથી શોભતા સુંદર ઘરમાં આનંદ મળે છે. શાલ તથા આમ્રની કુન્જોમાં ફરવામાં, સવારથી સૂર્યાસ્ત સુધી નવાનવા દેખાવો જોવામાં આ શાન્તિનિકેતનમાં—શાન્તિના ધામમાં આનંદ મળે છે. પરન્તુ આ શાન્તિ છોડી વધારે આનંદ મેળવવાં, કાંઇ નવું જોવા પેલું સુંદર ગીત—'આમાર મોન ભુલાય રે' ગાતાંગાતાં અમે કુદરતના તખ્તા પર કુચ શરૂ કરી.

દૃષ્ટિએ હવે કોઈ નવી સૃષ્ટિ દેખાતી. ચારે બાજુ દૂરદૂર દેખાતી જમીન તદ્દન સુકી હતી. આ બીરભૂમ (વીરભૂમિ) પ્રાન્ત બંગાળમાં સૌથી સુકો છે. ચોમાસા દરમિયાન જ લીલોતરી દેખાય. આ પ્રાન્તનાં ગામડાં સ્વચ્છ દેખાય છે. નાનાંનાનાં સુંદર આંગણાંવાળાં ગૃહો અને સુંદર રીતે છાએલાં ઘાસનાં છાપરાં, રાચરચીલામાં નાના ખાટલા,–એ બધું કળામય લાગતું. આ ગૃહોની આગળપાછળ ઉગેલી કેળો અથવા ખજુરીનાં ઝાડો અને સંધ્યા સમયે આ લીલાંછમ પાંદડામાંથી નીકળતો ધુમાડો સુંદર ચિત્ર રચતાં, આમતેમ કોઈ બકરીનાં બચ્ચાં માતાઓ સાથે ગેલ કરતાં કુદતાં, ક્યાંક કોઇ સાન્તાલ છોકરો નાની ગાયોને ચરાવી દિવસને અંતે વાંસની જાડી બંસી બજાવતો ધીરેધીરે પાછો ફરતો તો, બીજી બાજુ સાન્તાલ ખેડુતો દિવસના સખત કામ કરી પાછા ફરતા દેખાતા. અને આ બંસીના સૂર! બંસી તો જરૂર તેઓમાંથી એકાદ વગાડતો જ હોય. આ દેખાવ બંગાળમાં સાધારણ છે. બીચારા સાન્તાલ લોકો તુરત ઓળખાય છે. તેઓના ચહેરા, પહેરવેશ જાણે પ્રભુએ અમુક મુકરર જ કર્યા હોય તેમ જણાય છે. ગરીબાઈ છતાં સ્વચ્છતા અને સુઘડતા કેમ રાખવી તે આ સાન્તાલ લોકો સમજે છે. તેઓનાં ગામ સાધારણ રીતે બંગાળીઓના કરતાં જુદાં હોય છે. ઘરનાં આંગણાં માટીથી લીપી બહુ સ્વચ્છ રાખે છે. દિવસ હોય કે રાત, પણ તેઓ સુવા બેસવાનું તો નાના ઘરમાં નહિ ઘરના આંગણા આગળ નાનાનાના ખાટલા નાખી તેના પર જ રાખે



છે. ચારે બાજુ કાંઈ નવુંનવું ગોઠવેલું દેખાય છે; ટક ટક અવાજ કરતા દમામભરી ચાલે ચાલતા પેલા મરઘા–કુકડા અને ડુક્કરો સાન્તાલ ઘર આગળ વસ્તી રાખે છે. રસ્તામાં ડુક્કરોનાં તો ખુબ દર્શન થતાં. તે કોઇને હેરાન કરતાં નથી. મધ્યાહ્નકાળે પોતાના આંગણામાં છોકરાના માથામાં તેલ નાખતી



ગાડું — સ્કેચ : શ્રી નંદલાલ બોઝ

પેલી સાન્તાલ સ્ત્રી અને ચોમેરનાં મરઘા કુકડાં કેવો સુંદર દેખાવ રચે છે !

તેલ વગર તો બંગાળીઓને ચાલે જ નહિ. સાન્તાલ લોકો પણ બંગાળીઓ જ ને ! તેઓ પણ તેલ તો ખુબ વાપરે છે. તેઓની ભાષા બંગાળીથી જુદી હોય છે પણ બંગાળીઓ સમજી શકે છે. જુઓ, આ બાજુ પેલો બંગાળી હુક્કો ગગડાવતો જાય છે—જાણે કાંઇ તેનો ભાર જ નથી. અરે, પણ આ હુક્કાને દાંડી તો **નથી**! હુક્કો અહીં એક લાકડીની માફક ઘરબહાર જ્યાં જાય ત્યાં લોકો સાથે જ રાખે છે. ગાડાવાળો પણ એક હાથે હુક્કો ગગડાવતો જતો હશે.

બંગાળી ગાડાં મોટા વાંસનાં અને તકલાદી જણાય છે. તેને જોડેલા બળદ તે પ્રમાણમાં નાના અને નીચા દેખાય છે. વળી આ બળદોને નાથ નખાતી નથી, કે નથી અછોડા રાખવામાં આવતા. ગાડીવાળો તેને દોરે છે અને નાથ નહિ હોવાથી બળદને કોઇ વખત કાબુમાં રાખવા મુશ્કેલ પડે છે. આ અનુભવ અમને મુસાફરીમાં થએલો. પણ ચાલો, હવે મુસાફરીના પહેલા દિવસ વિષે લખું.

સંધ્યા સમયે પાંચછ ગામ વટાવી છએક માઇલની મુસાફરી કરી એક મોટું તળાવ જોતાં ત્યાં પડાવ નાખ્યો. તંબુઓ બાંધ્યા બીસ્તરાઓ છોડયા અને આગળ પાછળની કુદરત જોવા નીકળ્યા.

રાત્રિએ ચંદ્રનું અજવાળું હતું; ઠંડી પણ હતી. આખી જગ્યા સુમસામ હતી. ગામનાં કુતરાં તથાં શિયાળના અવાજ દૂરદૂરથી આવતા. આવી રાત્રિએ પેલા બીચારા ગાડાવાળા ઠંડી લાગવાથી કેવા સુતાસુતા બળદને હાંકે છે ! અને બળદ પણ ધીરેધીરે ઠંડે પેટે ચાલ્યા જ કરે છે.

સવારે અમે ઉઠયા. તંબુમાં દસ માણસો સુતાં હતાં. રાતમાં સૌથી વધારે કોનાં નસ્કોરાં બોલતાં હતાં એવો મેં પ્રશ્ન કર્યો, ત્યારે એક જણે ઉત્તર આપ્યો કે 'એ તો બે જણા શરત કરતા હતા !' આવી હાસ્યજનક વાતો કરતાં આગળ મુસાફરી કરવા અમે તૈયાર થયા.

તે સુંદર સવાર હતી. સૂર્યદેવ પોતાનું તેજ વધાર્યે જતા હતા અને અમે અમારી મુસાફરી વધાર્યે જતા હતા. રસ્તામાં કાંઇ અવનવા દેખાવો જોતાં નોંધ કરતા આગળ ચાલતા હતા.

ગુજરાતની માફક 'ક્યાં રહેવું ?'નો સવાલ અહીં પણ અમને વારંવાર પુછાતો ને અમે પણ તેમને રસ્તામાં સારા ઉત્તર આપી રાજી કરતા હોઇએ તેમ લાગતું. પરંતુ અહીંની સ્થિતિ અને ત્યાંની સ્થિતિમાં ફેર છે. કોઇને પણ તુંકારાથી બોલાવાતો નથી; પછી તે ખેડુત હોય કે બીજો સાધારણ મનુષ્ય હોય ! બંગાળમાં શહેર તથા ગામડાની હવામાં એકદમ ફેર છે. ક્યાં શહેરના મોટાં માળાનાં મકાનો અને ક્યાં ગામડાનાં નાનાં ઝુંપડાં ? બીચારા ગામડાના લોકોને બીલકુલ કેળવણી મળતી નથી અને તેથી તેમના ધંધામાં પણ કેળવણીના અભાવથી ઉન્નતિ નથી. ખેતરોનાં ખેતરો વેરાન પડી રહે છે; પાણી મળતું નથી. આ સુકી વેરાન પડેલી જમીન ઉપરથી ભવિષ્ય ભાખી શકાય કે વખત જતાં કોઇ ખેતી કરનાર રહેશે નહિ. અત્યારે પણ ઘણાખરા ખેતી કરનારાઓ મોટાંમોટાં શહેરોમાં ચાલતી ચોખાની મીલોમાં કામ કરી પેટ ભરી પડી રહે છે. વળી નવાં ઝાડ રોપાતાં તો દેખાતાં જ નથી. પાણી માટે દરેક નાનામોટા ગામ આગળ મોટાંમોટાં તળાવો ખોદેલાં હોય છે. આને વગર બાંધેલાં મોટાં ખાબોચિયાં કહી શકાય. તેમાં વરસાદનું પાણી ભરાય છે તે જ લોકો દરેક કામ માટે વાપરે છે. હવે તો કેટલાં યે મોટાં તળાવો કચરાથી પુરાઇ જાય છે. ખોદવાની કે ખોદાવવાની તો કોઇને દરકાર નથી. ઉનાળામાં આ પાણી પણ મળતું નથી અને તેથી કેટલા યે લોકો દુઃખદાયક સ્થિતિમાં આવી પડે છે. આ વીરભુમ પ્રાન્તની સ્થિતિ. બીચારા લોકોને સરકાર માબાપની કેટલી ધાક છે ! કોઇ વખતે અમે ગામમાં સ્કેચો કે નોંધ કરતા ત્યારે તેઓ અમને સરકારી માણસો ધારી ગભરાતા. અરે, પેલા સ્વયંસેવકો કે દેશના રાષ્ટ્રીય નોકરોનો પણ કંઇ ઓછો જુલમ છે ! એક ગામડા આગળ જતાં અમે એક ઘરડા મુસલમાનને ગામનું નામ



સાન્તાલ છોકરો




જુનું મંદિર બતાવ્યું

પુછ્યું. તેણે કઇ જવાબ ન આપ્યો. છેવટે અમે સરકારી માણસો નથી તેની પુરી ખાતરી થતાં પોતાના ગામનું નામ આપ્યું. તે બુઢ્ઢાના કહ્યા પરથી જણાયું કે સરકારી માણસો આવી તેઓને ખુબ સતાવે છે અને ફાવેતેમ બીચારા ગામ લોકોને લુટે છે.

હવે પાછી મુસાફરી ચાલુ કરીએ. રસ્તામાં એક મોટું ગામ આવ્યું. ત્યાંના લોકોએ ત્યાંનાં સર્વ જોવાલાયક સ્થળો બતાવ્યાં. એક જુનું મંદિર બતાવ્યું. મંદિરનું મકાન તો એક સાધારણ નાનું બંગાળી ઘર જ હતું, પરંતુ તે જ આકૃતિ પરથી અત્યારનાં મોટાંમોટાં મંદિરો બંધાયાં છે. આ સર્વ જોયા બાદ અમે આગળ ચાલ્યા જતા હતા, તેવામાં એક મહેતાજીએ પાછળથી બુમ મારી બોલાવ્યા. આથી અમે પાછા વળી નીશાળ જોવા ગયા. નીશાળમાં ગામ પ્રમાણે છોકરાઓની સંખ્યા ઓછી હોવાથી કારણ પુછતાં તેણે જણાવ્યું કે આજકાલ કાપણીનો વખત હોવાથી બધા નથી આવતા. બીચારા નાના નિર્દોષ ગરીબ બાળકો અમને જોઇ, કોઈ મોટા અમલદાર આગળ સીપાઇ ઉભો રહે તેમ અદબ વાળી શિયાળાની ટાઢથી ધ્રુજતા ઉભા રહ્યા હતા. નીશાળનું મકાન ઘણું જ નાનું હતું અને બારણુ પાંચેક ફુટ ઉંચું હતું. અમારામાંના એક જણે આથી તે બહારથી જ જોઇ અંદર પેસવાનું માંડી વાળેલું. આવી જ ગામડી નીશાળ એક શાહપુર ગામ આગળ જોઇ તે આના કરતાં સારી હતી. એકંદરે ત્યાંનું મકાન વિદ્યાર્થીઓની સંખ્યા અને સ્થાન સારાં હતાં.

આ જોયા બાદ અમે કેળવણી વિષે વાતો કરતા, કુદરતમાં રસ લેતા આગળ ચાલ્યા. તેવામાં અમારામાંનો એક વિદ્યાર્થી દોડતોદોડતો હાંફતોહાંફતો પાછળથી આવ્યો. આટલું બધું દોડતા આવવાનું કારણ પુછતાં તેને શ્વાસ ખાઇ કહ્યું, 'આ ગામની પેલી બાજુ પેલા તળાવમાં પાણી પીને જેવો પાછો ફરતો હતો તેવામાં એક કાળો નાગ મારી પાછળ સડસડાટ દોડતો આવતો મેં જોયો. હું આથી મારી ટોપી તથા ચોપડી ફેંકી દઇ રસ્તો દેખાય ત્યાં દોડયો અને એક ઝાડ પાછળ જઇ ઉભો જોતો રહ્યો. તેવામાં નસીબજોગે એક



શાહપુરની નીશાળ

નોળિયો નીકળી આવી તેના પર કુદી પડયો અને જોતજોતામાં સાપને પુરો કરી ઝાડીમાં ભરાઈ ગયો ! સાપ મરી ગયો હતો, છતાં ચકોર નજરે આમતેમ જોતોજોતો ધીરેધીરે જઇ મારી ટોપી ને ચોપડી લઇ દોડતો આવી પહોંચ્યો.'

બપોરે લાંબો પંથ કાપતા અમે લુંધાઇ ગામ આગળ આવી પહોંચ્યા. ત્યાં કેટલીક ચીજો નાસ્તા વાસ્તે ખરીદી. સ્રીઓએ ખાવાનું પકાવ્યું. અમે તેમને તેમાં મદદ કરતા. જમ્યા બાદ અમારામાંના કેટલાક વિદ્યાર્થીઓ જુદીજુદી જગ્યાએ ચિત્રો દોરવા ગયા.

તે વખતે સુંદર પવન ફુંકાતો હતો. તાડનાં ઝાડ ધીરે ધીરે ડોલતાં હતા, વાંદરા એકબીજા ઝાડપર કુદાકુદ કરતા હતા. વળી આ ઝાડોની ઘટા એક જબરદસ્ત ઉંડા તળાવ (પુકુર)ની આગળ પાછળ હતી અને તાડનાં થડ સુંદર કમાનોરૂપે બની જઇ તળાવમાં જવાના રસ્તાનાં પગથિયાં પર ધ્રુવાજો કરતી; આ તાડના ઝાડની ઘટામાં જઇ હું સ્કેચ કરવા ઉભો રહ્યો.

થોડીવાર પછી નજર ફેરવું છું તો મારી સામે એક વિકરાળ વાંદરો ડાચું ફાડી ઉભો હતો ! મારાં ગાત્ર ઢીલાં થઇ ગયાં. રોમાંચ ખડા થાય તેવો દેખાવ હતો. જો મારા પર વાંદરો તરાપ મારે તો મારી પાસે કંઇ હથિયાર ન હતું; ઉપરાંત નાસવાની જગ્યા પણ ન હતી. એક બાજુ ઉંડી ખાઇ હતી, બીજી બાજુ ઉંડું તળાવ હતું. તરતને માટે તો મેં પેન્સિલ છોલવાનું ચપ્પુ હતું તે કાઢયું. પણ અહીં જંગનું મેદાન ન થયું, કારણકે વાંદરાને પકડવા એ બાજુથી ગામવાસીઓ આવી પહોંચ્યા. હવે તો મારામાં પણ હીંમત આવી ને સહેજ આગળ ધસ્યો. આથી વાંદરાએ બચવા માટે ખાઇમાં છલંગ મારી અને દાંતિયાં કરતો ને હુકાહુક કરતો નાઠો. મારા જીવમાં જીવ આવ્યો ને સ્કેચ પણ પુરો કર્યો.

મનોહર સાંજ હતી. આકાશ તદ્દન ભુરૂં થયું હતું. ફક્ત સૂર્ય લાલ દડા જેવો દેખાતો; અને તે દડો ધીરેધીરે પૃથ્વીમાં ઉતરી જતાં અંધારૂં થયું. હજી ચન્દ્રનું અજવાળું પુરૂં ન હતું, છતાં અમારે તેવા અજવાળામાં જ લાંબી મુસાફરી કરવાની



તાડનાં થડોની કમાનો રસ્તા પર સુંદર દરવાજો કરતી

હતી. આગળ જતાં ખાડાટેકરા આવવા લાગ્યા અને રસ્તો વિકટ આવતો લાગ્યો. ગાડાને પણ જવું મુશ્કેલ હતું. આવા રસ્તે જતાં એક પાણીથી ભરેલી નહેર આવી. બૈરાં તથા બાળકોને માટે તે ઓળંગવી મુશ્કેલ હતી. કેવી રીતે ઓળંગવી તેનો વિચાર કરતા ત્યાં ઉભા હતા એવામાં કોઇ બે માણસો ત્યાં આવ્યા અને તેમણે અમને એક બીજો રસ્તો બતાવ્યો, કે જ્યાં આટલી પહોળી નહેર ન હતી. આથી અમારામાંના બે જણને પાછળનાં સામાનથી ભરેલાં ગાડાંની રાહ જોતા રાખી અમે ત્યાં ગયા. પણ એ રસ્તો તો ઉલટો વિકટ નીકળ્યો. વીસપચીસ ખેતરો અંધારામાં મહા પરાણે ઓળંગ્યા પછી તો ઝાડીમાંથી એક પગથી જતી શરૂ થઇ. પેલા બે રસ્તા બતાવનારાઓએ અમને સર્વેને મોટામોટા અવાજ કરવાની ચેતવણી આપી, કારણકે અહીં સર્પનો ઘણો જ ભય હતો. થોડી કેડી કાપીને આગળ જતાં એક મોટો ઉંડો ખાડો આવ્યો ! અમારામાંના મોટા માણસો તો કુદી ગયા, પરંતુ બૈરાંઓને તથા નાનાં છોકરાંઓને કુદવું અશક્ય હતું. આથી તેઓને કુદાવવા બે જણ પેલી બાજુ અને બે જણ આ બાજુ ઉભા રહ્યા. અને દરેક જણના હાથ પકડી-પકડી કુદાવ્યા અને છોકરાંઓને અદ્ધર ઉઠાવી લીધાં. ત્યાર પછી લગભગ દોઢેક ફુટની કેડી શરૂ થઇ. તેની બે બાજુ ઉંડું પાણી હતું; ઉપરાંત અંધારૂં હતું. અમારી કોઇની પાસે દીવો ન હતો. ધીરેધીરે એકબીજાની પાછળ તે ભયાનક ઝાડીનો રસ્તો પસાર કરી મોટે રસ્તે આવી પહોંચ્યા અને ગાડાની રાહ જોતા ઉભા રહ્યા.


રાહ જોતા ઉભા હતા તેવામાં પેલી બાજુથી અવાજના પડઘા સાંભળ્યા. આ સાંભળતાં હું તથા એક જણ ચંદ્રના ઝાંખા અજવાળામાં ખેતરો ઓળંગતા, ઠોકરો ખાતા નહેર આગળ પહોંચ્યા; તો સામે પારથી ગાડાને લાવવાની તજવીજ ચાલતી હતી. નંદબાબુ પણ ત્યાં જ હતા. તે તથા બીજા ચાર મજબુત સાથીઓ અને બે ગાડાવાળા એમ સઘળાની મદદથી બળદને ઉશ્કેરવા હો હો હોના મોટા અવાજ કરી ગાડું હંકાર્યું. જાણે લડાઇના વખતમાં સીપાઇઓ તોપો ન ખેંચતા હોય, તેવું લાગતું હતું. એક ગાડું આવી ગયા પછી બીજું લેવા ગયા; તો તે બીજા ગાડાનો બળદ નાસી ગયો હતો ! સુરેન્દ્રનાથ કાર તથા ગાડાવાળો તેને શોધવા નીકળ્યા હતા. લગભગ અરધે કલાકે બળદ જડયો. ત્યાર પછી બીજા ગાડાને પણ પહેલાની માફક લાવ્યા.

પણ હજી આફતોનો પાર આવ્યો ન હતો. નહેર પછીનો લગભગ અરધા માઇલનો રસ્તો ખરાબ હતો, અને તે રસ્તો પણ ખેતરોમાંથી જતો હોવાથી બધાંની મદદ જોઇશે એમ લાગ્યું. ખેતરોની પાળો એકેક બબ્બે ફુટ ઉંચીનીચી હતી. અમે સર્વ તૈયાર થયા. બળદોનાં પુંછડાં આમળી હો હોના અવાજથી ઉશ્કેરતા અને કોઇકોઈ જગ્યાએ પાછળથી ગાડું અદ્ધર કરી પાળ પર મુકી હડસેલતા આગળ સારા રસ્તા પર મહા મુશ્કેલીએ આવ્યા.

થાકથી સૌના ચહેરા કંટાળેલા લાગતા હતા. બીચારા બળદોએ પણ ખુબ કામ કર્યું હતું. આથી હવે જ્યાં સારૂં તળાવ હોય ત્યાં જ જઈ પડાવ નાખવાનો વિચાર કર્યો. અમારામાંના બે જણા સાઇકલોવાળા હોવાથી આગળ સારી જગ્યાની તપાસ કરવા નીકળ્યા. એકાદ માઇલ જતાં તો એક ગામ જ નજરે પડ્યું, એટલે તેથી ત્યાં જ તંબુ ઠોકયા. ચંદ્ર ઠીક પ્રકાશવા લાગ્યો હતો; રાત બહુ મોડી થઇ ન હતી; ગામમાંથી તબલા તથા સંગીતના અવાજ આવતા હતા. સૌ હાથપગ ધોઈ ખાઇ કરી થાકને લીધે તરત નિદ્રાવશ થયા. સાથે મોટી તળાઇઓ ન લઈ ગયા હોવાથી તંબુઓમાં પહેલાં ઘાસ પાથરતા અને તેના પર થોડુંથોડું પાથરી સુતા એટલે તળાઇ જેવું જ થઈ જતું.

બંગાળમાં આવ્યા પછી ખજુરીના રસની ખુબ વાતો સાંભળેલી. સવારે ખાંચે વાંસ મુકી, રસ લઇ જતો માણસ અમે તે ગામમાં જોયો. જોકે રાત્રે એક વિદ્યાર્થી એક ઝાડપર ચડી, માટલીમાં પૈસા મુકી, તેમાંથી થોડો લઇ આવ્યો હતો; પણ તે વધારે ન હતો અને સવારના અમને સર્વેને ખાવાનું મન થયું. હજી સૂર્યોદય થયો ન હતો, એટલે રસના બે ઘડા લઇ આવ્યા. રસ કાંઇ આપણી તાડી જેવો નથી હોતો, પણ સૂર્યોદય પછી તાડી જેવો ખાટો થાય છે. બંગાળમાં ઘણા લોકો તેનો વેપાર કરે છે. દૂરદૂરનાં માણસો રસ લઈ જતા જણાય છે. તે રસ ન ખપે તો તેનો ગોળ બનાવે છે. આ રસને મોટા કઢામાં નાખી ખુબ ઉકાળવાથી સફેદ પરથી તે લાલ થતો જાય છે. ઉકળ્યા પછી તેનો ગોળ બને છે. તે જેમ ઠરે છે તેમ કઠણ બનતો જાય છે. વળી આ ગોળના નાની ભાખરીના આકારના 'લોબાત્' બનાવીને પણ વેચે છે.

[આવતા અંકમાં પુરૂં]



દુધમાંથી બનતી વિવિધ ચીજો

દુધમાંથી બનતી પચીસ ચીજોનું ચિત્ર ગયા અંકમાં આપ્યું છે. તે જોઈ ઘણાંક કુમાર-કુમારીઓને એ ચીજો કેમ બની તે જાણવાનું મન થયું. એ જીજ્ઞાસા તૃપ્ત કરવા માટે આ લેખ લખવામાં આવ્યો છે.

દુધ એ પીવા માટે એક સંપૂર્ણ ખોરાક (શરીરને સારૂં રાખવા માટે જોઇતાં બધાં યે તત્ત્વો વાળો ખોરાક) છે એ તો આપણે બધા જાણીએ છીએ. દુધ મીઠાઇઓ બનાવવામાં ઉપયોગી છે એ પણ જાણીએ છીએ; પણ એ ઉપરાંત દુધના બીજા ઘણા ઉપયોગો છે તે પણ આપણે જાણીએ તો કદાચ લાખો રૂપિયાનો ફાયદો કરી શકીએ.

દુધમાં પાણીનો અંશ વધારે છે, અને બાળક મટી કુમાર થવા માંડ્યા પછી જો દુધમાંનું પાણી ઓછું કરીને ખાવામાં આવે તો વાંધો નથી. તેથી જેમજેમ શરીરમાંની પાચનશક્તિ વધે તેમતેમ દુધના બીજા ખોરાકો ખાવા માટે છુટ આપવામાં આવે છે : જેમકે મલાઇ, બાસુદી, શ્રીખંડ, પેંડા, બરફી, ગુલાબજાંબુ વગેરે. આ બધી વસ્તુઓ નબળી પાચન-શક્તિના માણસને કે બાળકને ન પચે, કેમકે એ બધામાં પાણીનો અંશ ઓછો છે. દુધને ઉકાળીને તેમાંનું પાણી બાળી નાખીને તેમાંથી બાસુદી તથા માવો, બરફી, પેંડા વગેરે બનાવવામાં આવે છે. એ ચોખ્ખું દુધ જ છે; માત્ર પાણી કાઢી નાખેલું દુધ એટલો જ ફેર.

દુધમાં મેળવણ નાખી દહીં બનાવીને, પાણી ગાળી કાઢીને માવા જેવો લોચો જુદો પાડી તેમાં ખાંડ મેળવી શ્રીખંડ બનાવાય છે. એ પણ ઉત્તમ ખોરાક છે. આપણા સુખડિયાઓ ડોળડમાકવાળા ન હોવાથી એની મોટીમોટી જાહેર ખબરો નથી આપતા, અને આપણા ડૉકટરો એ ચીજોની બનાવટ જાણતા ન હોવાથી એ ખોરાકોની ભલામણ નથી કરતા. પણ તેમણે આ આવશ્યક અભ્યાસ કરવો ઘટે છે.

જેમ શ્રીખંડ બનાવાય છે તેમજ ફેરફારવાળી પદ્ધતિથી બંગાળીઓ બીજી મીઠાઇઓ બનાવે છે. તેઓ દુધમાં ફટકડી નાખી તેને ફાડી નાખે છે. આથી પાણી જુદું પડે છે અને ફાટેલા દુધનો લોચો જુદો પડે છે. એ લોચામાં ખાંડ મેળવી તેઓ મીઠાઇ બનાવે છે. પણ વૈદ્યકશાસ્ત્રની દૃષ્ટિએ ફાડેલું દુધ ખાવું અહિતકર છે, તેથી આપણા ધર્મચુસ્ત લોકો બંગાળી મીઠાઈ (ભલે હિંદુના હાથની બનાવેલી હોય છતાં) ખાતા નથી. કાશીમાં બંગાળી ટોલામાં વેચાતી મીઠાઇ ખાનાર વાણિયા બ્રાહ્મણને ન્યાત તરફથી દંડ થાય છે. ફાટેલું દુધ જીરવવું મુશ્કેલ છે, અને મેળવેલું એટલે દહીં બનાવેલું હોય તો તે સહેલાઇથી પચે છે એ આપણે જો સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇએ તો સમજી શકીએ. આજે આપણો એ મુખ્ય વિષય ન હોવાથી દુધની વિવિધ ચીજોનો વિચાર કરીશું.

દુધમાં રહેલું ઘી દુધની મલાઇમાં માખણ રૂપે તરી આવે છે. તે જુદું પાડતાં દુધની ચીકાશ (ઘી) નીકળી જાય અને પછી જે દુધ રહે તે ઘી વગરનું રહે. માખણ બનાવનારાઓ સંચાથી મલાઈ જુદી પાડી લઇ નિઃસત્ત્વ દુધ જુદું પાડે છે. એ સત્ત્વ વગરના દુધને પીવાથી પુરતું પોષણ મળતું નથી તેથી એ દુધ તરીકે વેચાય તો રાજ્ય તરફથી સજાનો ભય રાખવામાં આવ્યો છે. આથી સંચાવાળા એવા દુધનું દહીં બનાવે છે અથવા તેને ફાડી નાખે છે. અને લોચો જુદો પાડી પાણી ફેંકી દે છે. આ જુદો પાડેલો લોચો સુકવી નાખે છે તેને સુકું દુધ અથવા ' કેસીન ' Casein કહે છે. આ કેસીનમાંથી જ વપરાશની બધી ચીજો બને છે.

જે પચીસ વસ્તુનાં ચિત્ર ગયે મહીને આપ્યાં છે તેમાંની વીસ કેસીનમાંથી બનેલી છે. દુધની ભુકી તે કેસીન; માખણ તો દુધની ચીકાશ. જો માખણ

રાખીને દુધને કાડવામાં આવે તો તેનું કેસીન સારૂં ન બને અને થોડા વખતમાં ગંધાઇ ઉઠે, ખોરૂં પડી જાય. વળી માખણવાળા કેસીનમાં સરેસ કે ગુંદર જેવી ચીકાશ પણ ન આવે, તેથી જરા યે જરા માખણ કાઢી લેવું પડે છે. ચિત્રમાં આઇસક્રીમ બતાવ્યું છે તે માખણ સાથેના જ દુધનું. અને દુધની સાકર બતાવી છે તે દુધમાં રહેલી મીઠાશને જુદી કાઢી લેવામાં આવે છે તે છે. તેને Lactic Sugar (લૅકટિક શુગર) અથવા 'સેકેરીન લૅકટિસ' Saccarin Lactis અથવા 'લૅકટોઝ' Lactose કહે છે. જમાવેલું દુધ તે દહીં; અને 'ચીઝ' Cheese —પનીર—દુધનું ચોસલું—જે ચિત્રમાં બતાવ્યું છે તે પણ દુધ ફાડીને બનાવે છે.

બાકી રહેલી ઓગણીસ ચીજો દુધની ભુકી અથવા કેસીનમાંથી બને છે. જ્યાં દુધ ઘણું થતું હોય અને સસ્તું હોય, ખપ ન હોય, લોકોને તાજા દુધની કદર ન હોય, અથવા ગરીબીને લીધે દુધ ખાવા રાખવા જેવી આર્થિક સ્થિતિ ન હોય ત્યાં માખણના વેપારીઓ 'સંચો' લઈ બેસે છે અને મલાઇ જુદી કાઢી લઇ બાકીનું પાણી જેવું દુધ (જેને અંગ્રેજીમાં 'સેપરેટ' Separate કહે છે તે) ફાડીને તેનું કેસીન—એટલે દુધની ભુકી—બનાવી તે જુદી વેચે છે. ગુજરાતમાં ખેડા જીલ્લામાં આ મુજબ ઘણે ઠેકાણે ચાલે છે.

કેસીન એ સરેસ જેવો ચીકણો પદાર્થ છે. દુધ પીવાથી આપણા શરીરમાં મલાઇ જાય તેની ચરબી બને અને કેસીન તથા જે પાણી છુટું પાડી ફેંકી દેવામાં આવે છે તે બંનેથી માંસ, જ્ઞાનતંતુ અને હાડકાં બનવા ઉપરાંત આંતરડાં શુદ્ધ રહે અને લોહીનો બગાડ મટે તથા વાયુ થવા ન પામે. આટલા માટે જ આપણે દુધપાક, બાસુદી, શ્રીખંડ, પેંડા, બરફી વગેરે મીઠાઇઓ શુદ્ધ અને સાત્ત્વિક ગણી છે, અને વ્રતમાં પણ ખાઇ શકાય છે. બીજી મીઠાઇઓને એટલું માન નથી. ઘણાક લોકો 'સેનેટોજન' નામની શક્તિની દવા ખાય છે. તેમાં સો ભાગે ૯૫ ભાગ એ દુધની ભુકી (કેસીન) જ હોય છે! આટલા પરથી એના ગુણનું મહત્ત્વ સમજાશે.

કેસીન એકવાર સુકાયું એટલે પાછું નર્યાં પાણીમાં કલાકો લગી ઉકાળીએ તો યે ઓગળતું નથી. જો એને ઓગાળવું હોય તો ૯૪ ભાગ કેસીને ૬ ભાગ ટંકણખાર, સોડા, ચુનો, એમોનિયા કે પોટાશ એમાંનું એક નાખવું. એ ક્ષાર—આલ્કલી Alkaliના યોગે કેસીન ઓગળી શકે છે. પણ સુકાયા પછી પાછું ઓગળતું નથી. એના આવા ગુણને લીધે એની અનેક ચીજો બનાવવામાં આવે છે.

કેસીનને ઓગાળીને તેમાં સફેદ રંગની (ચુનાની, ચાકની કે હાથીદાંતની) ભુકી મેળવી દઇ લાહી જેવું બનાવીને કોઇપણ વસ્તુપર ચોપડીને સુકવ્યું હોય તો ચમકતા તેલિયા રંગ જેવો રંગ લાગે છે. તે રંગ ધોવાથી નીકળતો નથી કે પરસેવાથી ઓસરતો નથી. આવા રંગમાં લાલ, લીલો, કાળો, પીળો વગેરે રંગ મેળવી ભીંતે ચોપડવાના કે કાપડ પર છાપવાના રંગ બનાવાય છે. તે રંગ ભીંતે ચોપડીને સુકવતાં પાકા મજબુત બને છે અને હાથ ફેરવવાથી કે પાણી વડે ધોવાથી નીકળતા નથી. ચુનો તાજો હોય ત્યારે તે ક્ષાર રૂપ (Alkaline) હોય છે. પણ કેસીનને ઓગાળી નાખ્યા પછી જ્યારે તે ભીંતે ચોપડી સુકવાય છે ત્યારે તેની જોડે મેળવાએલો ચુનો ક્ષાર મટીને ચાક બની જાય છે; કેમકે ચુનો હવામાંથી કાર્બોનિક ઍસિડ ગૅસ ખેંચી લે છે અને પોતાનું ક્ષારપણું ગુમાવી દે છે. એટલે કેસીનમાં ચુનો મેળવવાથી બે ફાયદા થાય છે. એક તો શરૂઆતમાં લગાડવા વખતે જે ક્ષારનો ગુણ જોઇએ તે મળી રહે છે અને બીજો ચાક રૂપે સફેદ રંગ પણ મળી રહે છે. તે પછી તેની સાથે જે રંગ ભેળવ્યા હોય તે કેસીનના બંધનથી બંધાઇ જાય; કેસીનના બનેલા આવા ભીંતે ચોપડવાના રંગોને ડિસ્ટેમ્પર Distemper રંગ કહે છે.

વળી જો કેસીન ચોપડ્યા બાદ તેને ફૉર્મૅલ્ડીહાઇડ (અથવા ફૉર્મૅલીન)ની અસર કરવામાં આવે તો પછી તે કદિ પણ ઓળગી જ ન શકે એવું બને છે. ફૉર્મૅલ્ડી હાઇડનો સ્વભાવ એવો છે કે ઍમોનિયા હાજર હોય ત્યાં લગી કેસીન પર તે અસર નથી કરી શકતું. તેથી એક ભાગ ફૉર્મૅલ્ડી હાઇડ અને સવા ભાગ ઍમોનિયા મેળવીને ૧૦૦ ભાગ કેસીનમાં નાખવામાં આવે છે. પછી તે ભીંતે ચોપડ્યા બાદ હવા લાગતાં એમોનિયા ઉડી જાય છે અને ફૉર્મૅલ્ડીહાઇડ એમાંનું એમાં રહે છે, તે તરત જ કેસીનને અદ્રાવ્ય (Insoluble)

એટલે પાણીમાં ઓગળી ન શકે એવું બનાવી દે છે.

આ ક્રિયાનો લાભ લેવા માટે એ કેસીન-ફૉર્મેલ્ડી હાઇડ-ઍમોનિયા અને રંગનું મિશ્રણ કાપડ પર છાપવામાં આવે છે અને પછી તેને, આપણે ઢોકળાં કે પાનરાં બાફીએ છીએ તેમ, બાફવામાં આવે છે. તેથી ઍમોનિયા ઉડી જાય છે અને ફૉર્મેલ્ડીહાઇડની અસર કેસીન પર થતાં રંગ મેળવેલું કેસીન કપડાં પર એવું પાકું ચોંટી જાય છે કે તે ધોવા કે ઉકાળવાથી પણ નીકળી શકતું નથી. આપણે જેને પાકો રંગ કહીએ છીએ તેનો અર્થ એટલો જ કે ધોવામાં ન ઓસરે તે પાકો રંગ. ઉપર પ્રમાણે છાપેલો રંગ પાકો બને છે. એક વખત એવો હતો કે હિંદુસ્તાનમાં દુધ સસ્તું હતું, ત્યારે રંગવામાં દુધ પુષ્કળ વપરાતું; કેમકે દુધમાં કેસીન ઓગળેલા રૂપમાં હોય છે, એટલું જ નહિ પણ રંગને ચમકતો અને વધુ પાકો કરવા માટે જે સ્નિગ્ધ પદાર્થની (એટલે તેલ કે ઘીની) જરૂર હોય છે તે પણ દુધમાં બહુ જ સૂક્ષ્મ પરમાણુના રૂપમાં હોય છે. એ સૂક્ષ્મ પરમાણુઓ, આપણે દુધને ગરમ કરીએ એટલે દુધની ઉપર તરી આવે અને મલાઇમાં આવી જાય અને નીચે ચીકાશ વગરનું પાણી જેવું દુધ રહી જાય.

ડૉકટરો કોઇ જાતનું તેલ પીવા આપે ત્યારે દરદીને તેલથી ઓકારી આવવા જેવું લાગતું હોય તો તેલ ગુંદર અને પાણી મેળવી ઘુંટીને 'દુધિયું' બનાવીને આપે છે. આને 'ઇમલ્શન' કહે છે. એરંડિયું, કૉડલિવર ઑઇલ, પેટ્રોલિયમ વગેરે આવાં ઇમલ્શનના રૂપમાં અપાય છે. દુધ પણ ઘીનું ઇમલ્શન જ છે; પણ પરમેશ્વર અથવા ગોવાળિયાઓ કદિ એની જાહેરખબર છપાવી બણગાં ફુંકીને દુધ વેચતા નથી; તેથી એવી ઉત્તમ વસ્તુ ઓછી કીંમતની ગણાય છે અને બીજી ઉતરતી જાતની વસ્તુઓ મોંઘા મૂલ્યે વેચાય છે!

રંગારાઓને એરંડિયાનું 'ઇમલ્શન' કરી વાપરવું પડે છે. તેઓ એરંડિયામાં ખારો નાખી 'ઇમલ્શન' (દુધિયું) બનાવીને કપડાંને પાય છે. પછી તે કપડાંને રંગવાથી રંગ સારો, ચમકતો અને પાકો બને છે. ઘરમાં આપણે સ્ત્રીઓને શાકભાજીમાં પણ આવું તેલ અને ખારાનું 'ઇમલ્શન' નાખતી જોઇએ છીએ. દુધ એ ઘીનું 'ઇમલ્શન' છે એટલું જ નહિ, પણ તેમાં 'કેસીન' છે. રંગમાં જે ફટકડી વપરાય છે તે એ કેસીનને અદ્રાવ્ય બનાવે છે તેથી રંગ પાકો રંગ થાય છે. એમ દુધથી રંગ ચમકતો અને વળી પાકો પણ બને છે.

આ બધી વિગત આપવાની મતલબ એ છે કે કેસીનને આપણે ઓગળી ન જઈ શકે એવા રૂપમાં લાવી શકીએ છીએ. ડાકટરો 'કૅપ્સુલ્સ' (Capsules) આપે છે તેમાં જેમ ક્વિનાઇન હોય છે તેવી રીતે કેસીનમાં રંગ ઢંકાએલો અથવા સુરક્ષિત રહે છે, અને પોતે તેના પડદાનું કામ કરે છે. એકલા કેસીનનો પણ અદ્રાવ્ય જાડો કાગળ જેવો તખતો બનાવીએ તો યે ઉપલા જ સિદ્ધાંત પ્રમાણે પાણીમાં ન ઓગળે એવો બની શકે.

પ્લાસ્ટર ઑફ પૅરિસ (ચારોડી)નો છત્રીનો હાથો બનાવીને. તેને કેસીનમાં બોળી સુકવીએ કે તેના પર કેસીનનું એક આવરણ બનીને તે હાથીદાંત જેવું દેખાય. એ કેસીનને ઢાળીને તેના પતરા જેવા તખતા બનાવીને દાંતા કાપી કાઢીએ તો દાંતીઓ બને; એના જાડા સળિયા બનાવીએ તો હોલ્ડર બને, ગુંથવાના સોયા બને, પાઉડરની ડબી બને; એવું પેલાં ચિત્રોમાં બતાવેલું બધું બની શકે.

આપણા એડા જીલ્લાનાં થતા કેસીનને આપણે ઉપયોગમાં નથી લેતા તેથી તે વેચવા વિલાયત મોકલવું પડે છે! પણ જો આપણે ઉપયોગમાં લઇએ તો આપણા ગરીબ ભાઇઓને ઉદ્યોગ મળે અને આપણો કાચો માલ આપણે ઘેર જ વપરાય; એટલે પૈસો પરદેશ ન જાય. કેસીનની બીજી પણ સેંકડો ચીજો બને છે.

આપણી સરકારે એક ઉદ્યોગહુન્નરખાતું સ્થાપ્યું છે. તેના વડા અમલદારે (Director of Industries) અમદાવાદના ડૉ. મેલ્રૂમ અને પ્રો. ગંગુલી પાસે કેસીન ઉપર એક સપ્રયોગ પુસ્તક લખાવી છપાવ્યું છે અને તે સરકાર ચાર આનાની કીંમતે વેચે છે. બીજું એક મોટું પુસ્તક અંગ્રેજીમાં 'કેસીન' Casein નામે છપાયું છે તે આશરે છ રૂપિયાની કીંમતે વેચાય છે. જેમને કેસીન (દુધની ભુકી—સુકા દુધ) વિષે વધુ વાંચવું હોય તેમણે એ પુસ્તકો વાંચવાં.

મોહનલાલ માણેકલાલ ઝવેરી

બાળ વિભાગ

બોલે મોરલો

હાં હાં રે મીઠો બોલે મોરલો,
દીઠો અદીઠો બોલે મોરલો;
લીલુડા વનનો બોલે મોરલો,
ઘેરા ગગનનો બોલે મોરલો;
આંબાની ડાળે બોલે મોરલો,
સરોવરની પાળે બોલે મોરલો;
ડુંગરની ધારે બોલે મોરલો,
દેવળને દ્વારે બોલે મોરલો;
રાજાને ઠુમકે બોલે મોરલો,
રાણીને ઘુમટે બોલે મોરલો;



વીરાને ચોટલે બોલે મોરલો,
ભાભીને ચોટલે બોલે મોરલો;
સોનાની ચાંચે બોલે મોરલો,
રૂપાની પાંખે બોલે મોરલો;
મોતી ચણંતો બોલે મોરલો,
દિન ગણતો બોલે મોરલો;
પંખીડાં તરસ્યાં બોલે મોરલો,
મેહુલા વરસ્યા બોલે મોરલો;
ઢેલડ ભીંજાય છે બોલે મોરલો,
આવે ને જાય છે બોલે મોરલો;
પીંછાંની છત્તરી બોલે મોરલો,
ઢેલીએ શિર ધરી બોલે મોરલો.

પુષ્પાંજલિ

૪ મધુમાલતી

પરીઓના દેશમાં મધુ અને માલતી નામની બે પરીઓ રહેતી હતી. માલતી હતી નાની અને મધુ મોટી. પરીઓને ગાલમાં ખંજન પડતાં નથી, પણ માલતીને તો ખંજન જોઇએ. મધુએ કહ્યું કે ચાલ હું તને આપું.

પછી તે એને એક ગામમાં લાવી. રાત પડી હતી; સઘળે અંધકાર છવાયો હતો. પરીઓ એક ઘરમાં પેઠી. ત્યાં એક નાનું બાળક સુતું હતું. તેને એક સ્વપ્નું આવ્યું તેથી બાળક હસ્યું, ને તેના ગાલ પર એક સુંદર ખંજન પડ્યું. તે ઉપર મધુએ પોતાની જાદુઇ લાકડી અડકાડી તેથી તેનું એક ફુલ થઇ ગયું. એ ફુલ માલતીએ લઇ લીધું. એમ આખા ગામનાં બાળકોનાં ખંજનોને પરી અદશ્ય રૂપે ફુલ બનાવીને લઇ લેવા મંડી. આમ કરતાંકરતાં સવાર પડી ગઇ ને સૂર્ય ઉગ્યો. પરીઓ કોઈ દહાડો સૂર્યની હાજરીમાં રહે નહિ કેમકે તેઓ સૂર્યથી તો લગભગ મરી જાય! મધુ ને માલતીએ તો દોડવા માંડ્યું. માલતીના ખોળા-માંથી બધાં ગુલાબી ને ધોળાં ફુલો પડી જવા લાગ્યાં. તે ગામથી થોડે દૂર એક સરોવર હતું. તે સરોવરમાં પરીઓ રહેતી હતી. મધુ અને માલતી તે સરોવર તરફ દોડયાં, તેથી તે સરોવર સુધી ફુલો વેરાયાં. સવારે ગામનાં માણસોએ સરોવરે નહાવા જતાં રસ્તામાં ખુબ સરસ ફુલો વેરાએલાં જોયાં. એ જોઇ તેઓ અજબ થયાં ને તે વીણી લીધાં. ફુલો જોડે બીઆં પણ વેરાયાં હતાં. તે બીઆંમાંથી ત્યાં ખુબ સરસ વેલા ઉગ્યા. તેના ઉપર સુંદર સુગંધી ફુલો થયાં. આ ફુલો મધુ અને માલતીએ બનાવ્યાં હતાં માટે એનું નામ મધુમાલતી પડ્યું. ['મુકુલ'માંથી]


: આવતે મહીને ' સુગન્ધ 'ની વાત :



મુળો–ડુંગળી

પહોળાંપહોળાં પાંદડાં ને લાંબુંલાંબું મોં,
રખેને મિસ્તર તમે મુળાભાઈ હો;
લાંબાંલાંબાં પાંદડાં ને ઇંડા જેવું મોં,
રખેને મિસ તમે ડુંગળીબાઇ હો;
તપ કરતાં'તાં એક દિ' ઉંધે માથે લટકતાં,
ભાઇબાઈ પરણી ઉભાં આજ સાથે મલપતાં.

રોજ સવારના પહોરમાં



સૌ જાણે છે, અને માને છે પણ ખરાં, કે સવારમાં ઉઠતાંવેંત દરેકે થોડીક કસરત તો કરવી જ જોઇએ. છતાં જ્યારે એ વાતને આચરણમાં મુકવાની આવે છે ત્યારે તેઓ ગલ્લાંતલ્લાં કરવા માંડે છે કે અમને કસરત કરવાનો વખત મળતો નથી; આવી નકામી કસરતોમાં વખતનો બહુ દુરૂપયોગ થાય છે; વગેરે.


ગમે તે વૈદ્ય, દાક્તર કે હકીમને પુછો અને તમને એ કહેશે કે એકેએક રોગનું મુળ બંધકોશ–કબજિયત છે. ઘડિયાળમાં જરા કચરો ભરાય કે તે અટકી પડે છે; ગમે તેવા મજબુત સંચામાં મેલ જામે કે તે ખરાબ થાય. આપણું શરીર એ કુદરતે રચેલું નાજુકમાં નાજુક સાંચાકામ જ છે. એમાં મેલ કે કચરો જામે (બંધકોશ થાય) કે તરત રોગની નીશાની આપીને એ આપણને ચેતવે છે.

સંચામાં નિયમિત તેલ પુરી સાફ રાખવામાં આવે તો કશી અડચણ વિના વર્ષો સુધી તે સહેલાઇથી ચાલે. શરીરમાં પણ એવું તેલ પુરવાની 'જરૂર' છે. એ તેલ તે કસરત. રોજ સવારમાં અમુક કસરતો થોડી મિનિટ નિયમિત થતી રહે તો બંધકોશ, દાક્તર કે દવા એ ત્રણમાંથી એકેનું નામ ન સાંભળવું પડે.

સૌ હમેશાં થોડીઘણી કસરત કરે તો જુજ વખતમાં આપણી નજરે પડતાં મડદાં અદૃશ્ય થાય. નિયમિત ખાનપાન અને સાધારણ કસરતથી હરકોઈ માણસ પોતાનું શરીર તંદુરસ્ત રાખી શકે છે. પણ લોકોને કસરતનું શરણ ન ગમતાં, દાક્તરો અને દવા વહાલાં લાગે છે અને તેમનાં બીલ હોંશથી ભરવાનું મન થાય છે!

આવી કસરતોમાં કોઈ જ જાતનાં સાધનોની જરૂર પડતી નથી, સિવાય કે તે કરવાનો દૃઢ નિશ્ચય. જો દૃઢ મન રાખી આ કસરતો નિયમિત કરવામાં આવે તો તમારૂં શરીર એવું સુદૃઢ અને સુંદર બને કે થોડા વખતમાં કદાચ તમને પોતાને પણ આશ્ચર્ય લાગે કે આ તે તમે પોતે કે બીજું કોઈ?

કસરત ૧: ચિત્ર ૧માં બતાવ્યા પ્રમાણે બે હાથને બે ઘુંટણ વચ્ચે ગોઠવો. હાથનાં આંગળાં સામસામાં રાખી ચિત્ર ૨ પ્રમાણે પગને લંબાવી



શરીરનું બધું જ વજન હાથ અને પગનાં આંગળાં પર ઝીલો. માથું ધીરેધીરે જમણી તેમ જ ડાબી બાજુ ફેરવો. હવે હાથ ધીરેધીરે વાળી છાતી જમીનને અડકાડો. તેની સાથે પગને ચિત્ર ૩ પ્રમાણે અદ્ધર કરો, અને પાછા ચિત્ર ૨ ની મુળ સ્થિતિમાં આવી ફરી બીજા પગને અદ્ધર કરો તથા છાતી જમીનને અડકાડો. પછી શરૂઆતની ચિત્ર ૧ મુજબની બેઠક કરો અને ઉભા થાઓ. આ પ્રમાણે થાક લાગે ત્યાં સુધી પાંચથી દસ વખત કરો.

કસરત ૨ : જમીન પર બેસી પગ લંબાવો અને હાથ પહોળા કરો. બંને હાથ ગરદન પર રાખી આંગળાંથી પકડ કરી શ્વાસ લો અને નીચા વળો. પછી ટટાર થતાં શ્વાસ બહાર કાઢો. ચિત્ર ૪ પ્રમાણે જમણી કોણીને ડાબા ઘુંટણ પર અડકાડો ને તે જ પ્રમાણે ડાબી કોણીને જમણા ઘુંટણને અડકાડો. પછી હાથ ખુલ્લા કરી, કમ્મરમાંથી વાંકા વળી ચિત્ર ૫ પ્રમાણે હાથને બને તેટલા લંબાવો. આ પ્રમાણે ફરીફરી કરો.

કસરત ૩ : હાથ અદ્ધર કરી ટટાર ઉભા રહો અને ધીમેધીમે આગળ નમી ચિત્ર ૬ પ્રમાણે હાથ જમીનને અડકાડો. પછી હાથને બાજુ પર કાટખુણે ચિત્ર ૭ પ્રમાણે અદ્ધર લાવો અને તે પ્રમાણે વારાફરતી બંને બાજુએ કરો.

કસરત ૪ : બે હાથ બાજુ પર રાખી ટટાર ઉભા રહો. હાથ બાજુ પર પહોળા કરતાં કરતાં માથા પર અદ્ધર લાવો. તે જ પ્રમાણે બાજુ પરથી એક હાથ ધીમેધીમે નીચો લાવી ચિત્ર ૮ પ્રમાણે ઘુંટણને અડકાડી તે તરફ નમો અને પાછા મુળ સ્થિતિમાં આવો. આમ પાંચેક વાર કરો.

કસરત ૫ : બે પગ લગભગ બે ફુટ પહોળા રાખી હાથ પછવાડે રાખો. જમણી તરફ નમાય તેટલું નમો. વાંકા વળી ચિત્ર ૯ પ્રમાણે હાથને ધીરેધીરે ઉંચા કરો; પછી પાછા મુળ સ્થિતિમાં આવો. આમ થાક લાગે ત્યાં સુધી કરો.

કસરત ૬ : ઉંધા સુઈ જઈ હાથ પછવાડે લંબાવો. માથું અને છાતી ચિત્ર ૧૦ પ્રમાણે ઉંચાં કરો અને તેમ કરતાં શ્વાસ બહાર કાઢો. તે જ સ્થિતિમાં રહી ગરદન જમણી અને ડાબી બાજુ ફેરવો અને આમ વારાફરતી કરો.

રોજ સવારના પહોરમાં આ સાદી છ કસરતો કરતા રહો અને થોડા જ દિવસમાં તમારા શરીરમાં શો ફેરફાર થાય છે એ જોજો.

ત્રણ નવી ઈનામી હરીફાઈઓ

[રજાના દિવસો માટે કામ]

ચીતરતાં આવડતું હોય તેમને માટે

લોકોમાં સારી પેઠે જાણીતાં છ ફુલોનાં ચિત્રો કરી મોકલો. ફુલોની સાથે કળીઓ કે પાન જોઇતાં મુકવાં.

કાગળનું માપ ૭×૧૦ ઇંચનું રાખવું.

ચિત્ર સ્વચ્છ રેખામાં, કુદરત પરથી જોઇને, સ્વચ્છ રંગ ભરેલાં જોઇએ.

કાગળમાં ચિત્રની ગોઠવણ પણ એક ગુણ ગણાશે.

સારા પૅકિંગ સાથે ચિત્રની પાછલી બાજૂએ કરનારનું નામ, ઠેકાણું, ઉમર, અભ્યાસ, ગ્રાહક હોય તેનો ગ્રાહક નંબર વગેરે જોઇશે.

એક ઇનામ રૂ. પાંચનું કુમારના ગ્રાહકોમાં જ અપાશે બીજાં નાનાં પાંચ ઈનામો માટે કોઇ પણ માણસ હરીફાઇમાં ભાગ લઇ શકશે.

ફોટોગ્રાફીના વિદ્યાર્થીઓ માટે

આપણા દેશનાં જાણીતાં પશુ કે પંખીના ત્રણ ફોટોગ્રાફો સુંદર અને સ્પષ્ટ પાડીને મોકલો. ફોટાનું માપ ૩½×૪થી મોટું ન જોઇએ. એન્લાર્જ કરેલી છબી ન જોઇએ.

પાંચ ઇનામો રૂ. ૮, ૬, ૩, ૨ અને ૧નાં અનુક્રમે.

સાહિત્યના અભ્યાસીઓ માટે

૨૫ સુવાક્યો—૨૫ જીવનસૂત્રો ગુજરાતીમાં હોય તે જ જોઇએ. હિંદુસ્તાનના ૨૫ મહાન પુરુષો (પ્રાચીનકાળથી તે આજ સુધી થઇ ગએલામાંથી)નાં નામ મોકલો.

ઈનામો રૂ. ૫, ૩, ૨, ૧નાં. નામ, ઠેકાણું ગ્રાહક નંબર, વગેરે અચુક લખવાં.

ઇરાનમાં અલવંદ પર્વતની તળેટીએ આવેલા મેચીન ગામમાં એક ૧૪૬ વર્ષની ડોશી રહે છે, તે આખી દુનિયામાં ઘરડામાં ઘરડી છે; તેનો મોટો દીકરો ૧૦૭ વર્ષનો છે. અને ઘરડામાં ઘરડો પુરુષ, આખી દુનિયામાં, ઝરો આગા નામનો ૧૫૦ વર્ષનો તુર્ક છે.

ઉત્તર આફ્રિકામાં વણનારાની એક જાતમાં પુરુષોએ બુરખા પહેરવાનો રીવાજ છે.

કંપોઝિટરના હાથને રોજ અગિયાર માઇલનો પ્રવાસ કરવો પડે છે.

લીલા ભાગ કરતાં પીળા ભાગ ઉપર ઝાકળ જલદી પડે છે, જ્યારે લાલ અને કાળા ઉપર બીલકુલ ઓછું પડે છે.

નાના સાહેબ

એ નામ જ કંઇક અનેરાં સ્મરણો જગાવે છે. દરેક માણસ કબુલ કરશે કે પોતે જીવનમાં એ ભવ્ય અને અદ્દભુત વ્યક્તિનું નામ, અને તેની આસપાસ વીંટાએલી અવનવી વાતો સાંભળીને રોમાંચ અનુભવ્યો છે. આજ સીત્તેર વર્ષ પછી પણ હિંદના ઇતિહાસનો એકેએક જાણકાર એનું નામ સાંભળી ચમકે છે, આકર્ષાય છે અને આતુરતાપૂર્વક એને વિષે વધારે જાણવા કૌતક ધરાવે છે. હિંદના ઇતિહાસમાં અમર થએલા એ સત્તાવનના બળવા વખતે મુખ્ય અને પ્રેરક ભાગ લઈ અગ્રપદે ઘુમનાર અને દેશયજ્ઞની વેદી પર જીવન વધેરનાર એ પ્રતાપી વીર નરની ઇતિહાસ અને કલ્પનાગુંથી રસભરી જીવનકથા ઠક્કુર નારાયણ વિસનજીની કલમથી લખાઇને (નાનાસાહેબના ચિત્ર સાથે) 'ગુજરાતી'ની ૪૨મી ભેટ તરીકે હમણાં બહાર પડી છે. દરેક આતુર વાચકને એમાંથી પોતાની પિપાસા તૃપ્ત કરવા જેટલો રસ મળી રહેશે એમ અમે આશા રાખીએ છીએ.

બળવા વખતે મોખરે રહી ઝુઝનાર ત્રિપુટી (રાણી લક્ષ્મીબાઇ, તાત્યા ટોપી અને નાનાસાહેબ)માંથી પહેલીના જીવનનો પરિચય તો 'કુમાર'નાં વાંચનારાંને અમે કરાવ્યો છે; બીજા તાત્યાટોપી વિષે પણ એક સરસ લેખ તૈયાર થાય છે; અને એ સૌમાં મોવડી નાનાસાહેબનું પ્રેરક જીવનચરિત્ર આપવાના અમારા અભિલાષ છે.

શાળોપયોગી નવાં બાળ ગીતો

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસનું કે એમનાં મનરંજક ગીતોનું ઓળખાણ 'કુમાર'નાં વાચકોને નવું કરાવવું પડે એમ નથી. એમનાં 'નવાં ગીતો'થી બીજા કોઇ કરતાં 'કુમાર'નાં વાંચનારા વધારે પરિચિત છે. એ ગીતોનો સુધારેલો અને વધારેલો નવો સંગ્રહ એમણે પોતે જ હમણાં ઉપલા નામથી રાજકોટમાંથી બહાર પાડ્યો છે. ૧૦૦ પાનાંની એ ગીતની ચોપડીની કીંમત ૦-૩-૦ વધારે નથી.

સ્વીકાર

દેવાંગના (પંચાંકી નાટક): સંશોધક-પ્રકાશક, માર્કંડ રતનલાલ ધોળકિયા, ખાડિયા અમદાવાદ. કીં. ૧-૪-૦.

આયુર્વેદ (મનુષ્યજીવનશાસ્ત્ર); પ્રાણાચાર્ય ડૉ. પોપટ પ્રભુરામનું, આયુર્વેદ કૉન્ફરન્સના પ્રમુખ તરીકેનું ભાષણ.

અમદાવાદ શહેરની સચિત્ર ભૂગોળ: લેખક-પ્રકાશક, ભાઇચંદ પૂજા શાહ. દિલ્લીચકલા, અમદાવાદ. કીં. ૦-૪-૦.

હોળિકાસંમેલન માટેનાં ગીતોનો સંગ્રહ: પ્રકાશક હોળિકાસંમેલન સમિતિ, અમદાવાદ.

દશાવતાર લીલા: પ્રયોજક, હ. ના. શાસ્ત્રી ૦-૮-૦.

પુસ્તકાલય પરિષદ (વડોદરા રાજ્યની)નું નિવેદન.

શ્રી મહુવા બાલમિત્ર મંડળનો ૫-૬ વર્ષનો રીપોર્ટ.

લીલો મેવો

આખા જગતમાં મોટામાં મોટું ચિત્ર પારીસમાં છે. તે નંદનવનનું છે. તેની લંબાઇ પહોળાઈ ૮૪×૩૪ ફુટની છે.

એક એકરમાં તમાકુ વાવવા માટે બે ચપટી બીઆં જોઇએ.

કાગળને પારદર્શક બનાવવો હોય તો દારૂમાં કપુર મેળવીને લગાડવાથી પારદર્શક થઇ જાય છે. દારૂમાં કપુર ઓગાળવાને બદલે ટીંકચર કૅમ્ફર કૉલેરામાં પીવાય છે તે મળે તો તે વાપરવું. આ કાગળ ચિત્રોની નકલ લેવા ટ્રેસ કરવા કામ લાગે.

સૌરાષ્ટ્રના સિંહની તો શી વાત? સૌરાષ્ટ્રના સિંહોને કેશવાળી નથી એટલે ઘણા અંગ્રેજો એ સિંહોના મુલ ઓછાં આંકે છે. ખરી વાત છે કે આફ્રીકાના સિંહો કરતાં સૌરાષ્ટ્રના સિંહોની કેશવાળી નાની હોય છે. પણ તેથી એ સિંહનાં પાણી કંઇ ઓછાં જ ઉતરે છે? આફ્રીકાના સિંહો આફ્રીકાનાં મેદાનોપર ભટકે છે. ગીરના સિંહોને જંગલો ચીરવાનાં છે કેટલાં યે 'કાંટાળાં' ઝાડો સૌરાષ્ટ્રના સિંહોની કેશવાળીઓને ઉઝરડી નાખે છે—એ સિંહોનાં સૌંદર્ય ઓછાં કરે છે. પણ સૌરાષ્ટ્રના સિંહોનો સ્વભાવ આફ્રીકાના સિંહ જેટલો જ તેજ હોય છે એ વાત આપણાથી ન ભુલાય. (કર્મભૂમિ)

વાંસ વધુમાં વધુ ૧૨૦ ફુટ સુધીના લાંબા થાય છે. તે રોજનો ફુટ લેખે ઉગે છે.

આઇસક્રીમનું ઉત્પત્તિસ્થાન ઇટાલી છે. ત્યાંથી ઇ. સ ૧૫૫૦ માં ફ્રાન્સમાં દાખલ થઇ, તે ૧૭૮૯માં ઇંગ્લંડમાં ગયો અને ૧૮૦૦માં અમેરિકા જઇ પહોંચ્યો. બરફની તાસીર એવી છે કે તેની સાથે મીઠું ભળે તો બરફ કરતાં પણ ઠંડી વધે; એથી બરફ અને મીઠું બન્ને એકઠું કરવામાં આવે છે. જો બરફ સાથે 'ઇથર' નાખવામાં આવે તો ઠંડી એથી યે વધે. પરંતુ એ યોજના મોંઘી અને અગવડભરી હોવાથી મીઠું જ વપરાય છે. સોડાવૉટર વગેરે બનાવવામાં વપરાતો કાર્બોનિક ગૅસ પણ હવે તો આઈસક્રીમ બનાવવામાં વપરાય છે, અને એ વડે બનેલો આઇસક્રીમ વધારે ફાયદાકારક અને સ્વાદિષ્ટ બને છે.

તોડેલાં ફુલ તાજાં રાખવાં હોય તો તેને પાણીમાં રાખ્યા સિવાય તેમ થઈ શકે. બટાટા, ગાજર કે કાકડી, ગમે તેમાં કાણાં પાડી તેમાં ફુલની દાંડીઓ ખોસી તેને તે પર સુંદર રીતે ગોઠવો. એ વસ્તુઓમાં ભીનાશ હોવાથી ફુલોને તાજા રહેવા જેટલું પાણી તેમાંથી મળી રહેશે.

નેપોલિયન જન્મ્યો, પરણ્યો, જીત્યો અને મરી ગયો એ બધું શુક્રવારે જ!



માધુકરી

ભડભડ હોળીના ભડકા રે ભાઇ, ઉઠજો શૂર સીપાઇ !
ભડભડ ભડકા ચોગમ ચમકે, ઝાળ ઘણેરી છવાઈ:
રાતી રાતી જીભ એ ભડકાની તણખે બધે આ તણાઇ: —ભાઈ, ઉઠજો૦
એ ભડકે ભડકે મન થડકે, તન ધડકે ધધણાઈ;
કાયરજન પણ લોચન ઝરતા કુદી ઉઠે તલખાઈ : —ભાઇ, ઉઠજો૦
ઉંચા હિમાલય પર્વત પીગળે, ગંગા રહી છે રેલાઇ;
રાતી તાતી ઉગી આંખ ગગનની, દિશદિશ રહી રંગાઈ: — ભાઇ, ઉઠજો૦
એ જ મસ્તાનીમાં ગરદ થશે તે જ મરદ ધરે મરદાઈ !
રોળી ટોળી સૌ હોમાવો એ હોળીમાં, માત રહે ગીત ગાઇ !
ભાઈ, ઉઠજો શૂર સીપાઇ !

—કવિ ખબરદાર

અડગ આગ્રહ

જે ધોળાં ને સુંદર ચકચકતાં વાસણોને આપણે ચીનાઇ માટીનાં વાસણને નામે ઓળખીએ છીએ તે બધાં ચીનથી નથી આવતાં, પણ ફ્રાન્સ અને યુરોપના બીજા દેશોમાંથી આવે છે. ફ્રાન્સમાં એ હુન્નરનો પાયો નાખનારનું નામ પાલીસી હતું. એ વીર નર આશરે ચારસો વરસ પર દક્ષિણ ફ્રાન્સમાં જન્મેલો. એક વખત ઇટાલીમાં બનેલું એક સુંદર ચીનાઇ પ્યાલું એના હાથમાં આવ્યું અને એવાં જ વાસણ બનાવવાનું તેને મન થયું. માટીના વાસણ પર કયા પદાર્થનો ઢોળ ચઢાવવાથી આવાં ચળકતાં થતાં હશે તેનો તેણે પ્રથમ વિચાર કર્યો. પછી તે પદાર્થોની મેળવણી કરી પ્રયોગો શરૂ કર્યા. સાધારણ માટીનાં વાસણ લાવી તે પર પેલી મેળવણીનો ઢોળ ચઢાવી તે તેણે ભઠ્ઠીમાં મુકયાં. પણ કંઇ ફતેહ મળી નહિ. મહેનત, પૈસા ને વખત નકામાં ગયાં. પણ તેથી તે હાર્યો નહિ. વર્ષો સુધી તેણેં મહેનત ચાલુ જ રાખી. ઘરની ભઠ્ઠીથી ફતેહ મળતી નથી એમ લાગ્યું એટલે તેણે ઘર બહાર મોટી ભઠ્ઠી કરી, અને ઉત્સાહથી પ્રયોગો કરવા ચાલુ રાખ્યા. હવે એને જણાયું કે આમ બળતણનું ખર્ચ પુરૂં પડવું મુશ્કેલ છે એટલે બીજાની ભઠ્ઠીમાં ઢોળ ચઢાવવાના પદાર્થ લગાડી તેણે વાસણના ટુકડા પકવવા મુક્યા. ત્યાં પણ તેને કશી ફતેહ મળી નહિ. છતાં તે જરા યે નાસીપાસ થયો નહિ. તે જ વખતે તેણે ફરી પ્રયોગો કરવાનો નિશ્ચય કર્યો.

વળી બીજાં બે વર્ષ પ્રયત્ન કરતાં તેને કશી ફતેહ મળી નહિ. છેવટે તેણે એક જબરો પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. ત્રણસો વાસણના ટુકડાને ઢોળ ચઢાવવાના પદાર્થથી ખરડીને તેણે કાચ ગાળવાની ભઠ્ઠીમાં મુક્યાં. ચાર કલાકે તેમને બહાર કાઢ્યાં ને આતુર નજરે જોઈ રહ્યો. તે ત્રણસો ટુકડા ઠરતાં તેમાંથી એક ટુકડો કઠણ ધોળો અને સાફ ચળકતો થઇ ગએલો જણાયો. એના આનંદનો પાર રહ્યો નહિ. આનંદભેર આ સમાચાર પોતાની સ્ત્રીને કહેવા તે ઘેર દોડયો; પણ તે બીચારી આ આનંદની ખુબી શું સમજે ?

હવે તેને લાગ્યું કે પારકી ભઠ્ઠીએ કામ નહિ ચાલે, તેથી પોતાને ઘેર કાચની ભઠ્ઠી બનાવી. તેણે બને તેટલું બળતણ ને સાધનો એકઠાં કર્યાં. ઢોળ ચડાવીને વાસણના ટુકડા તેણે ભઠ્ઠીમાં મુક્યા ને રાત ને દહાડો બળતણ નાખતો તે ત્યાં જ બેસી રહ્યો. છ રાત ને છ દહાડાના અખંડ ઉજાગરાથી તે ફિક્કો ને સુકાઇ લાકડા જેવો થયો, પણ પરિણામ કશું જણાયું નહિ. તો યે તે હીંમત હાર્યો નહિ.

હવે એના મનમાં એમ આવ્યું કે મેળવણીમાં કંઇક ખામી રહી છે. તેથી મિત્રો પાસેથી કછીનાં નાણાં લઇ તેણે નવાં સાધન અને ખુબ નવું બળતણ એકઠાં કર્યાં, ને પ્રયોગ શરૂ કર્યો. અતિશય તાપ થયો. પણ આ તાપ ઠંડો પડે તો બધી મહેનત ધુળ મળે. બળતણ ખુટતાં તેણે બાગની વાડના થાંભલા હોમવા માંડયા. તે ખુટતાં ઘરની છાજલીઓ, ને તે ખુટતાં મેજ વગેરે લક્કડકામનો સરસામાન હોમવા માંડયો ! એટલે ઘરમાંથી ભયંકર ચીસો પાડતાં તેનાં બૈરીછોકરાં નીકળ્યાં. તેમણે લોકોને જણાવ્યું કે પાલીસી ગાંડો થઇ ગયો છે, બધું બાળી મુકે છે ! પણ કશાથી તે ડગ્યો નહિ. તેણે મહીના સુધી તો પહેરેલું લુગડું પણ બદલ્યું નહિ. શરીર ને પૈસાની પુરી ખરાબી થઈ ગઇ. પણ એમ અનેક નિષ્ફળતાઓને અંતે

તેને ફતેહ મળી.

એની બનાવેલી બે રકાબીઓ લંડનમાં ૩૬૦ પાઉંડે વેચાઈ હતી. પાછલી જીંદગીમાં એને સુખ આવ્યું, અને ફ્રાન્સની રાણીએ તેને પોતાની પાસે એક મહેલમાં રાખ્યો!

પણ પ્રભુને એની દઢતાની વધારે કસોટી કરવી હશે. અઠ્ઠોતેર વરસની ઉમરે ધર્મ સંબંધીની માન્યતાને લીધે તેને કેદમાં જવું પડયું. ત્યાંના રાજા હેનરી ત્રીજાએ કહ્યું, 'ભલા માણસ, તને દુ:ખી જોઈ મને બહુ દુ:ખ થાય છે. તેં મારી માતૃભૂમિની સેવા બજાવી છે. તું ધર્મ ફેરવ, નહિ તો મરવું પડશે; કેમકે લોકોનું મારા પર ઘણું દબાણ છે.' પાલીસીએ કહ્યું, 'રાજાજી, મને તમારી દયા આવે છે. રાજા તરીકેની હીંમતથી બોલવાને બદલે તમે આમ લોકથી ડરીને શું કરવા બોલો છો? હું મોતથી ડરીને ધર્મ બદલનાર નથી.' તેને બારટીલના કિલ્લામાં કેદ કરવામાં આવ્યો અને ત્યાં તે શાંતિથી મરી ગયો!

નિર્બળ માણસો તો અડચણ આવશે એ બીકે કામ આરંભતા જ નથી; મધ્યમ પ્રકારનાં માણસો આરંભ્યા પછી અડચણ આવે એટલે તે મુકી દે છે; પણ શ્રેષ્ઠ માણસો તો એકવાર કામ આરંભ્યા પછી ગમે તેટલાં વિઘ્નો આવે તો પણ તેને પાર પાડયા વગર છોડતા નથી. (મજુર સંદેશ)

મૃત્યુ કરતાં પણ બળવાન

આયર્લંડના સ્વાતંત્ર્યયુદ્ધને લગતો આ બનાવ છે. એ. હિગિન્સ અને રૅાસ ઓ'કોનોર બંને જીંદગીભરના દિલોજાન દોસ્તો. પણ બંનેના રાજકીય વિચારો જુદા હોવાથી બંને સામસામા હતા. ઇંગ્લંડની સરકારે કરેલી ફ્રી સ્ટેટની સંધિ હિગિન્સે કબુલ કરી અને વખત જતાં નવા પ્રધાનમંડળમાં પ્રધાન તરીકે નીમાયો; જ્યારે બીજી બાજુ તેનો મિત્ર ઓ'કોનોર દઢતાપૂર્વક સંધિની સામે થઇ સંપૂર્ણ સ્વાતંત્ર્યના પક્ષને વળગી રહ્યો. તે માનતો હતો કે આ સંધિ કબુલ કરનારા દેશના દુશ્મન હતા.

બન્યું એવું, કે થોડા વખત પછી ડબ્લિનમાં સરકાર સામેના એક કાવત્રા વખતે સામેલ રહેલો ઓ કોનોર, ઝપાઝપી થતાં પકડાયો અને તેનો મિત્ર હિગિન્સ જે પ્રધાન હતો તેની આગળ કેસ ચાલ્યો. આરોપ પુરવાર થતાં હિગિન્સને માથે કપરૂં ધર્મસંકટ આવી પડયું. પોતાના આજીવન જાની મિત્ર, અને લગ્ન વખતે થએલા અણવર ઓ'કોનોરને, ન્યાયાધીશ તરીકે દેહાંતદંડની શિક્ષા કરવાની તેની ફરજ હતી. ન્યાયાધ્યક્ષ તરીકેની ફરજ તેને શિક્ષા કરવાનું ફરમાવતી હતી, જ્યારે મિત્ર તરીકેનું તેનું હૃદય એનો બચાવ કરવા કરગરતું હતું.

અંતે ન્યાયવૃત્તિનો વિજય થયો અને હિગિન્સે ઓ'કોનોરના મૃત્યુપત્ર પર સહી કરી!

રૅાસ ઓ'કોનોર, લેશમાત્ર ડગ્યા સિવાય, ખરા દેશભક્ત તરીકે મોતને શરણ થયો. અને જ્યારે તેનું વસીઅતનામું વાંચવામાં આવ્યું ત્યારે માલુમ પડયું કે મોતની સજા ફરમાવનાર તેના મિત્ર હિગિન્સને જ તે પોતાનો વારસ ઠરાવી ગયો હતો!

ફરજ ને મિત્રાચારીનું કેવું અદ્‌ભુત દૃષ્ટાંત! (ગ્રેટ થૉટ્સ)

ચીનાઈ ચતુરાઇ

ચતુરાઇઓમાં ચીનાઓને કોઇ ન પહોંચે. એમનાં ચાતુર્યની અનેક વાતો આપણે વાંચીએ છીએ ને સાંભળીએ છીએ. આ એક વધારે.

જનરલ જૉન નામનો એક ચીની સરદાર બહુ જ બહાદુર હતો; પણ તદ્દન અભણ. તેને માત્ર એક જ શબ્દ લખતાં આવડતો, અને તે પોતાનું નામ.

એક વખત લડાઇમાં દુશ્મનોએ તેને કોઇ કિલ્લામાં ઘેરી લીધો. તેણે બહુ બહાદુરીથી ઘણા દિવસ સુધી ટક્કર ઝીલી, પણ આખરે અનાજપાણી ખુટવાથી તે હીંમત હારી ગયો અને પોતાના રાજ્યના લશ્કરમાંથી મદદ મગાવવાના નિશ્ચય પર આવ્યો. એક ઝપાટામાં તેણે બધી ગોઠવણ કરી દીધી અને પોતાના સેક્રેટરીને મદદની માગણી કરનારો ખરીતો તૈયાર કરવાનો હુકમ કર્યો.

બહુ વાર થઇ, છતાં ખરીતો તૈયાર થઇને ન આવ્યો. અધીરાઈ અને ગુસ્સામાં ધુંવાંફુંવાં થતો જનરલ ધસમસતો સેક્રેટરીની ઑફિસમાં દાખલ થયો. તેણે જોયું તો સેક્રેટરી વિધિપુર:સર એક લાંબો ખરીતો લખી રહ્યો હતો.

'મુરખના સરદાર!' જનરલ બરાડી ઉઠયો, 'એક કાગળિયું તૈયાર કરતાં કેટલી વાર? ચાલ ઉઠ, હું જાતે લખી લઇશ!'

મહામહેનતે હસવું ખાળતો સેક્રેટરી ઓરડામાંથી બહાર નીકળ્યો, કેમકે તે જાણતો હતો કે જનરલને લખતાં નથી આવડતું.

પણ એક મિનિટમાં તો ખેપીઓ ખરીતો લઈ રવાના થયો અને ઝપાટાબંધ મદદ આવી પહોંચી!

જનરલે એ ખરીતામાં શું લખ્યું હતું? માત્ર પોતાનું નામ 'જૉન' અને તેને ચોમેર ઘેરી વળેલાં અસંખ્ય ટપકાં!

રમત વિરુદ્ધ ગમત

આજના સુધારાઓમાં એક ભય એ છે કે આપણે રમત અને ગમત વચ્ચેનો ભેદ ભુલી જઇ રમતને સ્થાને ગમતને સ્થાપી દઈશું. રમત અને ગમત વચ્ચે ફેર એ છે કે રમતમાં આપણે પોતે જ કંઈક કરીએ છીએ, જ્યારે ગમતમાં આપણા મનરંજન માટે બીજાં કંઇક કરે છે. આપણે ધીમેધીમે રમત છોડી ગમત તરફ—જે મનરંજન આપણી પોતાની પ્રવૃત્તિથી પેદા થવાને બહારથી મળે છે તેના તરફ—વધારે ને વધારે ઢળતા જઇએ છીએ.

માત્ર ગમત મેળવવી એ રમત નથી. રમત અને ગમત વચ્ચેનો ભેદ બરોબર સમજી લો અને પછી તમારા મનને

પુછી જુઓ કે તમે પોતે શું કરો છો? નાટકો અને સીનેમા જોવાં, ગ્રામોફોનનાં ગાયનો સાંભળવાં, મિજલસોમાં જવું, એમાં રમતનો કંઈ જ અંશ નથી. ક્રિકેટ કે ફુટબૉલની રમત જોવા જવું એમાં પણ રમત નથી. એમાં તમને ગમત આવતી હશે ખરી, પણ તેમાં તમે પોતે અક્રિય રહો છો, અને તેથી તમારામાંથી કંઇ બહાર આવતું નથી. રમતમાં તો તમે પોતે ક્રિયાવાન થાઓ છો, એટલે તેમાં તમારૂં વ્યક્તિત્વ દીપી નીકળે છે. તે તમારૂં ચેતન બહાર કાઢી તમારૂં વ્યક્તિત્વ ખીલવે છે.

જુદીજુદી જાતની રમતોમાં વિચારની સાથે ક્રિયા જોડાએલી હોય છે, અને તેથી આપણા શરીરની સાથે જ્ઞાનતંતુઓની પણ શક્તિ ખીલે છે અને વૃદ્ધિ પામે છે. એ શક્તિના ઉપયોગ માટે સારો માર્ગ ન આપવામાં આવે તો તે ખરાબ રસ્તે દોરાઈ જવાનો ભય છે.

પ્રજાપ્રજા વચ્ચે અને વર્ગવર્ગ વચ્ચે વિષમતા ટાળવાના સાધન તરીકે યુદ્ધની વૃત્તિને બદલે સારામાં સારી જો કોઈ પણ વસ્તુ મુકી શકાય એવી હોય તો તે ખરી રમત છે. જે ધુમાડાઓમાંથી કુટુમ્બકલેશ અથવા જાતિવૈર ઉત્પન્ન થાય છે તેને ખરી રમતથી માર્ગ આપી દૂર કરી શકાય છે.

જગતના ઇતિહાસ પર દૃષ્ટિ નાખતાં આપણે જોઇએ છીએ કે જે પ્રજાઓમાં મરદાનગીભરી રમતનો શોખ ખાસ કેળવાયલો હતો તે પ્રજાઓ માત્ર બળમાં જ નહિ પણ ચારિત્ર્ય અને સંયમમાં પણ સર્વને મોખરે હતી. પૂર્વના દેશો તરફ નજર કરો. જાપાનીઝ પ્રજા પોતાના માત્ર ત્રણ હજાર માઇલના ઘેરાવામાં સ્વરાજ ભોગવે છે. હાર શું એનો તેમણે અનુભવ કર્યો નથી. પરદેશી અમલ નીચે તેઓ આવ્યા નથી. સૈકાઓથી તેઓ સંયમની કળા શીખ્યા છે અને જેનો જગતમાં જોટો નથી તેવી મરદાનગીની રમતમાંથી તેઓ સ્વાર્પણનો પાઠ પણ ભણી ચુકયા છે. આ રમતમાં તેઓને શિક્ષણ મળે છે કે, કદી નકામી તલવાર ખેંચવી નહિ, અને તલવાર ખેંચવાનો પ્રસંગ આવે ત્યારે પછી મારવું કે મરવું એ સિવાય ત્રીજો માર્ગ નથી. આ જાપાની પ્રજાની સ્પષ્ટ સ્થિતિ છે. આનું કારણ એ છે કે તે રમતની શોખીન પ્રજા છે.

તમે ખુશી પડે ત્યાં ફરો અને ગમે તે ઇતિહાસનાં પાનાં ઉકેલો, પણ બધે તમને એમ જ દેખાશે કે જે પ્રજાઓ રમવાનું ભુલી ગઈ છે તે પ્રજાઓ બધી નબળી, રડતીસુરત, કજીઆખોર હોય છે. અને વ્યક્તિઓનું પણ તેમ જ છે. ખરેખર આ જમાનામાં સર્વથી મહત્ત્વનો સવાલ હોય તો તે વધારે ફુરસદનો વખત કેમ મેળવવો એ નથી, પણ જે ફુરસદ આપણને મળે છે તેનો સર્વથી સારો ઉપયોગ કેમ કરવો એ છે. અને તેનો જવાબ 'ખરી રમતનાં ગુંથાઓ' એ છે.

(પ્રસ્થાન) હરિલાલ મા. ભટ્ટ

હિંદનો જાપાન પર ઉપકાર

પ્રમાણભૂત જાપાની ઇતિહાસોમાં નોંધાયું છે કે એ દેશમાં પહેલવહેલાં કપાસના બી હિંદથી જ ગયાં હતાં, અને પુરાણા કાળમાં જાપાન તથા હિંદ વચ્ચેના આંતરવ્યવહારનું એક સાધન કપાસ હતું. ઇ. સ. ૭૯૯ના જુલાઇ માસમાં જાપાનના મીકવા પ્રાંતના કિનારે એક હિંદી ધોવાઈ આવ્યો. એ વીસેક વર્ષનો હતો. એની બોલી સમજાતી નહિ. પાછળથી એ જાપાનીમાં બોલવા લાગ્યો. હિંદ દેશના વતની તરીકે એણે પોતાની ઓળખ આપી. એ એકતારો બજાવતો ને સંગીતમાં સૌને મુગ્ધ કરતો. એની મત્તામાં માત્ર કપાસનાં બી હતાં. એણે પોતાની એ મીલકત કાઢી નાખી, અને નારામાં ઘર બાંધી મુસાફરોને સગવડ આપવાનું કામ કરવા માંડયું એ પછી આમી પ્રાંતના કાકુબુજી મંદિરમાં એણે નિવાસ કર્યો. (યંગ ઇસ્ટ)

એ જુવાન

ગઇ શિવરાત્રીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ ટંકારામાં એમનો શતાબ્દિ જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. એ મહોત્સવમાં એક પુરુષ એવો હતો કે જેના ચહેરા ઉપર નિર્દોષતા અને આનંદના બસ ફુવારા ઉડતા. છતાં યે, એની સાથે વાત કરો અગર એનું વ્યાખ્યાન સાંભળો તો જણાય કે એના અંતરમાં કોઇ કારમી વેદનાની આગ બળી રહી હતી. એનું સ્થૂલ શરીર નાનકડું હતું; પણ એની અંદર કોઇ પહાડી આત્મા વસી રહ્યો હોય એવું ભાન એની કથની સાંભળી થયા વિના રહે નહિ. ઉમરમાં માત્ર જુવાનિયો હતો, પણ ભલભલા પ્રૌઢ મરદોને શોભાવે એવું સુંદર કાર્ય એણે પોતાને ખાતે જમા કરાવ્યું છે. એ પુરુષ તે વડોદરાના પ્રખ્યાત તત્ત્વચિંતક અંત્યજોદ્ધારક માસ્તર આત્મારામજીના ચિરંજીવી ડાકટર આનંદપ્રિયજી. એમણે શુદ્ધિ સંબંધમાં જે વ્યાખ્યાન સભામંડપમાં આપ્યું તે સાંભળીને નામર્દને પણ પાનો ચડે, અંધશ્રદ્ધાળુને પણ આંખો આવે એવું તેજસ્વી, હકિકતવાળું, કમકમાટી ઉત્પન્ન કરાવે એવું તે હતું. મલબારના બે લાખ અદ્દશ્યોની તેણે વાત કરી. મલબારના અદ્દશ્યો કોઇ ઢેડ ભંગીઓ નથી. તેમાંથી તો હાઇકોર્ટના જજો, વકીલો ને સ્કુલમાસ્તરોના થોકેથોક નીકળ્યા છે; અંગ્રેજી ભાષાના પંડિતો પાકયા છે. પણ બ્રાહ્મણ ચાલતો હોય તેનાથી ચાળીસ ફુટના અંતરમાં આ લોકો આવી ન શકે એવી ત્યાં રૂઢિ છે! સ્પર્શ કરવાની તો વાતજ શી? પણ હિંદુ—આ કેળવાએલા હિંદુ તેમની નજદીક આવી ન શકે. તેમના ઉપરના આ જુલમે એમને એટલા રોષમાં લાવી મુકયા કે કાં તો તે બધા આજે મુસલમાન હોત અને કાં તો ખ્રીસ્તી થઈ ગયા હોત. આનંદપ્રિયજી ત્યાં બે માસ રખડી આવ્યા; આપણા બ્રાહ્મણોને પગે પડયા; તેમની પાસે રડી પડયા; હિંદુ ધર્મની વ્હારે આવવા આજીજીઓ કરી અને છેલ્લે અદ્દશ્યોને આર્યસમાજમાં

લેવાની પદ્ધતિ જે સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીએ નક્કી કરી છે તેનો પ્રચાર કરી તે બે લાખ મનુષ્યોને હિંદુ ધર્મનો ત્યાગ કરતા અટકાવ્યા. એ બધું કામ એ પચીસ વર્ષના જુવાનના હિસાબે છે. એ જુવાનીને આપણા સૌનાં વંદન હો ! (સૌરાષ્ટ્ર)

છત્રીઓ બંધ કરો

ન્યૂઝીલૅન્ડના કોઈ વિજ્ઞાનવેત્તાએ એક એવું રસાયણ શોધી કાઢ્યું છે કે જે ગમે તે જાતના કાપડ પર લગાડીને તેને વણભીંજ (વૉટર પ્રુફ) બનાવી શકાય. ઉન, રેશમ, શણ—ગમે તે કાપડ પર તે લગાડીને તેનાં કપડાં પહેરી, તમે ગમે તેવા સખત વરસાદમાં ફર્યા કરો. તમે આબાદ કોરા ઘેર આવવાના !

ત્યારે બીચારી છત્રીઓનું આવી બન્યું કે શું ? અત્યાર સુધી મોભાદાર સાથી તરીકે, રક્ષક અને મિત્ર તરીકે જ્યાં ને ત્યાં વફાદારીથી સાથે ફરનાર એ પ્રિય વસ્તુને ટપોટપ બંધ કરીને ઘરને ખુણે મુકી દેવાનો વખત આવશે શું ?

કાચના કટકા પાછળ

દુનિયાનો વ્યવહાર ખરેખર ઘણો વિચિત્ર છે. ઇન્ડસ્ટ્રીઅલ ઍન્ડ ટ્રેડ રિવ્યુ ફૉર એશિયામાં જણાવ્યું છે કે કાચની હલકી—સસ્તી ચીજો, બનાવટી જવાહીરો જે યૂરોપમાં જૅબલૉન્ઝ વેરને નામે ઓળખાય છે તે માટે ૨૫૦ ટન જેટલો ઑર્ડર હિંદથી ગયો છે ! પૈસાની આ બરબાદી કોણ અટકાવે ? મોટાઓના ઘરોમાં કાચની સળીઓ કીડિયાં અને મણકાના પડદાઓ પાછળ કાંઇ થોડા પૈસા ખર્ચાય છે ? કહે છે કે દર મહીને ૨,૦૦૦ ટન માલ આવે છે અને તેની કીંમત ૪,૦૦,૦૦,૦૦૦ ઝેક ક્રાઉન એટલે ૨,૫૦,૦૦૦ પૌંડ, એટલે આશરે ૩૩,૨૨,૧૨૫ રૂપિયા થાય છે ! હિંદમાં વરસ દહાડે લગભગ કરોડ રૂપિયા કાચ અને પથરાના કટકા પાછળ ખર્ચાય ! ! ! મનુષ્યજાતિની શરીરની શોભા વધારવાની તૃષ્ણા કેવી વિચક્ષણ છે ! (ગુજરાતી)

કાચની બંગડીઓ, હીરા, લોલક, કીડિયાં, આદિ પાછળનો ખર્ચ આ થયો. હલકી ધાતુઓની વસ્તુઓ માટે શું જ પુછવું ? જર્મન અને જાપાની રમકડાંઓ પાછળ કેટલો ખર્ચ ! બૈરાંઓ અને છોકરાંઓના આનંદ પાછળ કેટલો ખર્ચ ! સોના-ચાંદીનો તો કાંઇક બદલો પણ મળે, પણ આ બંગડીઓ, રમકડાંઓ વગેરે પાછળ ખર્ચ્યાથી લાભ શો ? હિંદમાં શું કાચનો ઉદ્યોગ ન વધારી શકાય ? રમકડાંઓ ન બનાવાય ? બંગડીઓ ન બનાવાય ? સીસાનાં અને અન્ય હલકી ધાતુઓનાં રમકડાં ન બનાવાય ?

આ દુનિયાના વ્યવહારનો, માણસજાતિના જીવનનો હેતુ કાંઈ સમજાતો નથી. કાચનો કટકો કાને લટકાવ્યો, કાચના સફેદ, કાળા, પીળા, લાલ મણકાની માળા ગળામાં પહેરી, હાથે પીળી ધાતુની સોનાની કે પિત્તળની બંગડીઓ પહેરી, લાભ શો ? શું એ ન પહેરીએ તો જીવ નીકળી જાય ? ના. જીવતને માટે એ કશાં ખપનાં નથી. પણ માણસ એ વસ્તુની માલીકીમાં મોટાઇ માને છે, અભિમાની બને છે. તેને તેમાં સુખ ભાસે છે. માણસોએ એ પદાર્થોને મેળવવાયોગ્ય મિલકતનું રૂપ આપ્યું છે ! (ગુજરાતી)


એક વિચિત્ર નગર


કૅલિફૉર્નિયાના લૉસ ઍન્જેલિસ નગરથી થોડે દૂર હોલિવૂડ નામનું એક નગર આવેલું છે. એ નગરમાં જેટલાં માણસો છે તે બધાં ચિત્રપટ (સીનેમેટોગ્રાફ) બનાવવાના ધંધામાં જ ભળેલાં છે! ચિત્રપટ સિવાય આ નગરમાં બીજું કંઇ કામ થતું નથી. જો કોઇ નવો માણસ આ શહેરમાં જાય તો આશ્ચર્યથી પાગલ થઇ જાય. તે જ્યાં જુએ ત્યાં તેને વિચિત્ર દૃશ્ય દેખાય. ક્યાંક મારપીટ થઈ રહી હોય, ક્યાંક કોઇને નદીમાં ફેંકી દેવામાં આવતું હોય, ક્યાંક કોઇ સ્ત્રીને બદમાશો જોરજુલમથી ઉપાડી જતા હોય, ક્યાંક પીસ્તોલો ચાલી રહી હોય, ક્યાંક પોલિસો દોડી રહ્યા હોય, તો ક્યાંક મકાન બળી રહ્યું હોય! આ બધાં કામો માત્ર ચિત્રપટ બનાવવા માટે જ થતાં હોય. અને તે કરનારા બધા ઍક્ટરો. સવારના જે જગ્યાએ એક આલીશાન મહેલ હોય ત્યાં સાંજના જેલખાનું બનેલું જોવામાં આવે ! મતલબમાં આ આખું નગર એક સ્ટુડિયો જેવું જ લાગે !

આ નગરની વસ્તી ૭૦ હજારની છે. આ ૭૦ હજાર માણસોમાંનો એકેએક માણસ ચિત્રપટના ધંધાનો અંગભુત જ હોય છે. આ નગરમાં અનેક સ્ટુડિયો છે, પરંતુ એમાં સૌથી મોટો સ્ટુડિયો 'યૂનિવર્સલ સિટી' છે, આ સ્ટુડિયો ૮૫૦ એકર ભૂમિ ઉપર બનાવેલો છે. તેને બનાવવા માટે લગભગ બે કરોડ રૂપિયા ખર્ચાયા છે, અને તેમાં સીનેમા ફિલ્મ બનાવવાની બધી આવસ્યક સામગ્રી છે. આ નગરમાં જે સૌથી મોટું ચિત્રપટ બન્યું છે તેનું નામ 'ઇનટૉલરન્સ' (અસહિષ્ણુતા.) આ ચિત્રપટ બનાવનારનું નામ મિ. ડબ્લ્યુ ગ્રિફિથ છે અને તેમાં ૬૦ હજાર સ્ત્રીપુરુષો. અને બાળકોને ઉતાર્યાં છે. તે બનાવવા માટે એક કરોડ રૂપિયા ખર્ચ થયો છે. તેને માટે જોઇતાં ભવન—જેવાં કે બેબિલોનનો કિલ્લો, બેલશાઝરનો મહેલ વગેરે બનાવવા માટે ૧૫ લાખ રૂપિયા ખર્ચ થયો હતો. ૫૦૦ કારીગરોએ એક વર્ષમાં આ બધાં ભવનો તૈયાર કર્યાં હતાં. ઍક્ટરોના પોશાક માટે ૨૦ લાખ ગજ કપડું લાગ્યું હતું. લશ્કરોને માટે અસ્ત્રશસ્ત્ર બનાવવા સારૂ એક જુદું કારખાનું જ ખોલવામાં આવ્યું હતું. ચાળીસ હજાર તો નકલી દાઢીમુછો અને માથાની વિગો કામમાં આવી હતી ! મિ. ગ્રિફિથે અમેરિકામાં જેટલી દાઢીમુછો મળી તેટલી ખરીદી લીધી હતી અને જેટલી ઘટી તે યૂરોપથી મંગાવી હતી ! તે ખરીદવામાં અઢી લાખ રૂપિયા ખર્ચ થયા હતા. આટલું ખર્ચ હોવા છતાં પણ આ ચિત્રપટે અત્યાર સુધીમાં એક કરોડ કરતાં પણ વધારેની કમાણી કરીઆપી છે !

ઘડિયાળ કેમ ચાલે છે ?

આપણે બધા જાણીએ છીએ કે ઘડિયાળ કમાનથી ચાલે છે. પણ આપણે ચાવી દઇએ કે તરત કમાન સપાટાબંધ ન ઉખળી જતાં ઘડિયાળને ૨૪ કલાક સુધી એકસરખા ધીમેધીમે ચાલતી કેવી રીતે રાખે છે તેનું કારણ બહુ થોડા જાણે છે. આ સાથેનાં ચિત્રોમાં તે બતાવ્યું છે.






ચિત્ર ૧ : મોગરો ફેરવતાંની સાથે જ આપણે ઘડિયાળમાં તેને ચલાવનારી શક્તિનો સંચાર કરીએ છીએ. મોગરો ફેરવવાથી, નાનાં નાનાં કેટલાં યે ચક્કરોની મદદ વડે, ઉપલા ચિત્રમાં ડાબી બાજુએ બતાવેલી કમાનનું સજ્જડ ગુંચળું વળી જાય છે. આ એની શક્તિનો સંગ્રહ થયો.

ચિત્ર ૨ : આપણે ચાવી દેવી બંધ કરીએ કે તરત કમાન ઉખળવા માંડે છે. તેની સાથે તેનું ઘરૂં પણ ફરે છે. તે ઘરાના દાંતા અનેક ચક્કરોના દાંતા સાથે ભરાએલા હોય છે. તેથી તેના એકના ફરવાની સાથે બધાં ચક્કરો ચિત્રમાં બતાવેલી જુદીજુદી ગતિએ ફરવા માંડે છે. અને આ રીતે યંત્ર ગતિમાં આવે છે.

ચિત્ર ૩ : આ ચક્કરોમાંના ચોથા ચક્કરથી જે ચક્કર ચાલે છે તેને એસ્કેપ વ્હીલ કહે છે. એ વ્હીલને પૅલેટ અને લિવર નામના ચતુરાઈ-ભરેલા સાંચાકામ વડે એક રોલરની સાથે જોડેલું હોય છે. એ રોલર, જે ધરી ઉપર બૅલેન્સ વ્હીલ અને બાલકમાન ફરતાં હોય છે તે જ ધરી ઉપર ફરતો હોય છે.

ચિત્ર ૪ : મોટા ઘડિયાળનું લોલક જેવી રીતે ચાલે છે તેવી જ ઢબે આ ઘડિયાળનું બૅલેન્સ વ્હીલ અને બાલ ચાલે છે, અને આ રીતે તેઓ ઘડિયાળની કમાનને ઝપાટાબંધ ઉખળી જતી અટકાવીને તેને ધીમી ગતિમાં ઉખળવા દેવાનું કામ કરે છે.



ચિત્ર ૫ : બૅલેન્સ વ્હીલ અને લિવર અહીં મોટા રૂપમાં બતાવ્યાં છે. બીજા ચિત્રમાં બતાવ્યા મુજબ, ચોથા ચક્કરથી ચાલતું એસ્કેપ વ્હીલ અહીં ડાબી બાજુએ બતાવ્યું છે. તેના દાંતામાં લિવરમાંથી લંબાતા બે પૅલેટ (પકડ) ભરાએલા છે. લિવરનો બે પાંખિયાવાળો બીજો છેડો, જમણી બાજુના મોટા બૅલેન્સ વ્હીલની નીચેના રોલર તળે આવેલી રયુબી પિન સાથે જોડાએલો હોય છે. ફરતી વખતે એસ્કેપ વ્હીલ એક પૅલેટ ઉપર દબાણ કરે છે જેને લીધે લિવર આગળ ધકેલાઇને તેનો છેડો

રચુબી પિન ઉપર દબાણ લાવી રોલર અને તેની ઉપરના બૅલેન્સ વ્હીલને જરાક ગતિ આપે છે. આને લીધે બાલકમાન જરા વીંટળાય છે; પણ તે તરત છુટી થાય છે. અને બૅલેન્સ વ્હીલ તથા રોલરને વિરુદ્ધ દિશામાં ગતિ આપે છે. આથી લિવર પાછું ધકેલાય છે અને તેના પૅલેટ જે એસ્કેપ વ્હીલની ગતિને રોકતા હતા તે છુટા થાય છે. આને લીધે એસ્કેપ વ્હીલ એક દાંતા જેટલું ફરે છે. ત્યાં તો પાછા લિવરના પૅલેટ તેના દાંતામાં ભરાઈ જઇ તેને પકડે છે. વળી પાછું તે વ્હીલ દબાણ કરે છે. આ ક્રિયા આમ સતત ચાલુ રહે છે અને કમાનની ઉખળવાની ક્રિયા અમુક ધીમી ગતિએ ચાલ્યા કરે છે.

ચિત્ર ૬ : બાજુથી જોતાં ઘડિયાળનું યંત્ર કેવું દેખાય તેનું આ મોટું સ્વરૂપ છે. તે ઉપરથી કલાકનો કાંટો, મિનિટનો કાંટો અને સેકન્ડનો કાંટો કેવી રીતે સંકળાએલા છે અને ચક્કરો વડે તેઓ કેમ વધતીઓછી ગતિએ ચાલે છે તેની ખબર પડે છે.

નવો શોધાએલો અદ્‌ભુત ધોધ

કેઈપ ઑફ ગુડ હોપથી નીકળી આખા આફ્રિકા ખંડ સોંસરી કૅરો સુધી માત્ર મોટરમાં જ મુસાફરી કરવા નીકળેલી એક ટુકડીમાંના મિ. જેમ્સ સ્કૉટબ્રાઉન નામના માણસે આ ફોટોગ્રાફ પાડેલો. એ ટુકડીમાં પાંચ માણસો હતાં. તેમને ખુબ હેરાનગતી ભોગવવી પડેલી. એક જણ ચીત્તાના પંજાનો ભોગ થઇ પડ્યો, બીજો માંદો પડ્યો અને ત્રીજાને પાછો બોલાવી લેવામાં આવ્યો. છતાં સ્કૉટબ્રાઉન અને બીજો એક માણસ મક્કમ રહ્યા અને કાર્ય પુરું કર્યું. સ્કૉટબ્રાઉનને પણ લડાઈ દરમ્યાન અઢી વર્ષ સુધી જર્મનોના કેદી તરીકે રહેવું પડ્યું. દરમ્યાન તેની તબીઅત લથડી ગઈ અને ૧૯૨૫ના સપ્ટેમ્બરની ચોથી તારીખે તે ગુજરી ગયો. તેનાં કાગળિયાં-માંથી નીચેની નોંધ હાથ લાગી છે:

કલામ્બોનો આ ધોધ આ દુનિયાનો સૌથી અદ્‌ભુત ધોધ છે. બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા અને ર્‌હોડેશિયાને જુદા પાડતી કલામ્બો નદી અહીં ૧૨૦૦ ફુટ ઉંચા ખડક પરથી પડે છે. જગતનો વિખ્યાત નાયાગરાનો ધોધ માત્ર ૧૬૫ ફુટ અને વિક્ટોરિયાનો ધોધ ૪૨૦ ફુટ ઉંચા છે. આ ધોધના તળિયાથી નીચાણમાં ૪૦૦ વાર દૂર ૨૦૦ ફુટ ઉંચો એક બીજો ધોધ છે. પણ એ નીચલા ધોધનાં તળિયા સુધી તો કોઈ પહોંચી શક્યું નથી. કહેવાય છે કે આ ધોધને પહેલીવાર જોઇને ત્યાંના એક દેશી રાજાએ કહેલું કે ‘જે કોઇ માણસ આમાં પડતું મુકે તેના છોકરાને મારું અરધું રાજ્ય આપું.’ એક સ્ત્રીએ બીડું ઝડપ્યું અને ઝંપલાવ્યું; પણ રાજાએ વચન પાળ્યું નહિ. અહીં અંગ્રેજી રાજ્યની સ્થાપના થઈ તે પહેલાં જોડકાં છોકરાં જન્મે તેમાંથી એકનો આ ધોધને ભોગ દેવાનો અહીંના દેશીઓમાં રીવાજ હતો.

ધોધ ડુંગરની બખોલમાંથી નીકળી આવે છે અને સતત



પડ્યા કરે છે. તેની બંને બાજુએ સીધા ખડક ઉભા છે. તળિયા આગળથી જોતાં ઉકળતા ઘડામાંથી પ્રવાહી રૂપે પાણી વહી જતું હોય નહિ તેમ લાગે છે. કુદરતની કૃતિમાં આનાથી વધારે ભવ્ય દર્શનની કલ્પના થતી નથી.’

વિલાયતનું ‘ભૂગોળ’ વિષયક માસિક જણાવે છે કે આ ધોધની માહીતી જાહેર દુનિયાને આ પહેલવહેલી જ મળે છે. હજી સુધી તે નકશા પર ચડ્યો નથી.

ચાર માઇલ ઉંચે મેં શું જોયું ?

માઉન્ટ લોગન અમેરિકામાં કૅનેડાનું ઉંચામાં ઉંચું શિખર

છે. તેનો પાર પામવાને ગઈ સાલ આઠ માણસોની ટુકડી ૨૦૦૦૦ ફીટ સુધી પહોંચી હતી. તે ટુકડીમાંનો એક કૅપ્ટન મૅકકાર્થી પોતાના અનુભવ નીચે પ્રમાણે વર્ણવે છે.

'ખુલ્લા રહેવાની અસરથી અને ખુબ ઉંચાઇને લીધે અમારા મગજની તુલા બરાબર રહી નહિ. તેથી અમને લાગ્યું કે અમે ક્રીડાના સુંદર દર અને અમારી આસપાસ ઉંચા ખડક ઉપર બાંધેલા સુખી ખેડુત કુટુંબનાં નિવાસસ્થાનો જોઇએ છીએ. પણ હાંસી થવાની અને 'ભાઇ સાહેબ થાકયા છે' એ મહેણું સાંભળવાની બીકે કોઇ બોલતું નહિ. બધાના મનમાં એમ પણ ખરૂં કે હમણાં બીજાના જોવામાં આવશે, તે બોલશે, પછી બધા ત્યાં જઈશું અને ગરમી મેળવીશું. આ અદ્ભુત આરોહણની અજાયબીમાં વળી એક મેઘધનુષ્ય જોવામાં આવ્યું.'

સૌથી ઉંચા શિખરે પહોંચ્યા પહેલાં તેઓને એક ભારે સાહસનો પ્રસંગ આવ્યો. કેટલાય વારના અંતર સુધી તેઓને છરી જેવી ધારવાળી બરફની હાર ઉપર પેટે ચાલવું પડયું. તેની બન્ને બાજુ સંકડો ઉંચા સીધા કરાડા હતા.

એકાએક આ પુરી થતાં બરફની સપાટ ત્રિકોણાકાર સપાટ જમીન આવી. તેનાથી સાઠ ફીટ જ છેટે હતો માઉન્ટ લોગન જેનાં માનવીને આજે પહેલી જ વાર દર્શન થયાં,

આ સપાટ જમીન ઉપર આવતાં એક વધુ નવાઇ જોવામાં આવી. મેં એક નાનું મેઘધનુષ્ય અને તેની વચમાં મોટું સ્વરૂપ પામેલો આબાદ મારો ફોટોગ્રાફ જોયાં. અમારામાંથી બીજાનાં ભેજાં ઠેકાણે ન હતાં તે હું જાણતો હતો. તેમજ મારૂં હોયની એમ ધારી હું ચુપ રહ્યો. સામા પવને પણ હું બરફને પકડી રહ્યો. અને બીજાને આવતાં જોવા લાગ્યો તેઓ ઉપર આવ્યા ત્યારે મને તેમનો દરેકનો ચહેરો ભયભીત લાગ્યો. મારી જેમ તેઓ પણ પોતે જે જોયું તે કહેતાં ડરતા હતા. છેવટે હું હીંમત રાખીને બોલ્યો, 'સામેના મેઘધનુષ્યમાં હું જે જોઉં છું તે તમે જુઓ છો?' બધાએ હા પાડી. કર્નલ ફૉસ્ટરે તો કહ્યું કે ત્યાં આબરો ભૂત છે.

'મોડી સાંજે ધુમસવાળાં વાદળાં ઉપર થઇને સફર કરતાં વૈમાનિકોને જે ભૂત જેવું જોવામાં આવે છે તે વાદળાની કોર ઉપર સાંજના સૂર્યથી ફેંકાયેલો જોનારનો જ પડછાયો છે, અથવા કોઇવાર હવામાંના બરફનાં રજકણોથી પ્રતિબિંબિત આકૃતિ હોય છે.'

ચીનનાં અજબ પ્રાણીઓ

ચીનના દક્ષિણ પ્રાંતોમાં વિચિત્ર પ્રકારનાં પ્રાણીઓ હોવાનું જણાયું છે. શોધખોળ કરનારાઓ તેમાં ખુબ રસ લેવા લાગ્યા છે.

આ શોધમાં ખાસ નવાઈ જેવી વાત તો કુતરા જેવા મોંના આદમીઓ છે! આ જાતિ દેશના ઉંડા ભાગોમાં વસતી હોય એમ વિદ્વાનોનું માનવું છે. તેમને આખે શરીરે વાળ ઉગે છે, ઝાડોમાં જ તેઓ રહે છે અને તદ્દન જનાવર જેવી હાલતમાં હોય છે.

બીજી વાત આસમાની રંગના વાઘની છે! આ પ્રાણીને વાઘ જેવા પટા નથી હોતા પણ ભુરા રંગની રૂંવાટી હોય છે. એક શોધકે જણાવ્યું છે કે આ પ્રાણીએ એક માસમાં ૬૦ માણસો ફાડી ખાધાં! એક શોધક ડૉ. કાલ્ડવેલની નજરે રીંછ જેવડું ઘોરખોદું નજરે પડયું છે!

આ બધી વાત પરથી શોધકો માને છે કે કથાઓમાં આવતાં અસલી જાતનાં માણસો અને પ્રાણીઓ ચીનનાં જંગલોમાંથી જ મળી આવશે. અનેક વર્ષોથી ચીનાઓ માને છે કે તેમના દેશમાં મગર—સાપો (ડ્રૅગન્સ) અને ઉડતા સાપો છે, પણ તેમની આ વાતને હાલની દુનિયા હસી કાઢે છે.

કાટ

સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે પાણીમાં પડેલી લોખંડની ચીજને કાટ ચડે છે. પણ આ સમજમાં થોડો ફેર છે. જુઓ: કાચની એક નળી (ટૅસ્ટ-ટ્યુબ)માં થોડું પાણી ભરી તેને થોડી મિનિટ ઉકળવા દો. પછી તેમાં લોઢાની કંઇ ચીજ (ખીલી કે ટાંક કે ગમે તે) નાખીને સખત બુચ મારી દો. ઘણા દિવસો પછી કાઢીને જોશો તોપણ તેના પર તમને કાટ માલુમ નહિ પડે. કારણ એ કે પાણીને ઉકાળવાથી તેની અંદરનો હવાઇ ઑક્સિજન ગરમ થઇને ઉડી ગયો. હવાનો ઑક્સિજન પાણીની મારફત ધાતુને અડે ત્યારે જ કાટ ઉત્પન્ન થાય છે. કાટ એટલે ઑકસાઇડ ઑફ આયર્ન.